लवाજમ : ૧૦ વર્ષ, રૂ. ૧૦૦૦/- છૂટક નકલ રૂ. ૨૦/-

સદ્‌વિદ્યા

વાર્ષિક સેવાકાર્ય વિશેષાંક

સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૨૫

વર્ષ : ૭૪

અંક : ૯-૧૦

।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

નૂતન વર્ષાભિનંદન

વિક્રમ સંવત્ ૨૦૮૨, કારતક સુદ - ૧, બુધવાર
૨૨ ઓક્ટોબર, ૨૦૨૫

શ્રીજી મહારાજના આજ્ઞાપાલક સર્વે ભક્તજનો, સંસ્થાને વિશે નિષ્ઠાવાન સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈઓ, સદ્‌વિદ્યાના સર્વે માનવંતા ગ્રાહકો, વાચકો, શુભેચ્છકોને રાજકોટ ગુરુકુલથી સાધુ દેવકૃષ્ણદાસ સ્વામી તથા સર્વે સંતમંડળના હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

આ નૂતન વર્ષ આપને બળ, બુદ્ધિ, આયુષ્ય અને સુખ સમૃદ્ધિ વધારનારું બની રહો એવી અત્રે પ્રગટ બિરાજીત શ્રી ઘનશ્યામ મહારાજને અમે અંતરથી પ્રાર્થના કરીએ છીએ.

આપણું આ મનુષ્યજીવન આપણને અને બીજાને ધન્ય કરનારું બને તો જ આપણે જીવનમાં સફળ થયા કહેવાય. આપણે કેવળ જગતમાં મેળવેલી કે મળેલી સફળતાથી સંતોષ માનવો નહીં. બાહ્ય સંપત્તિની દોડમાં પ્રભુ પ્રસાદીરૂપ આ કીમતી મનુષ્યજીવન વેડફી નાખવા જેવું નથી.

આધુનિક જગતમાં મીડિયાથી જેટલું છેટું રહેવાય એટલું જ સુખી રહેવાય એવું છે. નિયમમાં રહે છે તેના માટે ગમે તેવો કળિયુગ હશે તો પણ તે સત્યુગમાં જ રહેલો છે. શ્રીજી મહારાજના આજ્ઞા વચનો મુખ્ય રાખશે તેનો સત્સંગ રહેશે અને નિષ્ઠા પણ ટકી રહેશે તે સમજી રાખવું.

સુખસંપત્તિની છોળો વચ્ચે પણ બોટાદના શિવલાલ શેઠનું જીવન જનક રાજા જેવું નિર્લેપ હતું. ત્રણ ગામમાં ખેતી હતી છતાં પર્વતભાઈ જક્તવિરક્ત રહી શક્યા એવો આ સત્સંગનો દિવ્ય પ્રતાપ છે. વડોદરાના નાથ ભક્તની પરિસ્થિતિ સાધારણ હતી છતાં સત્સંગને મુખ્ય રાખ્યો હતો. આ બધા ભક્તોને નંદસંતોએ કીર્તનમાં કહ્યું છે તેમ જગત તૃણ તુલ્ય હતું.

તેઓ પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને માંહી ભગવાન રહ્યા છે તેમ માનતા. આપણે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે તેમ, હું આ ભગવાનનો અને ભગવાન મારા એમ જરૂર માનવું અને એનું મનનચિંતન કરવું.



આ નૂતન વર્ષની સાથે આ શિક્ષાપત્રી દ્વિશતાબ્દી વર્ષે ભગવાન શ્રીહરિની નાનીમોટી જે આજ્ઞાનો લોપ થતો હોય તેને હવે ખબડદાર થઈને પાળવાનું તાન રાખીએ બસ એ જ... અત્રેથી મહંત પુરાણી શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી, પુરાણી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી, પુરાણી ધર્મવલ્લભદાસજી સ્વામી આદિ સંતો પાર્ષદો તથા સમર્પિત ભક્તજનોના નૂતન વર્ષના જય શ્રી સ્વામિનારાયણ..

સા. દેવકૃષ્ણદાસના દંડવત
જય શ્રી સ્વામિનારાયણ

॥ प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥

સદ્. શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી સંસ્થાપિત
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનનું મુખપત્ર

સદ્વિદ્યા

વર્ષ : ૭૪, અંક : ૯/૧૦, સપ્ટેમ્બર/ઓક્ટોબર-૨૦૨૫
ભાદરવો-આસો, સંવત્ ૨૦૮૧

સંસ્થાપક
પરમપૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

સંવાહક
પરમપૂજ્ય ગુરુવર્ય મહંત સ્વામી
શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી

अनुक्रमणिका

૧	શાસ્ત્રીજી મહારાજનો પત્ર	: સંકલિત	૪
૨	નૂતન વર્ષનું શુભ ચિંતન	: સદ્. શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી	૫
૩	અમૃતનું આચમન	: સદ્. શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી	૬
૪	અંતરને અજવાળવું એજ...	: સદ્. શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી	૭
૫	જીવનરૂપ પંચામૃત	: સાધુ શાંતિપ્રિયદાસજી સ્વામી	૮
૬	દીપોત્સવનું રહસ્ય	: સાધુ રસિકવલ્લભદાસજી સ્વામી	૧૦
૭	સેવાકાર્યોનો વાર્ષિક અહેવાલ (વિવિધ સેવા પ્રવૃત્તિઓ - આરોગ્ય સેવા - કથાપારાયણ - વ્યાખ્યાન માળા - વિવિધ યજ્ઞયાગ - ભજનભક્તિ - અખંડધૂન - શાકોત્સવ - સાહિત્ય પ્રકાશન - સત્સંગ શિબિર - આપત્કાલીન સેવા વગેરે)	: પ્રકાશન સમિતિ	૧૧
૮	નૂતન સેવા સોપાન-ગૌરવ	: ગોરધનભાઈ સખિયા	૨૩
૯	સેવા સરવૈયું	: મનીષભાઈ ચાંગેલા	૩૨
૧૦	સંસ્થા સમાચાર	: સંકલિત	૩૩

પ્રકાશન તથા પત્રવ્યવહાર સંપર્ક

સદ્વિદ્યા કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ઢેબર રોડ, રાજકોટ-૨
૯૯૨૫૫ ૦૦૨૫૩/૯૯૭૯૮ ૫૯૮૭૧
sadvidya@sgrs.org

હે મહારાજ! નૂતન વર્ષની અમારી લાગણી અને માગણી !

હે શ્રીહરિ! આપ જ આ સૃષ્ટિના કર્તાહર્તા અને ધર્તા
અને કારણ રૂપ છો એવો મને આપનો નિર્વિકલ્પ નિશ્ચય થજો!
મને આપના સ્વરૂપની દૃઢ એકાંતિકી ભક્તિ થજો!
હે શ્રીજી મહારાજ! મને આપના દાસનો દાસ કરીને રાખજો!
હે મહારાજ! આપ જ મારું જીવન થજો !
હે મહારાજ! આપે જ મને આ મનુષ્યદેહ આપ્યો!
હે મહારાજ! આપે જ મને સારો સંસ્કારી માનવ બનાવ્યો!
હે મહારાજ ! આપ મારી વિપરીત દેશકાળ થકી રક્ષા કરો છો!
હે મહારાજ! આપ મને નિત્ય જ્ઞાનથી અપડેટ કરતા રહો છો!
હે મહારાજ! આપે જ મને મનન કરવા મન આપ્યું છે!
હે મહારાજ! આપે જ મને ચિંતવન કરવા ચિત્ત આપ્યું છે ..
હે મહારાજ! આપે જ મને નિશ્ચય કરવા બુદ્ધિ આપી છે ..
હે મહારાજ! આપે જ મને દાસપણું રાખવા અહંકાર આપ્યો છે
હે મહારાજ! આપે જ મને સ્પર્શ કરવા ત્વચા આપી છે...
હે મહારાજ! આપે જ મને પુષ્પ સૂંઘવા નાક આપ્યું છે...
હે મહારાજ! આપે જ મને કથા સાંભળવા કાન આપ્યા છે...
હે મહારાજ! આપે જ મને દર્શન કરવા નેત્રો આપ્યાં છે...
હે મહારાજ! આપે જ મને પ્રસાદનો રસ લેવા રસના આપી છે
હે મહારાજ! આપે જ મને ગુણગાન ગાવા વાણી આપી છે...
હે મહારાજ! આપે જ મને વંદન કરવા હાથ આપ્યા છે...
હે મહારાજ! આપે જ મને દંડવત્ કરવા પગ આપ્યા છે...

– તંત્રી, સહતંત્રીના જય શ્રીસ્વામિનારાયણ

પ્રકાશક	: શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન
આદ્યતંત્રી	: શ્રી ત્રિભુવનભાઈ ગૌરીશંકર વ્યાસ
તંત્રી	: સાધુ રસિકવલ્લભદાસજી સ્વામી
સહતંત્રી	: શ્રી રમણીકભાઈ રૂપારેલિયા
સંપાદક	: પાર્ષદ શ્રી વશરામ ભગત
વ્યવસ્થાપક	: શ્રી ગોરધનભાઈ જી. સખિયા તથા શ્રી મનીષભાઈ જે. ચાંગેલા

લવાજમ દેશમાં
૧૦ વર્ષ : ₹ ૧૦૦૦/-
૫ વર્ષ : ₹ ૫૦૦/-
૧ વર્ષ : ₹ ૧૦૦/-

લવાજમ વિદેશમાં
વાર્ષિક : ૨૦/-
પંચ વાર્ષિક : ૯૦/-

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો પ્રેરણાદાયી પત્ર

સંકલન : પ. ભ. શ્રી રણછોડભાઈ અકબરી

ખંડાલાથી લી. શાસ્ત્રી ધર્મજીવનદાસના ઘણા હેતથી જય શ્રી સ્વામિનારાયણ સાથ શુભાશીર્વાદ વાંચજો.

વિશેષ લખવાનું જે તમો બધા સુખેથી શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે વરતીને ભજનસ્મરણ કરતા હશો. તમારી ચિઠ્ઠી વાંચી રાજી થયો છું. અત્યારે લગભગ તમે બધા વ્યવસ્થાપકો દૈવી આત્મા છો, ભગવાનના ખપવાળા છો. પૂર્વના કોઈ સંસ્કારે તમે આ ગુરુકુલમાં ભણવા આવ્યા પછી આ ગુરુકુલની સેવામાં રોકાવાનું થયું. સેવા પણ કરો છો. આ સેવાનો મહિમા સમજશો. ઉપલક સ્વાર્થ અથવા મનુષ્યભાવ ન લાવવો. આવી સંસ્થામાં અનેક જન્મના પુણ્ય હોય તેને જ આ સેવાનો લાભ મળે છે.

આ સંસ્થામાં જે સંતોભક્તો સેવા આપી રહ્યા છે તેને સામાન્ય મનુષ્ય ન જાણવા. આ સંસ્થા અનેક આત્માઓને મોક્ષપથના દૈવી સંસ્કારો આપે છે. કોઈ પાસેથી ભવિષ્યમાં કોઈને અંગત સ્વાર્થ નથી. આટલા સંતો જુવાની ઉંમરમાં સ્વાર્થ છોડી, ગુરુ આજ્ઞામાં વર્તી, જીવનભર એક શ્રીજીને રાજી કરવા તન, મન અને ઇન્દ્રિયોના તથા જગતના ખોટા ડોળ છોડી કેવળ પ્રભુપરાયણ વર્તે છે. તેવા સંતો આ સંપ્રદાયમાં અને ખાસ તો અહીં જોવા મળે છે; જગતમાં પણ ભાગ્યે જ હોય, તેમની સાથે વસવામાં દેહભાવથી જો અવગુણ આવે તો આપણા જીવનું નિશ્ચિત અકલ્યાણ થાય.

મેં તમારા ઉપર ઘણો વિશ્વાસ ધર્યો છે જેથી વિદ્યાલયની સેવા તમને સોંપી છે. તે સેવા જગતની નિશાળો જેવી ન માનશો. આ તો નિષ્કામ ભક્તિરૂપ છે. મુમુક્ષુ ભક્ત છો, ખપવાળા છો. ધારશો તો આ દેહે જ મોક્ષ મેળવી શકશો પણ આ લોકના વાતાવરણથી હંમેશા બચવા જાગતા રહેવું.

હંમેશાં વચનામૃત વાંચવું. બીજા પણ તેવા ગ્રંથોનું વાંચન સમય મળ્યે આપણા જ કલ્યાણને અર્થે કરવું. જીવન શિક્ષાપત્રી પ્રમાણે જીવવા પ્રયત્ન કરવો. દિનપ્રતિદિન ભગવાન ને ભગવાનના ભક્તો, સંતોનો મહિમા સમજવો. અવગુણ આવવા દેવો નહીં. ભેગા રહીએ એટલે મનુષ્યભાવ રહે, જેથી ગુણ અવગુણ આવ્યા કરે તે મનુષ્યભાવ ટાળતા શીખવું. એમ સત્સંગનો દૃઢ પાયો કરવો.

અમો તો કેવળ નિષ્કામભાવે અનેક જીવોના કલ્યાણ અર્થે આ સંસ્થા સ્થાપી છે. તે એ યજ્ઞવેદિકા છે. તેમાં જે ભાગ્યશાળી આત્માઓ જેટલી સેવારૂપ આહૂતિ આપશે તેટલી ઈશ્વરની પૂજા ગણાશે. તમો બધા સેવા આપનાર જુવાની ઉંમરવાળા છો. તમને ધન્યવાદ છે. જગતના ભાવોને દબાવીને સેવા આપો છો. હવે આપણે પોતાને ખબડદાર રહેવું કે ભગવાનના ભક્તોનો અવગુણ ન આવે અને આપણો મોક્ષ ન બગડે એમ જ જોવાનું છે.

આ મનુષ્યદેહ, જુવાની ભાવ કોઈનો કાયમ રહ્યો નથી. તે તો વાદળની છાંયડી જેવો છે, વયા જતા વાર લાગતી નથી. તે જુવાનીમાં જ મનનું ધાર્યું મૂકી સંતોનું કહ્યું કરતાં શીખવું, જેથી આ લોક – પરલોક આપણા સુધરે. તમે ડાહ્યા છો. મને હેત છે, જેથી બે શબ્દો ઉપદેશ તરીકે લખ્યા છે. હું હવે જિંદગીને છેળે પહોંચ્યો છું. આ લોક, ભોગ તે અમારા મનમાં તે કાંઈ હિસાબનું નથી. એક ભગવાન રાજી થાય તેમ કરીએ છીએ. વ્યવહાર પ્રમાણે બધાનું ધાર્યું ન થાય, પરંતુ કોઈનું બૂરું અમે ઈચ્છતા નથી. ઊંડાણથી જોશે તેને અમારી ક્રિયામાં ગુણ આવશે. ઉપલક સ્વાર્થ બુદ્ધિવાળાને ભક્તો – સંતોની ક્રિયામાં ગુણઅવગુણ આવ્યા કરે છે. તમારે બધાને તે જોતા રહેવું, ગુણગ્રાહી થાવું. આવા પવિત્ર સંતોના મધ્યમાં તમને બધાને વસવાનું મળ્યું છે તે તમારા બધાના અહોભાગ્ય છે. ભાગ્યશાળીને આ વાત સમજાય છે. માટે મનમાં અહોપણું સમજીને આનંદથી સેવા કરવી. આ ગુરુકુલ એ જીવનઘડતરની પાઠશાળા છે, તેમાં જેટલું ઘડતર થશે તેટલું મોટા થયા પછી કામ લાગશે.

એ જ... શાસ્ત્રી ધર્મજીવનદાસના ઘણા હેતથી જય શ્રી સ્વામિનારાયણ સાથ શુભાશીર્વાદ..

નૂતન વર્ષનું શુભ ચિંતન

સદ્‌ગુરુ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી

સતત સારી રીતે સરકતો રહે તેનું નામ સંસાર. આ સંસારની બધી વસ્તુ સરકતી રહે છે, હજુ સુધી કોઈ વસ્તુ કોઈના હાથમાં કાયમ રહી નથી. વસ્તુને નિર્માણ કરનાર જ રહેતા નથી તો વસ્તુ ક્યાંથી રહેશે ? આયુષ્ય, બળ, બુદ્ધિ, વિદ્યા, કુટુંબ પરિવારના સભ્યો અને તેની સાથેના સંબંધો, માલમિલકત, સત્તા, સંપત્તિ, સુંદરતા - આ બધું સતત સરકતું રહે છે. એક વસ્તુ હાથમાં આવે ને થોડી વાર રહે, ના રહે ત્યાં બીજી વસ્તુ આવે અને જતી રહે છે.

આધુનિક ટેકનોલોજી પણ સતત બદલાતી રહે છે. ક્યારે, કયાં, કઈ વસ્તુ અપડેટ અને આઉટડેટ થઈ જાય તેની કાંઈ ખબર પડે નહીં. સંસારની કોઈ વસ્તુ શાશ્વત નથી, તો તેનાથી શાશ્વત સુખ પામી જ કેવી રીતે શકાય ?

સંતોએ તેના માટે કીર્તનમાં કહ્યું છે,

નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવુંજી ;

જીવન એ જીવવાની કળા છે, તે જીવી જવા કે નિરર્થક સમય પસાર કરવા માટે નથી! બધું કીમતી છે પણ જીવન સાબૂત હશે તો! જીવનથી મોટી બીજી કોઈ ઉપલબ્ધિ નથી.

ઈશ્વરની કૃપાથી જ સર્વાંગે સંપૂર્ણ આવું મનુષ્યતન મળે છે. તેને નજીવી બાબતોમાં વેડફી નાખવું એ આપણી અણસમજ છે. ભગવાને શરીરની સાથે બુદ્ધિ આપી છે તેનાથી પોતે પોતાનો વિચાર કરવાનો છે. હું કોણ? ને મારું કોણ? શું કરું છું? ને શું કરવા આવ્યો છું? હું ક્યાં ઊભો છું? ને મારે ક્યાં જવાનું છે? તેના માટે કેટલું કર્યું ? અને કેટલું બાકી છે ? તે જીવનના નામાનો તપાસ કરવો.

દરેકનો નિભાવ ઈશ્વર કોઈને કોઈ રીતે કરે જ છે, તેમ આપણા શરીરનો નિભાવ પણ રોજબરોજની રીતે થયા કરે છે. પ્રારબ્ધ પ્રમાણે સુખદુઃખ કે સાધન સગવડતા વધતી ઓછી હોય શકે, પણ નિભાવ તો ઈશ્વર કરે જ છે.

ભગવાનની એ કૃપાને યાદ કરતા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, ભગવાન ભૂખ્યા ઊઠાડે છે પણ ભૂખ્યા સુવાડતો નથી, જેણે દાંત આપ્યા છે એ જ ચાવવાનું આપશે; ચાવવાની વ્યવસ્થા પણ એ જ કરે છે અને કરશે, કીડીને કણ ને હાથીને મણ એ ચારો આપી જ દે છે. આમ જોઈએ તો આ સૃષ્ટિમાં દરેક જીવ જન્મે તેની સાથે તેની બધી વ્યવસ્થા ભગવાન કરે છે, તે રૂપી પ્રભુકૃપા સૌ ઉપર વરસતી જ રહે છે.

એ દયાળુ પ્રભુની કૃપાને દરરોજ ઊઠીને યાદ કરવી જોઈએ, હૃદયથી તેનો આભાર માનવો જોઈએ, કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ. તેની સાથે કૃતઘ્ની ન બનતા આપણી ઉપર જેના જેના ઉપકારો છે, તે બધાને નૂતન વર્ષે આપણે યાદ કરીને તેમનો આભાર માનવો જોઈએ. તેમાં પ્રથમ તો માતા-પિતા વડીલો હોય, ગુરુજનો-શિક્ષકો હોય બધાને યાદ કરીને આ શુભ કાળે તેમજ આપણો જન્મ દિવસ હોય ત્યારે જરૂર યાદ કરવા જોઈએ, યથાશક્તિ ભેટસોગાદ આપવી જોઈએ. સ્કૂલના પટાવાળા હોય કે આપણને કપડાં સીવી આપ્યા હોય, જૂના જમાનામાં તો બૂટચંપલ બનાવી આપ્યા હોય તેને પણ યાદ કરતા. આપણા એક આ માનવજીવન ઉપર ઘણા બધાના ઉપકારો રહેલા છે.

જીવનમાં સદાય સુખી થવા માટે શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે તેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવાનની ભક્તિ એ ચાર વાનાં અવશ્ય હોવા જોઈએ. તેમાં જેટલી કસર હશે એટલી નડતી રહેશે. જોકે એમાંથી પણ આપણે બોધપાઠ લેતા રહેવાનો છે ને આગળ વધવાનું છે.

ધર્મ : એક માણસ તરીકે આપણો પોતાનો સ્વધર્મ હોવો જોઈએ, પોતાના વર્ણ અને આશ્રમનું ગૌરવ હોવું જોઈએ કે મારાથી આ થાય અને આ ન થાય. પોતાની નાત, કુટુંબ, પરિવાર અને માતા-પિતાનું ગૌરવ હરહંમેશ જાળવીએ અને વધારીએ. આપણા આહારવિહાર આપણા ધર્મને અનુસાર હોવા જોઈએ, એ સ્વધર્મનું હંમેશા પાલન કરીએ.

જ્ઞાન : અત્યારે જ્ઞાનવિજ્ઞાનનો જમાનો છે, ડિજિટલ યુગ ચાલી રહ્યો છે. બધા પાસે સ્માર્ટ ફોન છે, બધા પાસે પૈસા

કમાવાનું, વ્યવહાર સાચવવાનું જ્ઞાન છે, પણ આ બધું શેના માટે? શા માટે છે? તેનું જ્ઞાન બહુ ઓછાને હોય છે. મર્યા પછી મારું શું? એનું ચિંતન પોતે કરે તો જ થાય. પોતાના સ્વરૂપનું જ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તે માણસ હોવા છતાં શાસ્ત્ર દૃષ્ટિએ પશુ તુલ્ય છે! પોતાના આત્માનું અને પરમાત્માનું જ્ઞાન એ મુખ્ય છે. બીજું બધું જ્ઞાન જીવનનિર્વાહ માટે છે, જ્યારે આત્માપરમાત્માનું જ્ઞાન મોક્ષ માટે છે. તેનાથી જ મુક્તિ સંભવે છે, માટે વ્યવહારિક જ્ઞાન સાથે આત્મા-પરમાત્માના જ્ઞાનનો અભ્યાસ કરતા રહેવાનો છે.

વૈરાગ્ય : જીવનમાં આપણા આચાર, વ્યવહાર, આશ્રમ, જાતી વિરુદ્ધના જે ભોગ-વિલાસ, વિષય - વાસના છે તેમાંથી પ્રીતિ તોડીને આપણા ધર્મ અને આપણા ન્યાય નીતિયુક્ત કર્મમાં જ પ્રીતિ રાખવી.

સંત તુલસીદાસજી મહારાજ કહે છે,

પરધન પથ્થર જાણીએ, પરનારી માત સમાન;
ઇતને સે હરિ ન મિલે, તો તુલસીદાસ જમાન,

તે માટે તો ભગવાન શ્રીહરિએ ગૃહસ્થને એકાંત સ્થળને વિશે આપત્કાળ વિના મા, બહેન અને દીકરી સંગાથે પણ ન રહેવું એમ આજ્ઞા કરી છે. તેમાં બંનેના ધર્મની રક્ષા છે.

ભક્તિ : આપણા જે ઇષ્ટદેવ હોય, જેનો આપણે આશરો કર્યો હોય તેના સ્વરૂપમાં આપણા ચિત્તની દૃઢતા એ જ ભક્તિ છે. તેની આજ્ઞા હંમેશાં પાળવી અને તેની અંતરથી ઉપાસના રાખવી, એક્તા સાધી રાખવી એ ભક્તિ છે. ઇષ્ટદેવ પ્રત્યેની આવી અનન્ય ભક્તિ છે એ જ આપણા સુખનું સાધન છે. તેના દિવ્યમાનુષી ચરિત્રોમાં આપણને સંશય ન થાય એવો તેના સ્વરૂપનો દૃઢ વિશ્વાસ કરીએ તો જ આપણી ભક્તિ અખંડ જળવાઈ રહે.

આ સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારેય મૂલ્યો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની સાથે જ સેવા, સત્સંગ, ભજનભક્તિ કરીને સિદ્ધ કરવાના છે.

આવી વાતોની મન, કર્મ, વચને દૃઢતા કરતા રહીએ તો આ મનુષ્યજીવન આપણા માટે ભવસાગર તરવાની નાવ સમાન છે. નાવ હંમેશાં તરવા અને તારવા માટે સર્જાયેલી છે તેમ મનુષ્યદેહ પણ આ ભવસાગર તરવા માટે જ છે.

અમૃતનું આચમન

* સારું વિચારો, સારું બોલો અને સારું કરો કારણ કે બધું તમારી પાસે પાછું આવે છે.
* સારું હૃદય અને સાચી લાગણી બન્ને જીવનમાં જરૂરી છે... સારું હૃદય સંબંધ બનાવે છે અને સાચી લાગણી સંબંધ નિભાવે છે.
* જે સારું હોય એને સ્વીકારો, ખરાબ લાગે તેને ત્યજી દો, પછી ભલે તે વિચાર હોય, ક્રિયા હોય કે વ્યક્તિ હોય.
* ગીતામાં લખ્યું છે કે, જો તમને કોઈ સારું લાગે છે તો, સારું તે નહીં; પરંતુ તમે સારા છો કારણ કે તેમનામાં સારું જોવાની નજર તમારામાં છે.
* જે સારા હોય છે એને પ્રમાણપત્રની જરૂર નથી હોતી, ફૂલને સુગંધ પ્રસરાવવા માટે પવનને લાંચ આપતા જોયા ક્યારેય!
* સારાં કપડાં પહેરવાથી સારા નથી બની જવાતું, સારા થવા માટે વિચાર, વર્તન અને વ્યવહાર સારો હોવો જોઈએ.
* જે ઉપરથી કડવા લાગે એ અંદરથી સારા હોય, પછી એ લીમડાનું પાંદડું હોય કે કોઈ વ્યક્તિ.
* અસફળ માણસો પાસે બેસો, કારણ કે એમની પાસે અહંકાર નહીં પણ અનુભવ હોય છે.
* અનુભવ જ શીખવે છે કે જિંદગી કેમ જીવાય, બાકી ઊંચું ભણેલા લોકો પણ રખડે છે.
* મુશ્કેલીઓ સામે લડ્યા પછી જે અનુભવ મળે છે, એ દુનિયાની કોઈપણ સ્કૂલમાં શીખવી શકાતો નથી.
* ઉંમર દરરોજ જૂની થતી જાય છે અને અનુભવ દરરોજ નવો થતો જાય છે.
* કડવા અનુભવોથી જે શીખવા મળે ને, એ કોઈ પુસ્તક ન શીખવી શકે, ન કોઈ વ્યક્તિ સમજાવી શકે. જીવનમાં સૌથી મોટો ગુરુ પરિસ્થિતિ જ હોય છે.
* જે અનુભવમાં તમને ડરનો સામનો કરવો પડે તે જ અનુભવ તમારી શક્તિ, ધીરજ અને આત્મવિશ્વાસ વધારે છે.
* જેઓ છીનવીને ખાય છે તે ક્યારેક તૃપ્તિ અનુભવે છે, પરંતુ જે વહેંચીને ખાય તેને કાયમ તૃપ્તિનો અનુભવ થાય છે.
* 'તાપણા' અને 'આપણા'ની સાચી અનુભૂતિ મેળવવી હોય તો, બહુ નજીક પણ ના રહેવું અને બહુ દૂર પણ ના રહેવું.

અંતરના સ્વભાવ ટાળવા એ જ સાચી દિવાળી

સદ્‌ગુરુ શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી

સંવત્ ૧૮૭૭માં શ્રીજી મહારાજે કારિયાણીમાં દિવાળીનો ઉત્સવ કરેલો. આ ઉત્સવમાં દીવ બંદરથી આવેલા પ્રેમી હરિભક્ત પ્રેમબાઈ મહારાજ માટે પૂજા લાવ્યા હતા. તેમની પ્રાર્થનાથી મહારાજ સિંહાસન ઉપરથી ઊતરીને તેમની પાસે જઈ તેમની પૂજા અંગીકાર કરી. પ્રેમબાઈ ઉપર મહારાજનો અત્યંત રાજીપો જોઈને મુક્તાનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો 'હે મહારાજ! ભગવાન પોતાના ભક્ત ઉપર ક્યા ગુણે કરીને રાજી થતા હશે ?'

ત્યારે મહારાજે ઉત્તર કર્યો કે ''જે ભક્તજન કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા અને મત્સર એટલાં વાનાંએ રહિત થઈને ભગવાનની ભક્તિ કરે તેની ઉપર ભગવાન રાજી થાય છે.'' તેમાં પણ મત્સરનો ત્યાગ કરીને ભગવાનની ભક્તિ કરે તેના ઉપર ભગવાન વિશેષ રાજી થાય છે એવું મહારાજે કહ્યું. મત્સરને સર્વે વિકાર માત્રનો આધાર કહ્યો છે. માટે મત્સર તે સર્વ વિકારથી ઝીણો છે અને ટળવો પણ ઘણો કઠણ છે. એટલે વ્યાસ ભગવાને શ્રીમદ્ ભાગવતમાં નિર્મત્સર એવા જે સંત તેમને જ ભાગવતધર્મના અધિકારી કહ્યા છે.

તે મત્સર કોને કહેવાય?

વચનામૃતમાં કહ્યું બીજાનું સારું થતું જુએ ત્યારે પોતાના હૃદયમાં બળતરા થાય તેને મત્સર કહેવામાં આવે છે. મહારાજ કહે છે કે કોઈ લે અને કોઈક દે તો પણ મત્સરવાળો હોય તે ઠાલો ઠાલો વચમાં બળી મરે.

આપણા વતી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને મત્સર ટાળવાનો ઉપાય પૂછ્યો ત્યારે મહારાજે કહ્યું, ''જે સંતને માર્ગે ચાલે અને જે સંત હોય તેનો મત્સર ટળે.''

ઘણા ઉપવાસ કરવાથી કે કડક નિયમોનું પાલન કરવાથી મત્સર દૂર થતો નથી. તેને ટાળવા માટે હૃદયને વિશાળ બનાવવું પડે છે. મત્સર એ હૃદયની સંકુચિત ભાવનાની પેદાશ છે. પ્રગતિ તો મારી જ થવી જોઈએ. કદાચ બીજાની પ્રગતિ થાય તો પણ મારા જેટલી તો ન જ થવી જોઈએ. આવી સંકુચિત ભાવના એ મત્સરનું કારણ છે. પોતાનાથી બીજાની પ્રગતિ વધારે થાય ત્યારે તેને હૃદયમાં અત્યંત પીડા અને બળતરા થાય છે. માટે મોટું મન રાખીને બીજાના ઉત્કર્ષમાં હૃદયથી રાજી થવા સિવાય મત્સરને ટાળવાનો બીજો કોઈ ઉપાય નથી. મહારાજે સંતને માર્ગે ચાલે તેનો મત્સર ટળે એવું કહ્યું તેનો અર્થ જ એ થાય. સંત છે તે હંમેશાં બીજાનું સારું ઈચ્છે અને બીજાનું સારું જોઈને રાજી થાય.

મુક્તાનંદ સ્વામીએ મત્સર ઉપજવાનું કારણ પૂછ્યું ત્યારે મહારાજે કહ્યું, ''સ્ત્રી, ધન અને સારું સારું ભોજન એ ત્રણ મત્સરના હેતુ છે. જેને એ ત્રણ વાનાં ન હોય તેને માન છે તે મત્સરનો હેતુ છે.'' આ ચારેય મત્સર થવાનાં કેન્દ્રો છે. દરેક વ્યક્તિ પોતાની યોગ્યતાનો વિચાર કર્યા વિના આ ચારેય શ્રેષ્ઠ વાનાં મારી પાસે જ હોવા જોઈએ એવું ધારીને બેસે છે એટલે ઝઘડા થાય છે. રૂપવાન સ્ત્રીઓ માટે થયેલા મોટાં મોટાં યુદ્ધોથી આખો ઈતિહાસ ભર્યો છે. તેવું જ ધન, ભોજન અને માનનું છે. આ ચારની કોઈને તૃપ્તિ થઈ નથી અને થવાની પણ નથી. આ ચાર વાનાંની ઈચ્છાનો ત્યાગ કરે ત્યારે જ મત્સર દૂર થઈ શકે.

છેલ્લે મહારાજે પોતાનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું કે 'અમારા હૃદયમાં કયારેય આવા અંતઃશત્રુઓનો લેશ આવતો નથી. હૃદયમાં કયારેય પંચવિષયની ઈચ્છા ઉદ્‌ભવતી નથી. અમે જે કાંઈ ગ્રહણ કરીએ છીએ તે ભક્તની ભક્તિને દેખીને કરીએ છીએ. અમારી તમામ દૈહિક ક્રિયાઓ પણ સંત અને સત્સંગીને અર્થે છે. અમે આ દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીને અર્થે જ રાખીએ છીએ.'

આપણા ઈષ્ટદેવનાં આ વચનોને હૃદયમાં ધારી તેમના અનુયાયી તરીકે આપણે પણ એમ જ વર્તવું ઘટે છે. નવા વર્ષના નવલા પ્રભાતે શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના કે મહારાજને ન ગમે તેવા આપણા સ્વભાવ ટાળીને મહારાજ અને સંતો-હરિભક્તો રાજી થાય એવું આપણું જીવન બને.

નૂતન વર્ષનું પંચામૃત

સાધુ શાંતિપ્રિયદાસજી સ્વામી

પ્રાતઃપૂજા | યોગાસન | શાસ્ત્રવાચન | કથાશ્રવણ | ઘરસભા

નવા વર્ષનો પહેલો દિવસ માત્ર કેલેન્ડર બદલવાનો દિવસ નથી; પરંતુ પોતાના જીવનને નવી દિશા આપવાનો શુભ કાળ છે. નવા વર્ષની શરૂઆત વહેલી સવારના જેવી ઉત્સાહ અને તાજગી આપનારી હોય છે. મન પ્રફુલ્લિત હોય છે, ગયા વર્ષમાં થયેલી ભૂલોને સુધારી કંઈક નવું કરી છૂટવાનો મનમાં ઉત્સાહ હોય છે. આપણે મનના આ સાત્ત્વિક ઉત્સાહનો લાભ લઈ લેવો જોઈએ.

ઉત્સાહ અને ઉમંગથી ભરાયેલા આ વાતાવરણમાં બધા લોકો નવા વર્ષ માટે નવા શુભ સંકલ્પો કરતા હોય છે. કોઈ વજન ઘટાડવાનો, કોઈ આર્થિક બચત કરવાનો કે કોઈ નવા કલા-કૌશલ્ય શીખવાનો. આ બધા જ ધ્યેય પ્રશંસનીય છે; પરંતુ તેની સાથે સાથે આપણે આપણા અધ્યાત્મજીવનને આગળ વધારે એવા થોડા શુભ ધ્યેયો પણ બાંધવા જોઈએ. આ લોકની સાથે પરલોક સુધરે તેવું પણ કરવું જોઈએ.

આધ્યાત્મિક ધ્યેય એટલે શું? આપણે ભગવાનથી નજીક થઈએ, મહારાજ સાથેનું આપણું જોડાણ સુદૃઢ બને, પૂજ્ય ગુરુમહારાજ, પૂજ્ય મહંતસ્વામી આદિ સદ્‌ગુરુ સંતો આપણા ઉપર રાજી થાય એવું જીવન બનાવવાનું લક્ષ્ય નક્કી કરવું તેને આધ્યાત્મિક ધ્યેય કહેવાય. ભૌતિક જીવનની ભાગદોડ વચ્ચે રોજબરોજની ઘટમાળમાં આપણે એટલા બધા ઓતપ્રોત થઇ જઈએ છીએ કે પ્રાયોરીટી-અગ્રતાક્રમ આપવામાં થાપ ખાઈ જઈએ છે. જે વધારે ફાયદો કરાવનાર ધ્યેય હોય તેને ભૂલી જઈએ છીએ યા તેને ગણતરીમાં લેતા નથી. આધ્યાત્મિક ધ્યેય જીવનમાં સુકાનનું કામ કરે છે. જેમ સુકાન વહાણને યોગ્ય દિશા આપે છે તેવી રીતે આધ્યાત્મિક ધ્યેય જીવનને યોગ્ય દિશા આપે છે.

આપણે આપણી કારકિર્દી, પરિવાર, સામાજિક જવાબદારીઓ અને મોજ-શોખ માટે સમયનું ઝીણવટપૂર્વક

> **“ આધ્યાત્મિક ધ્યેય એટલે શું? તો આપણે ભગવાનથી નજીક થઈએ, મહારાજ સાથેનું આપણું જોડાણ સુદૃઢ બને, પૂજ્ય ગુરુમહારાજ, પૂજ્ય મહંતસ્વામી આદિ સદ્‌ગુરુ સંતો આપણા ઉપર રાજી થાય એવું જીવન બનાવવાનું લક્ષ્ય નક્કી કરવું તેને આધ્યાત્મિક ધ્યેય કહેવાય.**

આયોજન કરીએ છીએ. આપણું કેલેન્ડર અનેક સામાજિક, વ્યાવહારિક પ્રવૃત્તિઓથી ભરેલું રાખીયે છીએ તેવી જ રીતે આ વર્ષે આપણા આત્મકલ્યાણ માટે પણ થોડું વિશિષ્ટ આયોજન કરીએ. ‘ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો’ જેવું ન થાય તેની કાળજી રાખીયે. આપણે બીજા બધા માટે સમય આપીયે પણ આપણા પોતાના માટે જ નહિ? તો અંતે નુકશાની કોને થશે?

પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીના શિષ્ય છીએ ત્યારે આપણું જીવન એવું આદર્શ હોવું જોઈએ જેનાથી આપણા ગુરુમહારાજની આબરૂ વધે. આ નૂતન વર્ષે આપણે સરળતાથી ભગવાનને માર્ગે થોડા આગળ વધી શકીએ તેના માટે નાનકડું લક્ષ્ય અહીં આપ્યું છે. જો ન કરતા હો તો નવી શરૂઆત કરીએ. આમાંની ઘણી બાબત જો કરતા જ હો તો તેને આ નવા વર્ષે વધારે નિયમિત કરવાનું ધ્યેય બાંધીયે!

પંચામૃત દૈનિક આધ્યાત્મિક સાધના :
(કુલ સમય ૧ કલાક ૪૫ મિનિટ)

તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી થોડો સમય કાઢીને નીચેની પાંચ પ્રવૃત્તિઓને જીવનનું અંગ બનાવી દો. પ્રારંભમાં થોડું અઘરું લાગશે; પરંતુ એકવાર રોજિંદા કાર્યક્રમમાં બેસી જશે પછી તે કર્યા વગર બેચેની અનુભવાશે. સમયના આ નાનકડા રોકાણથી આપણી આવતા વર્ષની દિવાળી કંઈક અનોખી જ ઉજવાશે. આપણે જીવનમાં ઉત્સાહ, ઉમંગ સાથે શાંતિ અને ભક્તિથી ભરાઈ જશું

પ્રાતઃપૂજા (૩૦ મિનિટ)

સર્વ સુખના ધામ એવા શ્રીજી મહારાજના દિવ્ય સંબંધ સાથે દિવસની શરૂઆત થાય તેના જેવું ઉત્તમ શું હોય? એકાગ્રતાથી થયેલી ૩૦ મિનિટની પૂજા આપણા આખા દિવસને ધન્ય ધન્ય કરી દેશે.

યોગાસન અને કસરત (૨૦ મિનિટ)

શાસ્ત્રોમાં લખ્યું છે 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' શરીર નીરોગી અને સ્વસ્થ હશે તો લૌકિક કે પારલૌકિક કાર્યો સારી રીતે કરી શકાશે. દરરોજ ૨૦ મિનિટ નિયમથી યોગાસન અને કસરત જરૂરી જ નહિ, અનિવાર્ય છે.

શાસ્ત્રવાચન (૧૫ મિનિટ)

સદ્ગ્રંથોનું વાચન એ જીવનો ખોરાક છે. વચનામૃત, નિષ્કુળાનંદકાવ્ય, સ્વામીની વાતો કે અન્ય નંદસંતોની વાતો આપણને મહારાજના મૂળભૂત સિદ્ધાંતો સમજાવશે.

નિત્ય પ્રાતઃ કથાનું ઓનલાઈન કે ઓફલાઈન શ્રવણ

પૂજ્ય મહંતસ્વામી આદિ સંતોની કથા આપણી અધ્યાત્મ ભૂખ ઉઘાડશે, મહારાજના મિશન માટે કંઈક કરી છૂટવાનું ઝનૂન જગાડશે અને સંપ્રદાયના મૂળ શાસ્ત્રોનાં રહસ્યો સમજાવશે.

ઘરસભા (૨૫ મિનિટ)

દરરોજ રાત્રે પરિવારજનો (ઘરના સભ્યો) ભેગા મળીને ઘરસભા કરવાથી પરિવારમાં સંપ, સુહૃદભાવ અને ભક્તિ વધશે. ૨૫ મિનિટની આ ઘરસભા આપણા ઘરને મંદિર બનાવી દેશે.

સમય વ્યવસ્થાપનનો એક સુંદર સુમેળ

આ પોણા બે કલાકના નિયમમાં પણ તમે વધુ સ્માર્ટ બનીને ૧૫ મિનિટ બચાવી શકો છો. તમે યોગાસન અને કસરત કરતી વખતે સાથે જ પૂજ્ય મહંતસ્વામી આદિક સંતોની કથાનું શ્રવણ પણ કરી શકો છો. આનાથી તન અને મનની સાધના એક સાથે થઈ જશે અને તમારું પંચામૃત ભોજન દોઢ કલાકમાં જ પૂર્ણ થઈ જશે. તો ચાલો, આ નવા વર્ષે લૌકિક ધ્યેયો સાથે પંચામૃતનો આ સંકલ્પ પણ જોડીને પૂજ્ય ગુરુમહારાજના રાજીપાના અધિકારી બનીએ.

પંચામૃતના આ સંકલ્પને દૃઢ રાખવા આટલું કરો

તમને જે નાના-મોટા સંતો સાથે હેત હોય તેમને આજે જ ફોન કરીને તેમની પાસે નવા વર્ષનું આ નિયમ લેજો અને દર અઠવાડિયે એકવાર ફોન કરીને તમારી પ્રગતિ અને નિયમિતતાની વાત કરજો. કદાચ તમે ઢીલા પડો તો સંતો તમને યાદી આપશે. સાથે સાથે તમારી સાથે હેતવાળા બે-પાંચ ભક્તોને પણ તમારા આ ધ્યેયની વાત કરી તેમને પણ આ નિયમમાં જોડજો. સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે ને કે 'બે સારા સાધુ અને ચાર સારા સત્સંગી સાથે જીવ બાંધવો તો સત્સંગમાંથી પડાય નહિ.'

પંચામૃત ભોજન ઓનલાઈન પ્રાપ્ત કરવા નીચેના QR Code Scan કરો

પ્રાતઃપૂજા	યોગાસન	શાસ્ત્રવાચન	કથાશ્રવણ	ઘરસભા

દીપોત્સવનું રહસ્ય

– સાધુ રસિકવલ્લભદાસજી સ્વામી

હિન્દુધર્મ સંસ્કૃતિ વિશ્વવ્યાપી બનતી જાય છે તેનું એક કારણ તેમાં આવતા ઉત્સવોની પરંપરા છે. હિન્દુ કેલેન્ડરમાં ઋષિમુનિઓએ આપેલું ધાર્મિક આધ્યાત્મિક ઉત્સવોનું વર્ષ દરમિયાનનું મોટું લીસ્ટ સમાયેલું છે. બીજા ધર્મ અને પરંપરાઓમાં ઇષ્ટદેવ તરીકે બહુધા મહાપુરુષો કે કોઈ ઓલિયાઓ જોવા મળે છે, જ્યારે હિન્દુધર્મમાં ઈષ્ટદેવ તરીકે ખુદ ભગવાન નારાયણ અને તેના અવતારોને આરાધવામાં આવે છે. આપણા ઉત્સવોની પરંપરાનો સંબંધ ભગવાનના જે તે લીલાચરિત્રો સાથે રહ્યો છે. આથી હિન્દુધર્મના ઉત્સવો શાશ્વત સુખ શાંતિ આપનારા છે. હા, એવા શ્રદ્ધા ભાવથી ઉજવવીએ તો. ઇષ્ટદેવ પ્રત્યેની ભાવભક્તિ વિના આ ઉત્સવો કેવળ ક્રિયાકલાપ બની રહે છે.

ઉત્સવ શબ્દ ઉદ્+સ્ન ધાતુ ઉપરથી બનેલો છે. તેનો અર્થ ઉર્ધ્વ જન્મ કરાવે, જીવનની ઉર્ધ્વગતિ કરાવે તેવો થાય છે. આવા દિવ્ય ઉત્સવોનું સર્જન જીવનની ઉર્ધ્વગતિ કરાવવા સારુ છે; પરંતુ કાળયોગે તેમાં ન્યૂનાધિક પરિવર્તન આવતું રહે છે. પરિણામે લોકોને ઉત્સવોની ઉજવણી સાથે તેના તત્ત્વ અને સત્ત્વ સાથે બહુ સંબંધ રહેતો નથી. પરંપરાગત રીતે ઉત્સવો આવતા રહે છે અને ઉજવાતા રહે છે ને જતા રહે છે. તેમાંથી કંઈક નવી પ્રેરણા લેનાર બહુ ઓછા હોય છે.

આ ઉત્સવોની પરંપરા એ વેદજ્ઞ ઋષિમુનિઓએ આપેલી છે. સૂર્ય ચંદ્રની ગતિને આધારે જે તે વર્ષ, મહિનો, તિથિઓ, વાર, ચોઘડિયા તથા અંશ અને કળાની ગણતરી પ્રમાણે આ ઉત્સવો નિર્ધારિત થયેલા છે. વૃષ્ટિ જેમ સજીવ સૃષ્ટિને નવ પલ્લવિત કરે છે તેમ આ ઉત્સવો એ માનવજીવનને જાણે અજાણે પણ નવ પલ્લવિત કરતા રહે છે.

માણસ જીવનમાં રોજબરોજ કર્મ તો કરતો રહે છે પણ આ ઉત્સવો તેને ધર્મપાલન કરવાની યાદી આપે છે. એમ કરતા કરતા જેના જીવનમાં કર્મ અને ધર્મ એક બની ગયા હોય તેના માટે તો જીવન એજ ઉત્સવ બની જાય છે. ધર્મ અને કર્મનો સાચો મર્મ બાહ્ય કે ઉપલક દૃષ્ટિથી સમજાતો કે હાથમાં આવતો નથી. જેના હૃદયમાં ઈશ્વર પ્રત્યેની આસ્થા હોય તે ઊંડો વિચાર કરે તો તેને થોડું ઘણું રહસ્ય હાથ આવે છે, નહીં તો ભક્ત કવિ નરસિંહ મહેતા કહે છે તેમ

ભક્તિભાવનો ભેદ ન જાણે, ને ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઈને કૂપ ખોદે રે.

બાહ્ય દેખાદેખીથી કોઈના પ્રત્યે સાચો કે ખોટો દુરાગ્રહ બાંધી ન લેતા અંતરમાં તેનો ખરો તાગ મેળવવો જોઈએ. આગળ કહ્યું તેમ આપણા ઉત્સવો સૂર્યચંદ્રની ગણના પ્રમાણે નક્કી થાય છે. આ સૂર્ય અને ચંદ્રવંશમાં ઘણા મોટા મોટા રાજાઓ થઈ ગયા છે. ભગવાનના અવતાર શ્રીરામ અને શ્રીકૃષ્ણ પણ રાજારૂપે આ પરંપરામાં જ અવતર્યા છે.

હિન્દુધર્મમાં કાળની ગણના જે વિક્રમ સંવત વર્ષથી થાય છે તે વિક્રમાદિત્ય રાજા, આદિત્ય એટલે કે સૂર્યવંશમાં ભગવાન શ્રીરામની પરંપરામાં થયેલા છે. ભગવાન શ્રીરામ જ્યારે લંકામાં રાવણનો નાશ કરી અયોધ્યા પરત આવ્યા ત્યારે અયોધ્યાવાસીઓએ ઉત્સવ ઉજવીને તેનો આનંદ મનાવ્યો તે આજે દિવાળીના રૂપમાં ઉજવાય છે.

તેનો આધ્યાત્મિક મર્મ એવો છે કે અંતરમાં રહેલો દેહાભિમાનરૂપી રાવણ બધાને નિરંતર દઝાડતો રહે છે. અહંકારરૂપી તે રાવણ ભક્તિરૂપી સીતાનું હરણ કરી જાય છે. જ્યારે ધર્મ-અધર્મરૂપી યુદ્ધમાં જીવાત્મા જ્યારે ભગવાનની કૃપાથી તે રાવણનો નાશ કરે છે ત્યારે તેના અંતરમાં પ્રકાશ થાય છે. તેમાં તેને હૃદયસિંહાસનની ગાદી ઉપર બેઠેલા ભગવાનના દર્શન થાય છે. માણસે પોતાના દોષોરૂપી રાવણનું દહન કરીને અંતરમાં રહેલા ભગવાનને પ્રગટાવવાના છે તેના પ્રતીક રૂપે દિવાળીએ દીવા પ્રગટાવાય છે અને ફટાકડા ફોડવામાં આવે છે. ફટાકડો ફૂટે છે અને પ્રકાશ પથરાય છે તે કહે છે તમારે પણ સમય ઉપર તમારું અસ્તિત્વ મિટાવીને આ જગતમાં કંઈક પ્રકાશ પાથરવાનો છે. રોકેટની જેમ જીવનની ઊંચાઈ પ્રાપ્ત કરવાની છે અને ફૂલખરણીની જેમ જીવનમાં ખીલી જવાનું છે. દશેરાનો ઉત્સવ એ આસુરી શકિત ઉપર દૈવી શક્તિના વિજયનું પ્રતીક છે.

સ્થાપના ઈ.સ. ૧૯૪૮ વસંતપંચમી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન

- સંસ્થાપક -
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

- સંવાહક -
પરમ પૂજ્ય સદ્‌ગુરુવર્ય
શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી

- વાહક -
પરમ પૂજ્ય સદ્‌ગુરુ મહંત
શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી

પરાત્પર ઈષ્ટદેવ **ભગવાન શ્રીસ્વામિનારાયણે** શિક્ષાપત્રીમાં આપેલ સંદેશ **'પૃથ્વી પર સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરવી'** તે અનુસાર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ **શ્રી ધર્મજીવનદાસજી સ્વામી**એ પ્રસ્થાપિત કરેલ **શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ સંસ્થાન** છેલ્લા ૭૭ વર્ષથી ભજન-ભક્તિ સાથે સત્સંગપ્રવર્તન, શિક્ષણ-સંસ્કાર અને સમાજસેવાનાં અનેકવિધ આયોજનો દ્વારા સત્કાર્યોની અસ્ખલિત ગંગા વહાવી રહ્યું છે. હાલમાં સંસ્થાના અધ્યક્ષ પૂજ્યપાદ ગુરુવર્ય **શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી**ની આજ્ઞાનુસાર તથા પૂજ્યપાદ મહંત **શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી**ની પ્રેરણાથી સંસ્થાના ૨૮૦ ઉપરાંત સ્ત્રી-ધનના ત્યાગી સંતપાર્ષદોના માર્ગદર્શન સાથે સમર્પિત ભક્તજનો, સંનિષ્ઠ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ભાવિક ભક્તોના નિષ્કામ સેવા-સહયોગથી ભગવાન શ્રીસ્વામિનારાયણને રાજી કરવા થઇ રહેલાં સેવાકાર્યોની ગત દિવાળી ઓક્ટોબર-૨૦૨૪ થી આ દિવાળી સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીની આછેરી ઝલક અહીં સાદર પ્રસ્તુત કરતા અમો હર્ષ અનુભવીએ છીએ. **- તંત્રીશ્રી**

ભારતના વિવિધ રાજ્યો તેમજ વિશ્વના દેશોમાં ફેલાયેલી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનની શાખાઓ

ગુજરાત

રાજકોટ, જૂનાગઢ, સુરત, નવસારી, તરવડા, નર્મદા, વડોદરા, જ્ઞાનબાગ, વિદ્યાનગર, મોરબી, ઊના, કેશોદ, ભાયાવદર, પાટડી, ભાવનગર, નિકોલ (અ'વાદ), રતનપર, જસદણ, જામનગર, સુરેન્દ્રનગર, રામપર, ત્રંબા, શાંતિગ્રામ (અ'વાદ), ભરુચ, ભચાઉ, હિંમતનગર

અન્ય રાજ્યો

વાશી(મુંબઈ), હૈદરાબાદ, બેંગ્લોર, નાગપુર, સોલાપુર, ઝેડચરલા, વિજયવાડા, ગુલબર્ગા, બીદર, રાયપુર, ચોક(મુંબઈ), સિકંદરાબાદ, મૈસૂર, બલિવરે(મુંબઈ), સૂર્યાપેટ, ભિલાઈ, NTPC લારા, દિલ્હી, તિરુપતી

વિદેશ

અમેરિકાઃ ડલાસ, ફીનિક્સ, ન્યુજર્સી, શિકાગો, આટલાન્ટા, સ્પ્રિંગફિલ્ડ, સાન એન્ટોનિયો, લોસ એન્જલસ | લંડન | કેનેડાઃ ટોરોન્ટો અને રજાઈના | ઓસ્ટ્રેલિયાઃ મેલબોર્ન | લેટિન અમેરિકાઃ સાન્તા ડોમીંગો, કોલંબિયા | યુગાન્ડાઃ જીંજા

ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટ ભાત ઉપસાવવા, સંપ્રદાયનું ગૌરવ વધારવા, શ્રીજીના મૂળભૂત સિદ્ધાંતોને જીવંત રાખવા, ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રસન્નતાર્થે, **પૂજ્યપાદ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ** સંસ્થાપિત **પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીના** માર્ગદર્શન અનુસાર ૨૮૦ ઉપરાંત નિઃસ્વાર્થી ત્યાગી સંતો-પાર્ષદોના સમર્પણભાવથી સત્સંગ તથા સમાજની સેવા બજાવતી અને સ્વામિનારાયણના નામે ચાલતી સંસ્થા એટલે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલની વિવિધ કલ્યાણકારી સેવા પ્રવૃત્તિઓ

અધ્યાત્મપોષણ

* કથાપારાયણ, વ્યાખ્યાનમાળા, સત્સંગસભા, સંત પાઠશાળા
* ઋષિકેશ સત્સંગ સાધના શિબિર
* અખંડ ધૂન, અખંડ મંત્રલેખન, જપયજ્ઞ
* આજીવન શ્રીહરિયાગ
* સ્પેશ્યલ યાત્રાટ્રેન, સત્સંગ વિદેશયાત્રા
* બ્રહ્મસત્ર, અભ્યુદયસત્ર, ભક્તિસત્ર, બ્રહ્મ મહોત્સવ, સદ્‌વિદ્યા પર્વ
* દેવસેવા, મંદિર નિર્માણ-જીર્ણોધ્ધાર
* હરિજયંતી પદયાત્રા અભિષેક
* શ્રીજી ધાર્મિક-સાહિત્ય સ્ટોર
* ચતુર્વેદ પારાયણ, સંહિતા પારાયણ

સદ્‌વિદ્યા પ્રવર્તન-સંસ્કાર સિંચન

* શાળા, છાત્રાલય તથા કોલેજ દ્વારા વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડતર
* બાળ-યુવા, મહિલા મંડળ સંચાલન
* સત્સંગ સંમેલન અને સત્સંગ શિબિર
* સાંસ્કૃતિક કાર્યક્રમ
* સાંસ્કૃતિક પ્રદર્શન
* સત્સંગ સાહિત્ય પ્રકાશન
* 'સદ્‌વિદ્યા' માસિક પ્રકાશન
* ઓડિયો વીડિયો કથા પ્રવચન પ્રકાશન
* ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ
* કોલેજીયનો માટે નિઃશુલ્ક છાત્રાલય
* 'એક બુંદ' અભિયાન દ્વારા વિદ્યાદાન

સામાજિક સેવા

* સદાચાર પ્રવર્તન
* વ્યસનમુક્તિ અભિયાન
* સદાવ્રત, અન્નક્ષેત્ર
* વૃક્ષારોપણ અભિયાન
* જળસંચય અભિયાન
* ગૌશાળા, પશુરોગ નિદાન કેમ્પ
* આપદ્‌ગ્રસ્ત સહાય
* આદિવાસી વિદ્યાર્થી ફ્રી શિક્ષણ
* સર્વરોગ નિદાન કેમ્પ
* બ્લડ ડોનેશન કેમ્પ
* રેડીમિક્સ ઈન્સ્ટન્ટ મસાલા

+ તબીબી સેવા +

* ધર્મજીવન હોસ્પિટલ
* સર્વરોગ નિદાન-વિશેષજ્ઞ સેવા
* કોસ્મેટિક અને લેસર સર્જરી
* રાહતદરે સી.ટી. સ્કેન સુવિધા
* આયુર્વેદિક, એલોપેથિક, હોમિયો., એક્યુપ્રેસર સારવાર વિભાગ
* પેથોલોજી, રેડિયોલોજી યુનિટ
* મેડિકલ સ્ટોર અને ચશ્મા ઘર
* ૧૬૦ આયુર્વેદિક ઔષધનિર્માણ
* કોરોના આપત્કાલીન સેવા
* નિઃશુલ્ક કલીનિક
* નિઃશુલ્ક મોબાઈલ કલીનીક વાન
* રક્તદાન કેમ્પ્સ
* અમરેલી : ધર્મજીવન હોસ્પિટલ
* સુરત પોલીક્લિનિક-લેબોરેટરી

રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના અવિરત ચાલતા સેવાકાર્યોનાં આ સંકલનની સેવા સદ્‌વિદ્યાના સહતંત્રી, સંપાદક તથા સહાયકો શ્રી ગોરધનભાઈ સખિયા, જયંતીભાઈ ચાંગેલા અને મનીષભાઈ ચાંગેલા તથા પીયૂષ કણસાગરા વગેરેએ શાખા સંચાલક સંતોના સાથ-સહકારથી કરી છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન સંચાલિત

સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ધર્મજીવનદાસજી હોસ્પિટલ આરોગ્યસેવા

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કરેલ રોગાર્તની સેવાના આદેશને અનુલક્ષી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૬૮માં 'સાર્વજનિક આયુર્વેદિક ઔષધાલય અને શુશ્રૂષાલય'નો પ્રારંભ કરેલ. ગુરુકુલના ઉત્સવ-પ્રસંગોમાં વિવિધ રોગોના નિદાન-સારવાર કેમ્પ્સ દ્વારા પણ આ આરોગ્યસેવાઓ શરૂ કરવામાં આવી. ૧૯૯૧માં પેથોલોજી લેબોરેટરી, ૧૯૯૩માં રેડિયોલોજી વિભાગ શરૂ થયો. ૧૯૯૭માં આંખ અને દાંતની અદ્યતન હોસ્પિટલનો શુભારંભ થયો. ૨૦૦૪માં નૂતન ધર્મજીવન હોસ્પિટલ કાર્યરત થઈ, જે અદ્યાપિપર્યંત આરોગ્ય સેવા બજાવે છે. હાલ આ વર્ષે જાન્યુઆરી-૨૦૨૫થી અમરેલી ખાતે નૂતન મલ્ટીસ્પેશ્યાલીસ્ટ સુવિધાસંપન્ન હોસ્પિટલનો શુભારંભ થયો. તે સાથે ઓક્ટોબર-૨૦૨૫થી સુરત ખાતે ધર્મજીવન પોલીક્લિનિક અને લેબોરેટરી તે સાથે આ વર્ષ દરમિયાન બન્ને હોસ્પિટલો, ફ્રી કેમ્પ્સ અને અદ્યાપિપર્યંત થયેલ મેડિકલ આરોગ્ય સેવાની વિગત આ મુજબ છે.

વિભાગ	આરંભ વર્ષ	આરંભથી કુલ દર્દીઓની સેવા	૨૦૨૪-૨૫ દર્દી સેવા	અમરેલી નૂતન હોસ્પિ.
લેબોરેટરી	૧૯૯૧	૫૮૧૪૬૭	૧૫૭૨૧	૪૩૦૦
સોનો.-એક્સ-રે	૧૯૯૩	૭૫૧૪૨૬	૧૫૨૫૮	૧૫૦૦
આંખ ઓપીડી	૧૯૯૭	૧૨૫૯૪૩૦	૫૦૫૧૬	----
આંખ ઓપરેશન	૧૯૯૭	૧૧૦૬૨૬	૪૫૧૭	----
દાંત	૧૯૯૭	૩૫૫૪૮૨	૧૧૮૧૯	૧૪૦૦
ફીઝીયોથેરાપી	૨૦૦૪	૧૦૩૭૫૬	૪૦૭૫	----
સીટી સ્કેન	૨૦૧૮	૦૨૬૫૭૯	૬૨૮	----
જનરલ ફીઝીશ્યન	૧૯૯૧	૨૩૩૨૫૦	૪૨૧૯	૪૦૦૦
આયુર્વેદિક	૧૯૬૮	૦૪૦૭૧૫	----	----
ઓર્થોપેડીક	૧૯૯૧	૧૧૦૦૮૦	૪૪૧૮	૩૦૦૦
કાન,નાક,ગળા	૧૯૯૧	૬૮૯૦૭	૨૧૮૯	----
ચામડીનાં દર્દો	૧૯૯૧	૧૧૯૧૪૦	૪૨૭૫	----
બાળરોગ	૧૯૯૧	૧૨૮૨૦	૯૪	૧૦૦૦
જનરલ સર્જન	૧૯૯૧	૧૭૩૧૯	૧૨૮	૧૧૦૦
સ્ત્રી રોગ	૧૯૯૧	૧૦૨૨૦	૬૩	૭૦૦
		૩૮૦૧૨૧૭	૧૧૭૯૨૦	૧૭૦૦૦

જૂના વિભાગો દ્વારા ૨,૩૩,૨૨૩ દર્દીઓની સેવા. અમરેલી હોસ્પિટલ કેમ્પ દ્વારા દર્દીઓની સંખ્યા - ૧૪૦૦ આમ હોસ્પિટલના કાયમી અને ઓનરરી વિભાગ દ્વારા ૪૦,૫૨,૮૪૦ દર્દીઓની રાહતદરે કે નિઃશુલ્ક સેવા થઈ છે.

ક્રમ	કેમ્પ સંખ્યા	નામ	દર્દીઓ
૧	૮૦ + ૧૪	સર્વરોગ	૪૭૨૧૦+૧૨૮૦૮+૧૪૦૦
૨	૫૧૨+૧	નેત્રરોગ	૧૮૧૪૧૮+૧૮૪૪
૩	૧૪૩+૦	દંતરોગ	૨૫૭૮૪+૬૦૦

૭૩૫+૨૯૯ = ૧૦૩૪ કુલ ૨૫૪૪૧૨+૧૫૨૫૨

આ રીતે અત્યાર સુધીમાં ૧,૦૩૪ નિઃશુલ્ક નિદાન સારવાર કેમ્પ્સ દ્વારા ૨,૭૧,૦૬૪ દર્દીઓની નિઃશુલ્ક સેવા થઈ છે.

આમ એકંદર ૪૩,૨૩,૯૦૪ દર્દીઓની નિદાન સારવાર સેવા થઈ છે.

હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક ચશ્મા વિતરણ-૫૨૦૦૪
ચક્ષુહીન લોકોને નવી દૃષ્ટિ મળે તે હેતુથી ચક્ષુદાન કરો.

ગુરુકુલ હોસ્પિટલ ઉપરાંત સંસ્થા સાથે સેવાભાવનાથી જોડાયેલા ડોકટરશ્રીઓએ આપેલ સેવા સાથે વર્ષ દરમિયાન પ્રસંગોપાત સર્વરોગ નિદાન કેમ્પ તથા વ્યસનમુક્તિ કેમ્પ અને રક્તદાન કેમ્પ યોજાતા રહે છે.

આ વર્ષે યોજાયેલ કેમ્પમાં થયેલ આરોગ્ય સેવા આ મુજબ છે.

રક્તદાન કેમ્પ : ૯, **બ્લડ બોટલ સંખ્યા** : ૧૮૪૨

કુલ રક્ત : ૫,૫૨,૬૦૦ સી.સી.

ગુરુકુલ દ્વારા આજ સુધીમાં ૪૨૪ રક્તદાન કેમ્પમાં ૧,૬૪,૨૮,૦૨૩ સીસી રક્તદાન થયું છે.

સર્વરોગ નિદાન કેમ્પ : ૨, દર્દીઓની સંખ્યા - ૧૩૩૫

આ ઉપરાંત સુરત ગુરુકુલ ખાતે કેન્સર નિદાન કેમ્પ યોજાએલ અને વ્યસનમુક્તિ રથ દ્વારા વ્યસનમુક્તિ કેમ્પ યોજાતા રહે છે.

નિઃશુલ્ક નિદાન - મોબાઈલ મેડિકલ સેવા

સંસ્થા દ્વારા મોબાઈલ મેડિકલ વાનની સાથે ડોકટરોની ટીમ દ્વારા નિદાન, સારવાર, દવા વગેરે તમામ જરૂરી સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે, જેમાં નર્મદા વિસ્તાર, રાજકોટના શાપર-મેટોડા ઝોન તથા તરવડા, પાટડી આદિ શાખાઓમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં આ સેવા કાર્યરત છે, જેમાં આ વર્ષમાં **૬૭,૨૯૧** દર્દીઓની સેવા થઈ છે. અત્યાર સુધીમાં કુલ **૬,૩૬,૩૧૩** દર્દીઓએ આ સેવાનો લાભ લીધેલ છે.

આ ઉપરાંત રાજકોટ ગુરુકુલમાં શ્રીજી સંજીવની નિઃશુલ્ક નિદાન કલીનીક દ્વારા અત્યાર સુધીમાં **૫૩,૫૮૬** દર્દીઓને સારવાર અપાઇ છે. કોરોના કાળમાં ઘણી મોટી રાહત અને દર્દીઓની સેવા થયેલ. આ ઉપરાંત રાજકોટમાં ગુરુકુલ અને અન્ય હોસ્પિટલમાં રોકાયેલા દર્દીઓ તથા સંબંધીઓ માટે ટીફીનની સેવા થાય છે.

અધ્યાત્મપોષક સેવાપ્રવૃત્તિ

ભગવદ્ કથાવાર્તા એ જ જીવાત્માના જન્મમરણનો રોગ હરે છે. તેના શ્રવણથી ભગવાનનું જ્ઞાન, ધ્યાન અને સાચી સુખશાંતિ પ્રાપ્ત થાય છે. આપણા સંતો દ્વારા દેશ-વિદેશમાં અવિરતપણે કથા-પારાયણો અને વ્યાખ્યાનમાળાઓ યોજાતી રહે છે. પુરાણી શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી, પુરાણી શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી હરિપ્રિયદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી મંગલસ્વરૂપદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી ચૈતન્યસ્વરૂપદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી આદિ વક્તા સંતો દ્વારા છેલ્લા એક વર્ષમાં **૩૪ કથા પારાયણ, ૨૩ વ્યાખ્યાનમાળા** થઈ. તે સાથે અત્યાર સુધીમાં **૧૦૧૮ કથાપારાયણો** અને **૧૭૬૪ વ્યાખ્યાનમાળા** સંપન્ન થઈ છે.

આ વર્ષમાં થયેલ ૩૪ કથાપારાયણ

વડતાલ : તા. ૧૮ થી ૨૨/૯/૨૦૨૪ વડતાલધામલીલા કથા-૪
શિકાગો : તા. ૩૦/૯ થી ૫/૧૦/૨૦૨૪ ઘનશ્યામલીલામૃત સાગર
વડતાલ : તા.૧૭ થી ૨૧/૧૦/૨૦૨૪ વડતાલધામલીલા કથા-૫
શાંતિગ્રામ : તા. ૧૬ થી ૨૫/૧૧/૨૦૨૪ શ્રીમદ ભાગવત કથા
મુંબઈ વાશી : તા. ૧૮ થી ૨૪/૧૧/૨૦૨૪ સત્સંગિજીવન કથા
સ્પ્રિંગફિલ્ડ : તા. ૨૪ થી ૨૮/૧૧/૨૦૨૪ દસમ સ્કંધ કથા
સુરત : તા. ૨૬/૧૧ થી ૨/૧૨/૨૦૨૪ શ્રીમદ્ ભાગવત કથા
રાજકોટ : તા. ૧૬ થી ૨૨/૧૨/૨૦૨૪ શ્રીમદ્ ભાગવત કથા
રાજકોટ : તા. ૨૩ થી ૨૯/૧૨/૨૦૨૪ શ્રીમદ્ ભાગવત કથા
તારાપુર(વડોદરા) : તા. ૧ થી ૫/૧/૨૦૨૫ શ્રીમદ્ ભાગવત કથા
ઝીંઝા (યુગાન્ડા) : તા. ૨૬/૧ થી ૧/૨/૨૦૨૫ શ્રીમદ્ ભાગવત
વાંકિયા (અમરેલી) : તા. ૧ થી ૫/૩/૨૦૨૫ ભક્તચરિત્ર કથા
ઋષિકેશ : તા. ૧૭ થી ૨૨/૩/૨૦૨૫ શિક્ષાપત્રી ભાષ્ય કથા
વડોદરા : તા. ૨૬ થી ૩૦/૩/૨૦૨૫ શ્રીમદ્ ભાગવત કથા
ટીંબી (ઊના) : તા. ૭ થી ૧૧/૪/૨૦૨૫ શિક્ષાપત્રી ભાષ્ય કથા
ગઢપુર : તા. ૮ થી ૧૪/૪/૨૦૨૫ સત્સંગિજીવન કથા
વાશી મુંબઈ : તા. ૮ થી ૧૪/૪/૨૫ શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ
સુરત(મોટા વરાછા) : તા.૧૬ થી ૨૨/૪/૨૫ શ્રીમદ્ ભાગવત કથા
હિંમતનગર : તા. ૨૧ થી ૨૫/૪/૨૦૨૫ શ્રીમદ્ ભાગવત કથા
અંકલેશ્વર : તા. ૨૩ થી ૨૭/૪/૨૦૨૫ સત્સંગિજીવન કથા
સુરત(હરિકૃષ્ણ ઝોન) : તા. ૨૪ થી ૨૮/૪/૨૫ શિક્ષાપત્રી મહિમા
જસદણ : તા. ૨૫ થી ૩૦/૪/૨૫, શિક્ષાપત્રી ભાષ્ય, છઠ્ઠો પાટો.
વડવિયાળા : તા. ૭ થી ૧૨/૫/૨૦૨૫ સત્સંગિજીવન કથા
ચરખા(અમરેલી) : તા. ૧૩ થી ૧૭/૫/૨૫, સત્સંગિજીવન કથા,
મવડી(રાજકોટ) : તા. ૨૩ થી ૨૭/૫/૨૦૨૫ આખ્યાન કથા
સચિન(સુરત) : તા. ૨ થી ૬/૫/૨૦૨૫ રામચરિત માનસ કથા
સુરત : તા. ૪ થી ૮/૫/૨૦૨૫ સત્સંગિજીવન કથા
ચરખા : તા. ૧૨ થી ૧૬/૫/૨૦૨૫ સત્સંગિજીવન કથા
સુરત : તા. ૨૮/૫ થી ૧/૬/૨૦૨૫ સત્સંગિજીવન કથા
તરવડા : તા. ૨૯/૫ થી ૪/૬/૨૦૨૫ શ્રીમદ્ ભાગવત કથા
મલેશિયા(મલાકા) : તા. ૧૭ થી ૨૦/૭/૨૫ શ્રીમદ્ ભાગવત કથા
જગન્નાથપુરી : તા. ૨૨/૬ થી ૨/૭/૨૦૨૫ સત્સંગિજીવન કથા
પૂના(સાંગવી) : તા. ૧૦ થી ૧૪/૯/૨૦૨૫, શ્રીમદ્ ભાગવત કથા
છપૈયા : તા. ૧૧ થી ૧૫/૯/૨૫, ઘનશ્યામ બાલચરિત્ર

આ વર્ષમાં થયેલ ૨૩ વ્યાખ્યાનમાળા

સુરાશામળ (જિ.વડોદરા) : તા. ૨૭ થી ૨૯/૧૨/૨૦૨૪,
છોડવડી (જૂનાગઢ) : તા. ૧૬ થી ૧૮/૧/૨૦૨૫, મંદિર દશાબ્દી
જ્ઞાનબાગ (જૂનાગઢ) : તા.૧ થી ૨/૨/૨૦૨૫, ગુરુકુલ ખાતે
સેવાલીયા : તા. ૧૫ થી ૧૭/૨/૨૦૨૫, મંદિર પાટોત્સવ પ્રસંગે
એભલવડ : ૧૫ થી ૧૭/૨ તથા તા. ૧૪ થી ૧૬/૫/૨૦૨૫
ભાવનગર : તા. ૧૪ થી ૧૬/૩/૨૦૨૫, સહજાનંદ કોલેજ કેમ્પસ
ઋષિકેશ : તા. ૧૭ થી ૨૨/૩/૨૦૨૫ યુવા ઉત્કર્ષ વ્યાખ્યાનમાળા
વાશી(મુંબઈ) : તા. ૧૦ થી ૧૨/૫/૨૦૨૫, ગુરુકુલ ખાતે. ઉપરાંત પનવેલ, નેરુલ, મલાડ, દહીંસર, કાંદીવલી, પૂનામાં વ્યાખ્યાનમાળા.
બાબરિયા (ગિર) : તા ૧૧ થી ૧૩/૫/૨૦૨૫, મંદિર છઠ્ઠો પાટો.
હડાળા : તા.૧૪ થી ૧૬/૫/૨૦૨૫, મંદિર ૧૮મો પાટોત્સવ
હરમડિયા : તા. ૧૭ થી ૧૯/૫/૨૦૨૫, સ્વા. મંદિર
નવસારી : તા.૨૨ થી ૨૪/૫/૨૦૨૫ પાટોત્સવ પ્રસંગે કથા
નિંગાળા : તા. ૫ થી ૭/૬/૨૦૨૫, સ્વા. મંદિર
મોટી મોલી(ઊના) : તા. ૯ થી ૧૧/૬/૨૦૨૫, સ્વા. મંદિર
આલબરી(ઓસ્ટ્રેલિયા) : તા. ૨૦ થી ૨૨/૬/૨૦૨૫
શિકાગો(અમેરિકા) : તા.૧૩ થી ૧૫/૭/૨૦૨૫, ગુરુકુલ ખાતે
સ્પ્રિંગફિલ્ડ (અમેરિકા) : તા. ૧૬ થી ૧૮/૭/૨૦૨૫, ગુરુકુલ ખાતે
સુરત : તા. ૨૭ થી ૨૯/૭/૨૦૨૫, ગુરુકુલ ખાતે
ફાટસર : જુલાઈ-૨૦૨૫ , **અંબાડા :** જુલાઈ-૨૦૨૫
જરગલી : જુલાઈ-૨૦૨૫, **નાળિયેરી મોલી :** જુલાઈ-૨૦૨૫
સુરત : ૬ થી ૮/૮/૨૦૨૫ શિક્ષાપત્રી કથા

હોમાત્મક વિવિધ યજ્ઞયાગ

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે – 'યજ્ઞો વૈ વિષ્ણુઃ' યજ્ઞ એ ભગવાનનું સ્વરૂપ છે. યજ્ઞકુંડરૂપી મુખ દ્વારા અપાયેલ આહુતિ ભગવાન શ્રીઅગ્નિનારાયણ પ્રત્યક્ષ રૂપે ગ્રહણ કરે છે; વૈજ્ઞાનિક રીતે પણ વાતાવરણને શુદ્ધ, પવિત્ર અને હાનિકારક ઉપદ્રવોથી રહિત બનાવે છે. 'અહિંસયજ્ઞપ્રસ્તોતા' ભગવાન શ્રીહરિની યજ્ઞપરંપરા અનુસાર રાજકોટ ગુરુકુલમાં પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ચતુર્વેદ પારાયણ સાથે અનેક યજ્ઞયાગો યોજીને યજ્ઞ સંસ્કૃતિને વિશેષ ઉજાગર કરી છે. હાલમાં પણ પૂજ્ય ગુરુમહારાજની નિશ્રામાં શાખા સંસ્થાઓમાં પાટોત્સવ આદિ પ્રસંગોએ વારંવાર યજ્ઞયાગો યોજાતા રહે છે. આ વર્ષે યોજાયેલા યજ્ઞો અનુષ્ઠાનો નીચે મુજબ છે, જે મળીને અત્યાર સુધીમાં શ્રીહરિયાગ-૨૪૭, ભક્તચિંતામણિ યાગ-૪૦૫ થયા છે. છેલ્લાં ૪-૫ વર્ષથી જલાભિષેક અને હોમાત્મક મંત્રયાગ પણ મોટી સંખ્યામાં થઈ રહ્યા છે.

શ્રીહરિયાગ

વડવિયાળા : તા. ૭ થી ૧૨/૫/૨૦૨૫ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે

તિરુપતી : નૂતનશાખા ઉદ્‌ઘાટન તા. ૧૮/૬/૨૦૨૫ વાસ્તુયાગ

સુરત : તા. ૨૭ થી ૨૯/૬/૨૦૨૫ રથયાત્રાએ મહાવિષ્ણુયાગ

રાયપુર : તા. ૨૯/૬/૨૦૨૫ નૂતન પ્રાર્થનામંદિર યજ્ઞ પૂજન

ટોરોન્ટો-હેમિલ્ટન (કેનેડા) : તા. ૧૭ થી ૨૩/૮/૨૦૨૫ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ત્રિદિનાત્મક ૫ કૂંડી મહાવિષ્ણુયાગ

ફીનિક્સ (અમેરિકા) : તા. ૨૮ થી ૩૧/૮/૨૦૨૫ કોરોના લોસએન્જલસ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે ત્રિદિનાત્મક ૭ કૂંડી હરિયાગ

સ્વામિનારાયણ મંત્ર જલાભિષેક

પાટડી : તા. ૧૨ થી ૧૪/૩/૨૦૨૫ શિક્ષાપત્રી ગાન સાથે

જ્ઞાનબાગ : ૩૦/૩ થી ૬/૪/૨૦૨૫, મંત્રયાગ સાથે જલાભિષેક

સુરત : તા. ૪ થી ૮/૬/૨૦૨૫ અંતર્ધાન લીલા પ્રસંગે

હિંમતનગર : નૂતન શાખામાં શ્રાવણ માસમાં નિત્ય મંત્રયાગ

ભક્તચિંતામણિ યાગ

શાંતિગ્રામ : તા. ૧૬ થી ૨૦/૧૧/૨૦૨૪ કથા પ્રસંગે

જ્ઞાનબાગ : તા. ૩૦/૧ થી ૧/૨/૨૦૨૫, પાંચમા પાટોત્સવે

ભાવનગર : તા. ૧૫ થી ૧૭/૩/૨૦૨૫ પાટોત્સવ પ્રસંગે

રતનપર : તા. ૩૦/૩ થી ૫/૪/૨૦૨૫ બ્રહ્મમહોત્સવ પ્રસંગે

સુરત : તા. ૩૦/૩ થી ૫/૪/૨૦૨૫ બ્રહ્મમહોત્સવ પ્રસંગે

લોસ એન્જેલસ : બ્રહ્મમહોત્સવ પ્રસંગે ભક્તચિંતામણિ યાગ

જસદણ : તા. ૨૮ થી ૩૦/૪/૨૦૨૫ પાટોત્સવ પ્રસંગે

વિદ્યાનગર : તા. ૨૭ થી ૩૦/૬/૨૫ છાત્રાલય ઉદ્‌ઘાટન પ્રસંગે

સુરત : તા. ૪ થી ૮/૬/૨૦૨૫ અંતર્ધાન લીલા ઉત્સવ પ્રસંગે

આ ઉપરાંત યજ્ઞ મંડળ દ્વારા ૪૩ યજ્ઞો થયેલા છે

ભરુચ : તા. ૩ થી ૭/૯/૨૦૨૫ સંતનિવાસ ઉદ્‌ઘાટન પ્રસંગે

હોમાત્મક યાગ

નીલકંઠધામ : તા.૨ થી ૪/૧૧/૨૪, બીજમંત્ર યાગ, પાટો. પ્રસંગે

વડોદરા : તા. ૨૨/૧૨/૨૦૨૪ પાંચ કૂંડી મંત્રયાગ તેમજ તા. ૧૩/૩/૨૦૨૫ હોમાત્મક યાગ

ભાયાવદર : તા.૨૯/૧૨/૨૪ તથા ૨૫/૧/૨૫ મહા મંત્રયાગ

હિંમતનગર : તા. ૧૬ થી ૧૮/૨/૨૦૨૫ મંત્રયાગ

પાટડી : તા. ૧૨ થી ૧૪/૩/૨૦૨૫ બીજમંત્ર હોમાત્મક અનુ.

રતનપર : તા. ૩૦/૩ થી ૬/૪/૨૦૨૫ પાંચ કૂંડી મંત્રયાગ

કલકત્તા : તા. ૧૦ થી ૨૬/૪/૨૫ મારુતિ યાગ, વિચરણ પ્રસંગે

ભચાઉ : તા. ૧ થી ૩/૫/૨૦૨૫ નૂતન શાખા ભૂમિપૂજન પ્રસંગે મહામંત્ર હોમાત્મક યજ્ઞ તથા જલાભિષેક

સુરત : તા. ૪ થી ૮/૬/૨૫ અંતર્ધાનલીલા ઉત્સવ પ્રસંગે ૪ યજ્ઞ

સુરત : બ્રહ્મોત્સવ પ્રસંગે બીજમંત્ર, જનમંગલ તથા મહામંત્ર યાગ

સ્પ્રિંગફિલ્ડ : બ્રહ્મમહોત્સવ પ્રસંગે વચનામૃત કાવ્યગાન યાગ

શિકાગો : બ્રહ્મમહોત્સવ પ્રસંગે શિક્ષાપત્રી દોહાગાન યાગ

આ ઉપરાંત અન્ય ઉત્સવ પ્રસંગોમાં ૬ મંત્રયાગ થયેલા

મંદિર નિર્માણ તથા જિર્ણોદ્ધાર

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે હરિમંદિરોનાં નિર્માણ કરાવ્યા છે. સંસ્થાના સંતો ભક્તજનો દ્વારા આજે પણ જીવનશુદ્ધિના કેન્દ્ર સમાન ગ્રામ્ય વિસ્તારોમાં મંદિરોનું નિર્માણ થયા કરે છે. અત્યાર સુધીમાં ૧૨૪ મંદિરોના નિર્માણ અને ૬૫ મંદિરોના જિર્ણોદ્ધાર થયા છે. હાલ ૪ મંદિરોની સેવા ચાલુ છે.

પચપચિયા : તા. ૪/૧૧/૨૦૨૪ નૂતન સ્વા. મંદિર નું ખાતમુહૂર્ત

પીઠવાજાળ : તા. ૧૨/૧૨/૨૦૨૪ નૂતન મંદિર ખાત મુહૂર્ત

તરવડા : તા. ૨૫/૨/૨૦૨૫ ગામમાં નૂતન હરિમંદિર ભૂમિપૂજન

લાસા : તા. ૫/૬/૨૦૨૫ રામજી મંદિર ભૂમિપૂજન

ભજનભક્તિ - સદ્‌ગ્રંથ અનુષ્ઠાનની સરવાણી

ભજનની પરંપરા : ગુરુદેવના સંસ્થાસ્થાપનના મૂળ હેતુ અને રુચિ અનુસાર ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી સમગ્ર ગુરુકુલ પરિવારમાં ભજન-ભક્તિના અનુષ્ઠાનોનો દિવ્ય માહોલ સાથે ભજનની ભાગીરથી અખંડ વહી રહી છે.

ઈષ્ટદેવ શ્રીહરિ પ્રાગટ્ય પર્વ, અંતર્ધાન લીલાપર્વ, એકાદશી આદિક વ્રતપર્વ, દરેક શાખામાં બિરાજતા ઘનશ્યામ મહારાજ અને દેવોના પાટોત્સવ તથા અધિકમાસ, ચાતુર્માસ, શ્રાવણમાસ, ધનુર્માસ, માઘમાસ, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પુણ્યતિથિ તથા જન્મદિન રથયાત્રા આદિ પ્રસંગોએ સંતો, વિદ્યાર્થીઓ અને બાલ, યુવા, પુરુષ-મહિલા ભક્તજનો દ્વારા નિયમિત રીતે ભજન અનુષ્ઠાન થાય છે.

એક વર્ષમાં થયેલ વિશેષ ભજન ભક્તિ તથા ગ્રંથ અનુષ્ઠાન

મંત્રજાપ - ૨૪,૪૪,૨૪,૫૫૧
મંત્રલેખન - ૨,૩૪,૧૪,૬૬૭
દંડવત્‌ - ૧૬,૭૭,૧૪૨
પ્રદક્ષિણા - ૧,૯૦,૩૫૭
જનમંગલ પાઠ - ૬૬,૨૪૬

વચનામૃત પાઠ - ૧૧૫
ભક્તચિંતામણિ પાઠ - ૩૦૩
શિક્ષાપત્રી પાઠ - ૪૧૪૦
સમૂહ મહાપૂજા - ૧૩૫૧
વંદુ પાઠ - ૭,૦૧૭

ઓરડા પદગાન - ૭,૮૨૯
હનુમાન ચાલીસા - ૧૧૦૦
સત્શાસ્ત્ર સંહિતા - ૨૨
*** આ ઉપરાંત તપ, વ્રતના અનુષ્ઠાનો પણ હજારોની સંખ્યામાં થયા છે.**

સ્વામિનારાયણ મહામંત્રની અખંડધૂનનો ગૂંજતો બ્રહ્મનાદ

૧૨/૨૪ કલાક અખંડધૂન : એકાદશી આદિક વ્રત તેમજ વિશેષ ઉત્સવપ્રસંગોએ કે વડીલ સંતોની પુણ્યતિથિએ ૧૨ કે ૨૪ કલાકની અખંડ ધૂન દરેક સંસ્થામાં તેમજ જુદા જુદા ગામનાં હરિમંદિરોમાં ૧૦૮ કલાક, ૨૪ કલાક, ૧૨ કલાકની ધૂન થતી રહે છે. ૧ વર્ષ દરમિયાન થયેલ અખંડધૂન : **૪૫૨૮ કલાક**

નિત્ય સ્મૃતિ ધૂન : પૂ. શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિમાં રાજકોટ, હૈદરાબાદ, ડલાસ વગેરે શાખાઓમાં દરરોજ સવારે ૭ થી ૭:૩૦ અડધી કલાક નિયમિત નિત્ય ધૂન થાય છે.

આજીવન અખંડધૂન : સુરતમાં છેલ્લાં ૨૮ વર્ષથી આજીવન ૨૪ કલાક, નીલકંઠધામમાં છેલ્લાં ૧૫ વર્ષથી ૧૨ કલાક તથા રતનપર ગુરુકુલમાં મે-૨૦૨૦થી ૨૪ કલાક અખંડધૂન ચાલુ છે.

નિત્ય ફરતી અખંડધૂન : રાજકોટ, સુરત અને નિકોલ (અ'વાદ)માં સમર્પિત યુવા ભક્તજનો દ્વારા દરરોજ રાત્રે ૯ થી ૧૧ અખંડધૂન થઈ રહી છે, જેમાં રાજકોટમાં ૧૪ વર્ષથી અને સુરતમાં ૮ વર્ષથી અને નિકોલ ખાતે ૪ વર્ષથી રાત્રિ ફરતી ધૂન થતી રહે છે.

દર વર્ષે યોજાતી માસિક અખંડ ધૂન :

૧. મોરબી ગુરુકુલ માં ભાદરવા માસમાં (દશ વર્ષથી) એક મહિનો અખંડધૂન **૨. તરવડા ગુરુકુલ**માં ધનુર્માસમાં અખંડ ધૂન. **૩. નવસારી ગુરુકુલ** માં દર વર્ષે શ્રાવણ માસમાં ૬ કલાક નિત્ય ધૂન થાય છે. **૪. ઊના** ગુરુકુલમાં ૪૦ ગામના ભક્તજનો દ્વારા

બપોરના ૧૨ થી રાત્રિના ૧૨ સુધી શ્રાવણમાસમાં અખંડધૂન થયેલ છે. **૫. રતનપર (રાજકોટ)** - શ્રાવણ માસમાં અખંડધૂન.

* આ ઉપરાંત રાજકોટ ગુરુકુલ સંસ્થાનની તમામ શાખાઓમાં નિત્ય સાયં સભામાં સંતો, વિદ્યાર્થીઓ દ્વારા ૧૫ મિનિટ ધૂન.

* સુરતમાં સવારે કથા પછી ૧ કલાક અને મુંબઈ વાશી ગુરુકુલમાં દરરોજ સવારે ૮ થી ૧૦ સુધી અખંડધૂન - અનુષ્ઠાન થાય છે.

* હૈદરાબાદ ગુરુકુલમાં વિદ્યાર્થીઓ દ્વારા દર એકાદશીએ ૧૨ કલાકની અખંડ ધૂન.

* નિત્ય તથા ઉત્સવસમૈયા પ્રસંગે સંતો, ભક્તજનો અને વિદ્યાર્થીઓ દ્વારા સ્વામિનારાયણ મહામંત્રનું લેખન પણ વિપુલ સંખ્યામાં થાય છે.

શાકોત્સવ - શ્રીજીલીલા સ્મૃતિ ઉત્સવ

ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણે ઉજવેલા અનેક ઉત્સવોમાં જનસમાજમાં આગવા સ્થાને રહેલ શાકોત્સવ રાજકોટ ગુરુકુલ અને શાખાઓ દ્વારા છેલ્લા ૩૨ વર્ષથી ગામડે ગામડે ઉજવાય છે.

છેલ્લા ૧૦ વર્ષની નોંધ મુજબ **૯૦૨** જેટલા શાકોત્સવો થયા છે. શાકોત્સવ તો માધ્યમ છે તેની સાથે સંતોની સત્સંગ કથાવાર્તા, વ્યસનમુક્તિ, ભગવત્ શરણાગતિ, રક્તદાન કેમ્પ વગેરે કાર્યક્રમો પણ યોજાય છે. છેલ્લાં ૧ વર્ષ દરમિયાન સંસ્થા દ્વારા **૮૫** જેટલા શાકોત્સવો દેશ-વિદેશમાં નીચે મુજબ યોજાયા છે.

રાજકોટ વિસ્તારઃ ગુરુકુલમાં-૫, ખાંભા, રાવકી, ખરેડી, સરપદડ, ચાપરા, નોંઘણચોરા, નાના મહિકા

જૂનાગઢ વિસ્તારઃ જ્ઞાનબાગ ગુરુકુલમાં-૨, છોડવડી, મજેવડી, ભાડેર

સુરત વિસ્તારઃ ગુરુકુલ-૨, લોટ્સ ફાર્મ, વર્ણીરાજ ઝોન, વેલંજા, હરિકૃષ્ણ ઝોન, સહજાનંદ ઝોન, કામરેજ, કઠોદરા, ભક્તિનંદન ઝોન, અશ્વિનીકુમાર ઝોન

તરવડા વિસ્તારઃ ગુરુકુલમાં-૨, ટીંબલા, રાતીધાર, તરવડા, અમરેલી, બાબાપુર, મોટાઉજળા, ખાખરા હડમતિયા, ચલાલા, ઉમરાળી, મોટા ભંડારિયા

ઊના વિસ્તારઃ ગુરુકુલ-૨, હરમડીયા, ઊના શહેર, જરગલી, ગીર ગઢડા, વડવિયાળા, સનવાવ, એભલવડ

મુંબઈ વિસ્તારઃ વાશી, ચોક, બદલાપુર, કાંદીવલી, નેરુલ, ઘાટકોપર-૨

અમદાવાદ વિસ્તારઃ નિકોલ, શાંતિગ્રામ, બોપલ, ડોલ્ફિન ગૃપ, સૂર્યમ્ ફ્લોરા, ધ રિધમ હાઈટ્સ

આ ઉપરાંત ભરુચ, તેલોદ(ભરુચ), ગોવા, નવસારી, જામનગર, રતનપર, ત્રંબા, ભાવનગર, જસદણ, પાટડી, વડોદરા, તારાપુર, સુરાશામળ, સેવાલિયા, હિંમતનગર, હૈદરાબાદ અને વિદેશમાં ડલાસ, એટલાન્ટા, ફીનિક્સ, સ્પ્રિંગફિલ્ડ, શિકાગો, લોસ એન્જલસ, મેલબોર્ન, ટોરોન્ટો, ન્યુજર્સી, રજાઈના, લંડન ગુરુકુલમાં શાકોત્સવ યોજાએલ.

નૂતન સાહિત્ય પ્રકાશન

સંપ્રદાયની પુષ્ટિ સંપ્રદાયના ગ્રંથોથી થાય છે. સામાજિક વિષમતા ઘટે, મુમુક્ષુઓને સાચો રાહ પ્રાપ્ત થાય એવા જીવનઘડતરના શુભ હેતુથી રાજકોટ ગુરુકુલ દ્વારા સાંપ્રદાયિક તેમજ જીવનઘડતરલક્ષી સાહિત્ય પ્રકાશિત કરવામાં આવે છે. આ વર્ષમાં **૪ નૂતન** પ્રકાશનો અને **૨૭ પુસ્તકોની** નવી આવૃત્તિ સાથે **કુલ ૧,૦૫,૪૦૦** પ્રતોનું પ્રકાશન થયેલ છે. અત્યાર સુધીમાં કુલ **૨૯૭** પુસ્તકોની **૪૨,૬૯,૬૯૬** પ્રતો પ્રકાશિત થઈ છે.

નૂતન પ્રકાશન :

૧. શ્રી સ્વામિનારાયણ મહાકાવ્ય ભાગ-૧

૨. અમૃતનું આચમન ભાગ-૭

૩. વચનામૃત ચિંતન ભાગ (૧ થી ૪) અંગ્રેજી આવૃત્તિ

૪. પ્રિન્સિપલ ઓફ ડિવોશન : પૂજ્યપાદ મહંત સ્વામી કૃત નારદ ભક્તિસૂત્ર વિવેચનનો અંગ્રેજી સારાંશ

ગુરુદેવે પ્રારંભ કરાવેલ 'સદ્‌વિદ્યા' માસિક છેલ્લાં ૭૩ વર્ષથી નિયમિત પ્રકાશિત થાય છે. અત્યાર સુધીમાં આ માસિકના આઠસો ઉપરાંત અંકોની કરોડો પ્રતોનું પ્રકાશન થયેલ છે. મે-૨૦૨૪થી હિન્દી અને અંગ્રેજીમાં પણ ઈ-કોપીનું પ્રકાશન થાય છે.

આ ઉપરાંત નૂતન વર્ષ સંવત ૨૦૮૨-૮૩ વર્ષના ધાર્મિક કેલેન્ડરો બે લાખ ઉપરાંતની સંખ્યામાં પ્રકાશિત થયા છે.

આધ્યાત્મિક સત્સંગ શિબિર

દેશ વિદેશમાં ગુરુકુલની જુદી જુદી શાખાઓમાં બાળ, યુવા અને વડીલો દ્વારા સત્સંગ સાધના અને અધ્યાત્મ શિબિરોનાં આયોજનો થાય છે. **આ વર્ષે ૨૫ સત્સંગ શિબિરો** યોજાએલ છે. અત્યાર સુધીમાં **૩૦૭ શિબિરો યોજાએલ છે.**

ઋષિકેશ : નૂતન વર્ષે ઋષિકેશ ખાતે નવમી સત્સંગ સાધના શિબિર, તા. ૩ થી ૯/૧૧/૨૦૨૪, ૫૦ સંતો, ૮૭૭ હરિભક્તો

અમેરિકા : બાલ સંસ્કાર શિબિર **ડલાસ :** ૨૬ થી ૨૮/૧૨/૨૪ **ન્યુજર્સી :** ૧૧ થી ૧૨/૧/૨૫, **એટલાન્ટા :** ૧૭ થી ૧૯/૧/૨૫ **ફીનિક્સ :** ૯/૨, **લોસએન્જલસ :** ૧૫/૨ **શિકાગો :** ૧૫/૨/૨૫

શાંતિગ્રામ : તા. ૧૦ થી ૧૨/૨/૨૫, ધર્મજીવન સંત શિબિર

વડોદરા : તા. ૨/૩/૨૦૨૫ યુવક મંડળ સહજાનંદ એન્જોય ડે

રતનપર : તા. ૮ થી ૯/૩/૨૦૨૫ વચનામૃત ચિંતન શિબિર

ઋષિકેશ : તા. ૪ થી ૮/૪/૨૦૨૫ વચનામૃત ચિંતન શિબિર

ઊના : તા. ૨૧ થી ૨૨/૪/૨૦૨૫ કાર્યકર્તા શિબિર

મેલબોર્ન : તા. ૨૪ થી ૨૭/૪/૨૦૨૫ સત્સંગ પોષક શિબિર

મોરબી : તા. ૨૫/૪ થી ૩/૫/૨૫ સમર કેમ્પ-૧૫૦ બાળકો

રાજકોટ : તા. ૨૬ થી ૨૭/૪/૨૦૨૫ બાળ શિબિર

નવસારી : તા. ૨૬ થી ૩૦/૪/૨૫ બાળ સંસ્કાર શિબિર

તરવડા : તા. ૨૬ થી ૩૦/૪/૨૦૨૫ બાળ શિબિર

અમેરિકા : એપ્રિલ ૨૦૨૫ દરમિયાન પરામસ, ડલાસ, એટલાન્ટા, કેનેડા આદિ શાખાઓમાં એકદિવસીય શિબિર

નિકોલ : તા. ૭ થી ૧૧/૫/૨૦૨૫ સમર કેમ્પ - બાળ શિબિર

તરવડા : તા. ૧૧/૫/૨૦૨૫ કાર્યકર્તા સંમેલન, અમરેલી વિસ્તાર

હિંમતનગર : તા. ૧૩/૫/૨૫ માતપિતાની સેવા બાળશિબિર

મેલબોર્ન - ઓસ્ટ્રેલિયા : તા. ૧૬/૫/૨૫, યુવા સેમીનાર

નવસારી : તા. ૧૭/૫/૨૦૨૫ કાર્યકર્તા સંમેલન

લંડન(યુ.કે.) : તા. ૨૮/૫ થી ૧/૬/૨૫ સત્સંગ અભ્યુદય સત્ર

રજાઈના (કેનેડા) : મે-૨૦૨૫, બે દિવસીય બાલ સંસ્કાર શિબિર

નર્મદા : તા. ૩ થી ૫/૬/૨૫ ત્રિદિવસીય શિક્ષક ઉત્કર્ષ શિબિર

વાશી-મુંબઈ : તા. ૬/૬/૨૫ બાળમંડળ સહજાનંદડ એન્જોય ડે

જર્મની : તા. ૯/૬/૨૦૨૫ ઓરાખટામાં યુવા શિબિર

સુરત : તા. ૨૭/૬/૨૦૨૫ વડીલ વૃંદ સ્નેહમિલન

રાજકોટ : તા. ૭ થી ૯/૭/૨૫, ગુરુપૂર્ણિમા પર્વે, સંત શિબિર -

એડીલેટ(ઓસ્ટ્રેલિયા) : તા. ૧૧- ૧૨/૭/૨૫ અભ્યુદય સત્ર

પર્થ (ઓસ્ટ્રેલિયા) : તા. ૧૮ થી ૨૦/૭/૨૫ બાલ શિબિર

ડલાસ : ૨૩/૭ થી ૨/૮/૨૦૨૫ સાતમો બ્રહ્મસત્ર

નિકોલ : તા. ૬ થી ૧૦/૮/૨૦૨૫ ચોથો જ્ઞાનપર્વ

રાજકોટ : તા. ૧૬ થી ૨૧/૮/૨૦૨૫, બ્રહ્મસત્ર ૬૩ મો

ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન

તરવડા : તા. ૩૦/૯/૨૦૨૪ વિદ્યાર્થી સેમિનાર - ૧૮૦૦ વિ.

રાજકોટ : તા. ૧૮/૧૨/૨૦૨૪ ભૂ.વિ. સંમેલન તથા શાકોત્સવ

સુરત : તા. ૨૧/૧૨/૨૦૨૪ ભૂ.વિ. સંમેલન તથા શાકોત્સવ

સુરત : તા. ૨૨/૧૨/૨૦૨૪ સરથાણા જકાતનાકા નિકેતન ફાર્મ

બોપલ(અ'વાદ) : તા. ૫/૧/૨૦૨૫, જૂનાગઢ ભૂ.પૂ. વિદ્યાર્થી

જૂનાગઢ : તા. ૧૪/૧/૨૦૨૫, કાર્યકર્તા તથા ભૂ. વિ. શાકોત્સવ

તરવડા : તા. ૧૦ થી ૧૧/૫/૨૦૨૫, પી. ટી. સી. - બી.એડ. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન

ગુલબર્ગા : તા. ૧૨/૬/૨૦૨૫ ભૂ.વિ. સંમેલન

મૈસુર : તા. ૧૮/૬/૨૦૨૫ ભૂ.વિ. સંમેલન

વિદ્યાનગર : તા. ૨૨/૬/૨૦૨૫ ભૂ.વિ. સંમેલન

સુરત : તા. ૨૬/૬/૨૦૨૫ ભૂ.વિ. સંમેલન

રાજકોટ : તા. ૯/૭/૨૦૨૫ સંમેલન - 'એક બુંદ' અભિયાન

મુંબઈ : તા. ૧૮/૭/૨૦૨૫ ભૂ.વિ. સંમેલન

સોલાપુર : તા. ૨૪/૭/૨૦૨૫ ભૂ.વિ. સંમેલન

હૈદરાબાદ : તા. ૧૦/૮/૨૦૨૫ ભૂ.વિ. સંમેલન

ગુલબર્ગા : તા. ૧૭/૮/૨૦૨૫ ભૂ.વિ. સંમેલન

બેંગ્લોર : તા. ૨૫/૮/૨૦૨૫ ભૂ.વિ. સંમેલન

હૈદરાબાદ : તા. ૧૭/૯/૨૦૨૫ ભૂ.વિ. સંમેલન

ચોક(મુંબઈ) : તા. ૩૧/૮/૨૫ રાજકોટ ૧૯૯૪ બેચ સંમેલન

નીલકંઠધામ : તા. ૩૦, ૩૧/૮/૨૫ સ્વયંસેવક તાલીમ સત્ર

વાલી સંમેલન- પેરેન્ટીંગ સેમીનાર

તરવડા : તા. ૮/૧૨/૨૦૨૪ આઈ.ટી. ક્ષેત્રે કેરિયર સેમીનાર

વડોદરા : તા. ૨/૩/૨૦૨૫ યુવા એન્જોય ડે ૧૫૦ યુવાન

નિકોલ : તા. ૭ થી ૧૧/૫/૨૦૨૫ બાલ સમર કેમ્પ ૯૦ બાળકો

મેલબોર્ન : તા. ૧૬/૫/૨૦૨૫ અભ્યુદય સેમીનાર

રજાઈના : તા. મે-૨૦૨૫ બે દિવસ શિબિર

નર્મદા : તા. ૩ થી ૫/૬/૨૦૨૫ શિક્ષક ઉત્કર્ષ શિબિર ૪૮૦

અમરેલી : તા. ૧૪/૬/૨૦૨૫ હોસ્પીટલમાં રક્તદાન શિબિર

મોરબી : તા. ૩ થી ૫/૭/૨૦૨૫, વાલી સંમેલન

રાજકોટ : તા. ૧૬ થી ૧૮/૭/૨૦૨૫, વાલી સંમેલન

કેલિફોર્નિયા : તા. ૬/૯/૨૫ યુવા શિબિર ૧૦૦ યુવાનો

આપત્કાલીન તથા જનસેવા

'દીનજનને વિષે દયાવાન થવું.' શ્રીહરિની આ આજ્ઞાનુસાર સંસ્થા દ્વારા રોગાર્તની સેવા ઉપરાંત ભૂકંપ, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, પૂરપ્રકોપ, સુનામી, શહીદ પરિવારને સહાય વગેરે દરેક કુદરતી કે માનવસર્જિત આપદામાં આપદ્ગ્રસ્તોની સેવા થાય છે. અત્યાર સુધીમાં સંસ્થાએ ૪૯ વખત આપદ્ સહાય તથા ૪૩ વખત જનસેવા દ્વારા કરોડો રૂપિયાની સેવા સરવાણી વહાવી છે. આ વર્ષે નીચે મુજબ આ સેવાઓ થઇ છે.

રાજકોટ : તા. ૮/૧૧/૨૦૨૪ ઋષિકેશ શિબિર પ્રસંગે સંસ્કૃત પાઠશાળાના ઋષિ કુમારો, સન્યાસીઓને બ્રહ્મભોજન

વાશી(મુંબઈ) : વિંશતિ મહોત્સવ ઉપક્રમે સીબીડીના નર્મદા નિકેતન વૃદ્ધાશ્રમમાં ૧૦૦ પંખા અર્પણ, કોપરખેરનાના માહેર અનાથ આશ્રમ બાળકોને વસ્ત્રો, ભોજન અને સ્પોર્ટ શૂઝ અર્પણ

પાટડી : મકરસંક્રાંતિ પર્વે ડિસેમ્બર ૨૦૨૪ સમુદ્રતટ પર ખારવા શ્રમિકોમાં ૫ હજાર ધાબળાનું વિતરણ

ન્યૂજર્સી : પરામસ ગુરુકુલ ફૂડ ડ્રાઈવ ૪૦૦ પાઉન્ડ ૧૮૧ કિલો ફૂડ પેકેટ જરૂરિયાત મંદોને વિતરણ

રાજકોટ : મકરસંક્રાંતિ પર્વે વિરાણી સ્કૂલ દ્વારા એકત્રિત થયેલ એક ટ્રક વસ્ત્રોનું સંસ્થાના સ્વયંસેવકો દ્વારા શ્રમિકોને વિતરણ

ઊના : ધર્મજીવન માનવસેવા દ્વારા ચકલીઓ માટે ૫૦૦ પાણીનાં કૂંડાં, ૫૦ ચણદાની, ૩૭ અનાથ મહિલાઓને સાડી-રાશન કીટ

સુરત : ધર્મજીવન લોકસેવા ટ્રસ્ટ દ્વારા પાંચ વર્ષમાં ૩૫૦૦ બેનોને તાલીમ વર્ગ દ્વારા સ્વનિર્ભર તથા કન્યા ગુરુકુલ ઉપક્રમે વરિયાવ ખાતે તા. ૩૧/૩ ના રોજ ડીડી સ્પોર્ટ સંકુલમાં યોજાએલ નારી શક્તિ નવોદય સમારોહ પ્રસંગે ૮૦૦૦ ભાવિકોને ભોજન પ્રસાદ.

સુરત : વિદ્યાલય તથા સત્સંગ મંડળ દ્વારા ગુરુકુલ હેલ્પીંગ હેન્ડ અંતર્ગત આફ્રિકાના જરૂરિયાતમંદો અર્થે ૨૧૨૦ જોડી કપડાં, બુટ-ચંપલ, સ્વેટર અર્પણ.

હિંમતનગર : ૧૦૦ પરિવારોને એક માસનું રાશનકિટ વિતરણ

જસદણ : ધર્મજીવન સોશિ. ગ્રુપ દ્વારા ૫૦૦ પક્ષીઘરનું વિતરણ

સુરત : તા. ૧૮/૫/૨૫ શ્રમજીવીઓને ૬૦૦ કિલો કેરી વિતરણ

નિકોલ : તા. ૧/૬ ના રોજ આમ્રોત્સવ, શ્રમિકોને વિતરણ

રાજકોટ : તા. ૪/૬ આમ્રોત્સવની કેરીઓનું શ્રમિકોમાં વિતરણ

સુરત : તા. ૨૭ થી ૨૯/૬/૨૦૨૫ ધર્મજીવન ભાવાંજલિ પર્વ પ્રસંગે ધર્મજીવન લોકસેવા ટ્રસ્ટ દ્વારા વિધવા મહિલાઓને સાડી વિતરણ, મહિલા રોજગાર પ્રશિક્ષણ કેન્દ્ર ની સ્થાપના.

સુરત : તા. ૯/૮/૨૦૨૫ ના રોજ ૧૭૦૦ મી સહજાનંદ પાઠશાળા કથા પ્રસંગે શ્રોતાજનો તરફથી જરૂરિયાતમંદ પરિવારોમાં ૧૭૦૦ રાશન કીટનું વિતરણ

ભરુચ : મકરસંક્રાંતિએ ૨૫૦ ધાબળા વિતરણ, રથાયાત્રાએ ૧૨૪ ગરીબ મહિલાઓને સાડી વિતરણ

ડલાસ : કેલિફોર્નિયાના દાવાનળ વખતે અસરગ્રસ્તોને સહાય નિમિત્તે ભક્તજનો દ્વારા **Walk-a-thon** કરી આર્થિક સહાય તથા બાલ સંસ્કારના દીકરા-દીકરીઓ દ્વારા **Feed My Starving Children** સંસ્થાને કુપોષિત બાળકો માટે ૧૩૬૪૫ પૌષ્ટિક ફૂડ પેકેટ અપાયા.

સુરત : તા. ૨/૯/૨૦૨૫ અનાથ આશ્રમ ભોજન પ્રસાદ

વિદ્યા સહાય ફી માફી

ભગવાન શ્રી સ્વામિનારાયણના પૃથ્વીને વિષે સદ્વિદ્યાના પ્રવર્તન અને સર્વજીવહિતાવહના સંદેશ અનુસાર પૂજ્ય ગુરુદેવે રાજકોટમાં સૌપ્રથમ દરરોજના ૧/- રૂ. લવાજમમાં વિદ્યાર્થીઓને અન્નદાન, વિદ્યાદાન સાથે અભયદાનના સદાવ્રતનો પ્રારંભ કરેલ. પૂજ્ય ગુરુદેવના એ વારસાને પૂજ્ય ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી અને સર્વ સંતમંડળ રાજકોટ ખાતે આજે પણ ૩૬૦/- રૂ. લવાજમ રાખીને નિભાવી રહ્યા છે. ચાલુ વર્ષે ૭૩૫ વિદ્યાર્થીઓ એ લવાજમ સાથે અભ્યાસ કરી રહ્યા છે.

આ ઉપરાંત રતનપર ગુરુકુલમાં કોલેજના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક રીતે છાત્રાલયમાં રહેવા જમવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. શિષ્યવૃત્તિ અને મંત્રલેખન સ્કીમના માધ્યમથી સુરત, હૈદરાબાદ, તરવડા, નિકોલ, જામનગર આદિક શાખાઓમાં લાખો રૂપિયાની સહાય વિદ્યાર્થી-વાલીઓને થઈ છે. તરવડા ગુરુકુલમાં અપડાઉન કરતા પ્રાથમિક શાળાના એક હજાર ઉપરાંત વિદ્યાર્થીઓને દરરોજ બપોરે નિઃશુલ્ક ભોજન કરાવવામાં આવે છે.

મહોત્સવ - મહામહોત્સવ

ઉત્સવિયા ભગવાન શ્રીસ્વામિનારાયણની પરંપરા મુજબ ગુરુદેવના આદર્શ અનુસાર આ વર્ષમાં નીચે મુજબ ઉત્સવ મહોત્સવ યોજાએલ છે. અત્યાર સુધીમાં ૮૬ ઉત્સવ યોજાયા છે.

શિકાગો : તા. ૩૦/૯ થી ૫/૧૦/૨૦૨૪ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

નર્મદા : તા. ૨ થી ૪/૧૧/૨૪ કલ્યાણ મહોત્સવ, ૧૧મો પાટો.

વાશી મુંબઈ : તારીખ ૧૭ થી ૨૪/૧૧/૨૦૨૪ વિંશતી મહોત્સવ

તરવડા(અમરેલી) : તા.૧૪/૧/૨૫, મકરસંક્રાંતિ મહોત્સવ

સુરત : તા. ૧૩ થી ૧૫/૨/૨૦૨૫ શાસ્ત્રીજી મહારાજની ૩૭મી પુણ્યતિથિએ અનેકવિધ કાર્યક્રમો સાથે પ્રથમ સદ્‌વિદ્યા મહોત્સવ

પાટડી : તા.૧૨ થી ૧૪/૩ પાટોત્સવ પ્રસંગે મંગલ મહોત્સવ

રાજકોટ : તા. ૩૦/૩ થી ૬/૪/૨૦૨૫ દરેક ગુરુકુલ શાખામાં અને વિશેષ સુરત ગુરુકુલમાં ૯ દિનાત્મક બ્રહ્મોત્સવની ઉજવણી

સુરત : તા. ૪ થી ૮/૬/૨૦૨૫ શ્રીહરિઅંતર્ધાન લીલા મહોત્સવ

રાજકોટ : તા. ૧૦/ ૭ /૨૦૨૫ ગુરુપૂર્ણિમા મહોત્સવ

સુરત : તા.૧૦/૭/૨૦૨૫ ગુરુપૂર્ણિમાએ ગુરુવંદના મહોત્સવ

સુરત : તા. ૨૭ થી ૨૯/૭/૨૦૨૫ ધર્મજીવન ભાવાંજલિ પર્વ

હેમીલ્ટન(ટોરોન્ટો) : તા. ૧૭ થી ૨૩/૮/૨૦૨૫ પ્રતિષ્ઠા મહો.

ફીનીક્સ : તા. ૨૮ થી ૩૧/૮/૨૦૨૫ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

નિકોલ : તા. ૪ થી ૬/૧૦/૨૦૨૫ શરદોત્સવ તથા શ્રીપુર મહો.

વૃક્ષારોપણ અને વૃક્ષ ઉછેર

નવસારી : તા. ૨૬/૬/૨૫ ગૌધામ મંદિર કેમ્પસમાં પૂજ્ય ગુરુમહારાજના હસ્તે વૃક્ષારોપણ થયેલ.

વિશ્વ પર્યાવરણ દિને ગુરુકુલ શાખાઓમાં સંતો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ થયેલ. આ ઉપરાંત રતનપર (રાજકોટ) ગુરુકુલ ખાતે વૃક્ષારોપણ અને ફળફળાદિ વૃક્ષોના ઉછેર સાથે શાકભાજીની પ્રાકૃતિક ખેતી થાય છે.

ગુરુકુલ શાખાઓમાં ઉજવાએલ પાટોત્સવો

નિકોલ : તા. ૧૭/૧૦/૨૦૨૪ તૃતીય પાટોત્સવ

સાંતો ડોમીન્ગો : તા. ૧૫/૧૧/૨૦૨૪ પ્રથમ પાટોત્સવ

નેરૂલ(મુંબઈ) : તા. ૨૫/૧૧/૨૦૨૪, ૧૫મો પાટોત્સવ

ઊના(આનંદગઢ) : તા. ૨૯/૧૨/૨૦૨૪, ૧૧મો પાટોત્સવ

કેશોદ : તા. ૨૯/૧૨/૨૦૨૪, ૧૦મો પાટોત્સવ

તરવડા : તા. ૧૪/૧/૨૦૨૫ ઘનશ્યામમહારાજનો ૧૬મો પાટો.

બેંગ્લોર : તા. ૧૮/૧/૨૦૨૫, ઘન. મહારાજનો ૧૪મો પાટો.

હૈદરાબાદ : તા. ૨/૨/૨૦૨૫ ઘન. મહારાજનો ૨૪મો પાટો.

જ્ઞાનબાગ : તા. ૨/૨/૨૫ ઘન. મહારાજનો પંચમ પાટોત્સવ

જૂનાગઢ : તા. ૧૩/૩/૨૦૨૫ બાળ ઘનશ્યામ મહારાજનો પાટો.

પાટડી : તા. ૧૨ થી ૧૪/૩/૨૦૨૫ ના રોજ ૭મો પાટોત્સવ

વડોદરા : તા. ૧૪/૩/૨૦૨૫ છઠ્ઠો પાટોત્સવ

ભાવનગર : તા. ૧૪ થી ૧૬/૩/૨૦૨૫ છઠ્ઠો પાટોત્સવ

નવસારી : તા. ૨૫/૫/૨૦૨૫ ઘન. મહારાજનો ૭મો પાટો.

રાજકોટ : તા. ૧૦/૭/૨૫ ઘનશ્યામમહારાજનો ૧૯મો પાટો.

શિકાગો : તા. ૧૩/૭/૨૫ ઘનશ્યામ મહારાજ ૧લો પાટોત્સવ

સ્પ્રિંગફીલ્ડ : ૧૯/૭/૨૫ ઘનશ્યામ મહારાજનો બીજો પાટોત્સવ

ડલાસ : ૨/૮/૨૫ ઘનશ્યામ મહારાજ નો ૭મો પાટોત્સવ

ન્યુજર્સી : ૧૦/૮/૨૫ ઘનશ્યામ મહારાજનો ૧૨મો પાટોત્સવ

એટલાન્ટા : ૧૭/૮/૨૫ ઘનશ્યામ મહારાજનો ૭મો પાટોત્સવ

લોસ એન્જેલસ : ૭/૯/૨૫ ઘનશ્યામ મહારાજનો બીજો પાટોત્સવ

સામૂહિક રીતે થયેલ તપ - વ્રત

બ્રહ્મહોત્સવ-૨૦૨૫ : ૧૬૦ સંતો દ્વારા તપ વ્રત : ૯ દિવસ ઉપવાસ-૫૨, હરિચાંદ્રાયણ-૭, ફલાહાર-૪૮

૩૩૪૦ ભક્તજનો દ્વારા તપ વ્રતઃ (૧૧૮૨ પુરુષો, ૧૧૦૨ મહિલાઓ, ૧૦૫૬ વિદ્યાર્થીઓ) એકટાણાં-૮૪૬, ફલાહાર-૯૮૩, ઉપવાસ-૨૯૫, હરિચાંદ્રાયણ-૧૧૦

૩૬૪૦ વિદ્યાર્થીઓ + ભક્તજનો દ્વારા માઘ સ્નાન

ચાતુર્માસમાં ૧૫૨ સંતો દ્વારા તપ-વ્રત : ધારણા પારણા, દંડ ચાંદ્રાયણ, પારાક વ્રત, પયોવ્રત, માસોપવાસ આદિ વ્રતો.

દર એકાદશીના નકોરડા ઉપવાસ હજારો વિદ્યાર્થીઓ કરે છે.

ચાતુર્માસમાં ગુજરાત તથા દક્ષિણ ભારતની શાખાઓમાં વિદ્યાર્થી દ્વારા તપ-વ્રત : પારક-૩૪, ચાંદ્રાયણ-૯૮, ધારણા પારણા-૨૫૪, એકટાણાં-૬૫૨

આ ઉપરાંત દર શ્રાવણ મહિનામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એકટાણાં કરે છે.

ગૌસેવા સંવર્ધન-ગોબર ગેસ પ્લાન્ટ

રાજકોટ ગુરુકુલમાં શાસ્ત્રીજી મહારાજે શરૂ કરેલ ગૌસેવા પ્રવૃત્તિ આજે પણ શાખાઓમાં કાર્યરત છે. હાલમાં સરકારશ્રીના ગાય-ગૌશાળા આધારિત ગોબરગેસ એનર્જી સંવર્ધન ખાતાના ઝેડા કું. (ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી)ના સહયોગથી ગુરુકુલની નીચેની શાખાઓમાં ગોબર ગેસ પ્લાન્ટ પણ સંતોની દેખરેખ હેઠળ કાર્યરત છે.

રાજકોટ : ૪૫ ગીર ગાયોની સેવા

નવસારી : ૯૩ ગીર ગાયોની સેવા

કેશોદ : ૫૫ ગીર ગાયોની સેવા

તરવડા : ૭૨ ગીર ગાયોની સેવા

જ્ઞાનબાગ : ૨૦ ગીર ગાયોની સેવા

હૈદરાબાદ : ૧૨૫ ગીર ગાયોની સેવા,

સુરત : ૩ ગીર ગાયોની સેવા

ભાયાવદર : ૫૨ ગીર ગાયોની સેવા

નર્મદા : ૧૨૫ ગીર ગાયોની સેવા

પાટડી : ૨૦ ગીર ગાયોની સેવા

ઊના : ૫ ગીર ગાયોની સેવા

વિવિધ સત્સંગ સભાઓ

એક અંદાજ મુજબ સંસ્થા દ્વારા જેમાં ઓછામાં ઓછા બેથી વધારે સંતોની હાજરી હોય તેવી ૧ વર્ષમાં પંદરેક હજાર જેટલી સત્સંગ સભાઓ યોજાતી હોય છે. આ સભાઓ જોઈએ તો...

નિત્ય : સવારની હરિભક્તોની અને સાયંકાળે દૈનિક વિદ્યાર્થી સભા

અઠવાડિયે : રવિવારે સાંજે વચનામૃત કથા, રવિસભા, દર સોમ કે ગુરુવારે વિદ્યાર્થીઓ માટે આત્મીયસભા તથા બાલસભા, આ ઉપરાંત યુવા સંતો દ્વારા ધાર્મિક તથા પ્રોજેક્ટ સભા.

દર એકાદશીએ : વિશેષ ધૂન કીર્તન સાથે જાગરણ સભા

દર મહિને : રાજકોટ-સુરતમાં સહજાનંદી સભા, નવસારીમાં અભ્યુદય સભા, જૂનાગઢમાં જ્ઞાનસભા તેમજ તરવડા, મુંબઈ, મોરબી, શાંતિગ્રામ(અમદાવાદ), હિંમતનગર, ઊના, જસદણ, જામનગર, ભરુચમાં માસિક સત્સંગ સભા નિયમિત રીતે યોજાય છે.

બાલ ગુરુકુલ સભા : શહેરના બાળકો તથા બાલિકા માટે દર સપ્તાહે સમર્પિત કાર્યકર્તા ભક્તજનો દ્વારા યોજાતી સભાઓ ૮૭૦ છે.

યુવા ગુરુકુલ સભા : દર અઠવાડિયે કે પંદર દિવસે ગ્રામ્ય કે શહેરના પરા વિસ્તારોમાં યોજાતી આ સભાકેન્દ્રની સંખ્યા ૨૬૪ જેટલી છે.

ભૂતપૂર્વ સભા : દર ગુરુવારે રાત્રે ૮:૩૦ વાગે હૈદરાબાદ શાખા

પ્રેમવતી મહિલા સંસ્કાર કેન્દ્રો દ્વારા થયેલ સત્સંગ સેવા પ્રવૃત્તિ ભજન-અનુષ્ઠાન

સંસ્કાર કેન્દ્રો : રાજકોટ, સુરત વેડરોડ-મોટાવરાછા-યોગીચોક, કેશોદ, જસદણ, ઊના, મુંબઈ, નીલકંઠધામ, વર્ણીન્દ્રધામ

અધ્યાત્મ સેવા : * મહિલા સભા - ૭૧૧ * યુવતી સભા - ૧૨૧ * કિશોરી સભા-૯૨ * બાલિકા સભા - ૧૩૯૨ * એકાદશી સભા - ૩૦૮ * મહાપૂજા - ૪૩૬૨ * પધરામણી - ૧૭૪૯ * વર્તમાન ધારણ - ૯૭૩ * પૂજાપેટી - ૧૩૨ * હોમાત્મક યાગ - ૧૭ * જલાભિષેક યજ્ઞ - ૧૬૧ કલાક * વ્યાખ્યાન માળા - ૪૯ * સ્નેહગીતા કથા, હરિલીલામૃત કથા-૨, ચરિત્ર કથા, સત્સંગિજીવન કથા-૪.

શિબિર / સભા : મહિલા સત્સંગ પાઠશાળા-૧૪, સત્સંગ મુક્તમિલન સભા-૩, મહિલામંચ-૧૧, વિદેશ સભા-૩૫, અન્ય સભા-૯૩, એન્જોય ડે-૭, સેમિનાર-૩

ઉત્સવ : ગુરુપૂર્ણિમા-૨, હિંડોળા ઉત્સવ-૧૨૭, ડબરા ઉત્સવ-૯, શાકોત્સવ-૧૫, પાટોત્સવ-૩, જળઝીલણી-૩, ગણેશપૂજન-૫, જન્માષ્ટમી-૮, રક્ષાબંધન-૧૨, આમ્રોત્સવ-૭, પ્રાગટ્યોત્સવ-૫, અંતર્ધાનલીલા, મકરસંક્રાંતિ, રંગોત્સવ, શરદોત્સવ, દીપોત્સવ આદિ ઉત્સવોની ઉજવણી.

ભજન-અનુષ્ઠાન : શિક્ષાપત્રીપાઠ-૧૬૦૮, લેખન-૨૦૦, આદિનારાયણકથા-૫, ભક્તચિંતામણિપાઠ-૯૮૬, વચનામૃતપાઠ-૮, ભક્તચિંતામણિ યજ્ઞ-૧૨, વંદુપાઠ-૩૫,૩૮૮ ઓરડા પદગાન-૨૧૧૬ * ધૂન-૫૫૫ કલાક * કીર્તન ભક્તિ-૪૭૯ * મંત્રલેખન-૧૪૨ કલાક, પ્રદક્ષિણા-૭૭૨૧, મંત્રજાપ-૪,૪૪,૭૦,૬૦૦, અન્ય યજ્ઞ-૮, જનમંગલ પાઠ-૩૯,૧૪૨, હરિસ્મૃતિ પાઠ-૩૩૧, પુરુષોત્તમ પ્રકાશ પાઠ-૨૧૭, શાંતિપાઠ-૧૩૭

વિશેષ : યાત્રા પ્રવાસ-૧૮, પદયાત્રા-૧૩, રથયાત્રા

દેશ-વિદેશમાં સંતોનું સત્સંગ વિચરણ

વિદેશ સત્સંગ વિચરણ

લંડન(હેરો) : તા. ૧૧ થી ૨૭/૧૦/૨૦૨૪ પૂજ્ય શ્રીવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય સ્વયંપ્રકાશદાસજી સ્વામી

લંડન : તા. ૧૧ થી ૨૭/૧૦/૨૦૨૪ સંતોનું સત્સંગ વિચરણ, પૂજ્ય ગુરુમહારાજ તથા પૂજ્ય મહંતસ્વામી આદિ સંતો

આફ્રિકા : તા. ૩૦/૧૨/૨૪ થી ૪/૨/૨૫ પૂજ્ય ગુરુમહારાજ, પૂજ્ય મહંતસ્વામી, આદિ નાઈરોબી, મોમ્બાસા, કંપાલા

દુબઈ : તા. ૪ થી ૯/૨/૨૦૨૫ પૂજ્ય મહંતસ્વામી દુબઈ યાત્રા

ઓસ્ટ્રેલિયા : તા. ૧૧ થી ૨૮/૪/૨૫ પૂજ્ય મહંતસ્વામી તથા સંતો તથા પાર્ષદ જયદેવ ભગત, બ્રિસ્બેન, પર્થ, મેલબોર્ન

ઓસ્ટ્રેલિયા : મેલબોર્ન શાખાથી સંતોનું બ્રિસ્બેન, પર્થ, આલબરી એડિલેટ આદિ સ્થાનોમાં વર્ષ દરમિયાન વિચરણ થયેલ.

યુ.કે. લંડન : તા. ૧૫/૫ થી ૧/૬/૨૫ અભ્યુદય સત્ર, પૂજ્યપાદ મહંતસ્વામી, પૂજ્ય મુકુંદસ્વરૂપદાસજી સ્વામી તથા શાંતિપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય ચૈતન્યસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય ધ્યેયસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય યોગદર્શનદાસજી સ્વામી

લેટિન અમેરિકા : મુકુંદ સ્વામીની પ્રેરણાથી એટલાન્ટા ગુરુકુલથી કિશોરભાઈ સાવલિયા અને મયંકભાઈ પરીખ દ્વારા તા. ૩૦/૫ થી ૩/૬/૨૦૨૫ સુધી સાંતોડોમિંગો તથા તા. ૪ થી ૧૦/૬/૨૦૨૫ સુધી કોલંબિયા વિચરણમાં પધારેલ.

યુરોપ : તા.૩ થી ૧૭/૬/૨૦૨૫ પૂજ્ય શાંતિપ્રિય સ્વામી, પૂજ્ય મુકુન્દસ્વરૂપ સ્વામીનું જર્મની, બેલ્જિયમ, પોલેન્ડમાં વિચરણ

મલેશિયા - વિયેટનામ : તા. ૧૦ થી ૨૬ જુલાઈ ૨૦૨૫, પૂજ્ય ભક્તિતનયદાસ સ્વામી, શાસ્ત્રી મંગલસ્વરૂપદાસ સ્વામી, સાધુ પુરુષોત્તમપ્રિયદાસ સ્વામી, ગવૈયા સાધુ વંદનપ્રિયદાસ સ્વામી, હરિકૃષ્ણદાસજી સ્વામી, કીર્તન ભગત

આફ્રિકા : ફેબ્રુઆરી ૨૫ દરમિયાન આફ્રિકાના ઝીંઝા શહેરમાં નવી શાખામાં સેવારત સંતો તારીખ ૧૩/૭/૨૫ થી શ્રીવલ્લભદાસ સ્વામી, જગતપ્રકાશદાસ સ્વામી, આત્મસ્વરૂપ સ્વામી આદિ પધારેલ

અમેરિકા-કેનેડા-લંડન-દુબઈ : તા. ૧૧/૭ થી ૧૫/૯/૨૦૨૫ પૂજ્ય મહંતસ્વામી, પૂજ્ય જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય વિશ્વસ્વરૂપદાસ સ્વામી, પૂજ્ય શ્રીવલ્લભદાસજી સ્વામી તથા પૂજ્ય ત્યાગવલ્લભદાસજી સ્વામી, શાસ્ત્રી કૃષ્ણચરણદાસજી સ્વામી, શાસ્ત્રી ચૈતન્યસ્વરૂપદાસ સ્વામી તથા સાધુ હરિવત્સલદાસજી સ્વામી, સાધુ ઘનશ્યામપ્રિયદાસજી સ્વામી, સાધુ મંત્રસ્વરૂપદાસજી સ્વામી

દેશમાં સત્સંગ વિચરણ

ઉત્તર-પૂર્વ-મધ્ય-દક્ષિણ ભારત : સાધુ કીર્તનપ્રિયદાસ સ્વામી, સાધુ અનંતસ્વરૂપદાસ સ્વામી તથા સાધુ ભજનપ્રિયદાસ સ્વામી આદિ સંતો છેલ્લા ૬ વર્ષથી વર્ષમાં આઠેક મહિના ભારતના વિવિધ રાજ્યોમાં ઠાકોરજી સાથે વિચરણ કરી સંગીતના સથવારે હિન્દી અને ગુજરાતીમાં કથા-પ્રવચન કરી મુમુક્ષુ ભક્તોના સત્સંગનું પોષણ કરે છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, બિહાર, તામિલનાડુ, ઓરિસ્સા, કેરાલા, પોંડીચેરી, રાજસ્થાન આદિ રાજ્યોના મુંબઈ, પૂના, બારામતી, જયપુર, ઉદયપુર, નાસિક, રાંચી વગેરે શહેરોમાં આ સંતમંડળનું વિચરણ સતત થતું રહે છે.

આ વર્ષે તા. ૯/૮ થી ૫/૯ ૨૦૨૪ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર આદિ રાજ્યોમાં તથા ૧૧/૧૨ થી ૧૦/૧/૨૦૨૫ દરમિયાન તામિલનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ તથા તા. ૧૧/૧૨/૨૪ થી ૧૦/૧/૨૫ દરમિયાન ઉત્તર, પૂર્વ, મધ્ય અને દક્ષિણ ભારત ઉપરાંત તા. ૧૦ થી ૨૬/૪/૨૫ ભુવનેશ્વર કટક કોલકાતા આદિ શહેરોમાં વિચરણ કરેલ છે. તા.૨૧/૭ થી ૮/૮/૨૫ તથા તા. ૧૧ થી ૨૮/૮/૨૫ દરમિયાન મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્ણાટક અને છત્તીસગઢમાં વિચરણ કરેલ, જેમાં કુલ ૧૦૬ સત્સંગસભા અને ૧૦૭૯ પધરામણી થયેલ છે.

નૂતન સેવા સોપાન

૧૨ ઓક્ટોબર ૨૦૨૪ । ભાયાવદર

પૂજ્ય મહંતસ્વામીના હસ્તે નૂતન વિદ્યાલય ભવનનું ખાતમુહૂર્ત

તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૪ । જામનગર

પૂજ્ય મહંતસ્વામીના હસ્તે ધર્મજીવન છાત્રાલયનું ખાતમુહૂર્ત

તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૪ । ભરુચ

નેશનલ હાઈવે ૪૮ ઉપર ૨૬ વીઘા સંપાદિત ભૂમિમાં પૂજ્ય ગુરુમહારાજ તથા પૂજ્ય મહંતસ્વામી આદિ સંતોની ઉપસ્થિતિમાં નૂતન શાખા વિદ્યાભવન અને હરિકૃષ્ણધામનું ખાતમુહૂર્ત

તા. ૧૮ ઓક્ટોબર ૨૦૨૪ । નવસારી

પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા ગુરુ મહારાજ તથા ૫૦ ઉપરાંત સંતો, પંદરસો ભાવિકોના હસ્તે સાંસ્કૃતિક ગૌધામનું ઉદ્‌ઘાટન

તા. ૨૦ ઓક્ટોબર ૨૦૨૪ । ઊના (ગિર સોમનાથ)

ઊના-ગિરગઢડા રોડ ઉપર શહેરથી દોઢેક કી.મી.ના અંતરે ૧૫ વીઘા ભૂમિ ઉપર નૂતન શાખાનું રાજ્યપાલ શ્રી દેવવ્રતજી તથા પૂજ્ય ગુરુમહારાજ અને મહંતસ્વામીના હસ્તે ખાતમુહૂર્ત

તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ । દિલ્હી

ગુરુગ્રામ નૂતન શાખા ઉદ્‌ઘાટન, પૂજ્ય મહંતસ્વામીની ઉપસ્થિતિમાં સમૂહ ૧૦૮ મહાપૂજા, ક્લાસરૂમ ઉદ્‌ઘાટન

તા. ૨૩ નવેમ્બર ૨૦૨૪ । ભીલાઈ(છતીસગઢ)

પૂજ્યપાદ મહંતસ્વામી તથા રાજ્યપાલ શ્રી રમેણ દેકા સાહેબના હસ્તે નૂતન શાખાનું ઉદ્‌ઘાટન અને વિદ્યાલય ભવનનું અનાવરણ તેમજ વાર્ષિકોત્સવ

તા. ૨૭ નવેમ્બર ૨૦૨૪ । નેલ્લુર(આંધ્રપ્રદેશ)

નૂતન શાખાનું પૂજ્ય મહંતસ્વામીના હસ્તે ભૂમિપૂજન

તા. ૨૯ નવેમ્બર ૨૦૨૪ । ખમ્મમ(તેલંગણા) નૂતન શાખા

પૂજ્ય મહંતસ્વામી તથા જલગમપ્રસાદ રાવના હસ્તે ભૂમિપૂજન

તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ । હિંમતનગર

નૂતન શાખાનું પૂજ્ય ધર્મવલ્લભદાસ સ્વામીના હસ્તે ભૂમિપૂજન, તા. ૯/૨/૨૦૨૫ પૂજ્ય ગુરુમહારાજના તથા સંતોના હસ્તે ખાતમુહૂર્ત

તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ । અમરેલી

રાજ્યપાલ શ્રી દેવવ્રતજી તથા કેન્દ્રીયમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા તેમજ પૂજ્ય મહંતસ્વામી આદિ સંતો મહાનુભાવોની ઉપસ્થિતિમાં નૂતન ધર્મજીવન હોસ્પિટલનું ઉદ્‌ઘાટન

૩૧ જાન્યુઆરી ૨૦૨૫ । રાયપુર(છતીસગઢ) નૂતન પ્રાર્થના મંદિરમાં ઘનશ્યામ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા

૨ ફેબ્રુઆરી ૨૦૨૫ । ઝીંઝા(યુગાન્ડા) વસંતપંચમી

આફ્રિકામાં પ્રથમ વખત પૂજ્ય ગુરુમહારાજ, પૂજ્ય મહંતસ્વામી આદિ સંતો તેમજ ભૂમિ દાતા મગનભાઈ ઠુંમર તથા સ્થાનિક મહાનુભાવો તથા હરિભક્તોની ઉપસ્થિતિમાં ૬૩ એકર ભૂમિમાં નૂતન શાખાની ૩ બિલ્ડીંગોનું ખાતમુહૂર્ત- ભૂમિપૂજન

૨૮ માર્ચ ૨૦૨૫ । મુંબઈ(ચોક)

ટેનીસ કોર્ટનું પૂજન

૬ એપ્રિલ ૨૦૨૫ । સુરત

ગુરુકુલ પોલીક્લિનીક અને લેબોરેટરીનું પૂજ્ય ધર્મવલ્લભદાસ સ્વામી હસ્તે ખાતમુહૂર્ત

૬ એપ્રિલ ૨૦૨૫ । વિજયવાડા

ક્રિકેટ ગ્રાઉન્ડનું ઉદ્‌ઘાટન

૨૧ એપ્રિલ ૨૦૨૫ । બેંગ્લોર

નૂતન વિદ્યાલય ભવનનું ખાતમુહૂર્ત

૩૦ એપ્રિલ ૨૦૨૫ । જસદણ

ભાવનગર હાઈવે ઉપર ૩૮ વીઘા ભૂમિમાં નૂતન શાખાનું પૂજ્ય ગુરુમહારાજ, પૂજ્ય મહંતસ્વામીના હસ્તે ખાતમુહૂર્ત

૩૦ એપ્રિલ ૨૦૨૫ । મૈસુર

નવા છાત્રાલય ભવનનું ખાતમુહૂર્ત

૧ મે ૨૦૨૫ । ભચાઉ

પૂજ્ય ગુરુમહારાજ, પૂજ્ય મહંતસ્વામીના હસ્તે ૧૪ એકર ભૂમિમાં નૂતન શાખાનું ખાતમુહૂર્ત

૧ જૂન ૨૦૨૫ । નર્મદા

નૂતન નીલકંઠ ભવન સભા હોલનું સમૂહ મહાપૂજા સાથે પુરાણી શ્રી ધર્મવલ્લભદાસ સ્વામીના હસ્તે ઉદ્ઘાટન

૧૮ જૂન ૨૦૨૫ । તિરુપતી(આંધ્રપ્રદેશ)

નૂતન શાખાનું ઉદ્ઘાટન, મહાપૂજા તથા વાસ્તુ યજ્ઞ

૨૭ જૂન ૨૦૨૫ । રાયપુર

નૂતન ઓફિસનું ઉદ્ઘાટન, મહાપૂજા

૨૮ જૂન ૨૦૨૫ । સુરત

ગુરુમહારાજ દ્વારા ગુરુકુલ વિદ્યાલય એ.આઈ. લેબનું ઉદ્ઘાટન

૩૦ જૂન ૨૦૨૫ । નર્મદા :

ગુરુમહારાજના હસ્તે હનુમાનજીના નૂતન મંદિરનું ભૂમિપૂજન

૧ જુલાઈ ૨૦૨૫ । વિદ્યાનગર

પૂજ્ય ગુરુમહારાજ, પૂજ્ય મહંતસ્વામી હસ્તે નૂતન છાત્રાલય ભવન-પ્રાર્થનામિંદિરનું ઉદ્ઘાટન

૩૧ જુલાઈ૨૦૨૫ । નાગપુર

નૂતન પ્રાર્થનામંદિરમાં મહાપૂજા સાથે ઉદ્ઘાટન

જુલાઈ/ઓગસ્ટ ૨૦૨૫ । તરવડા

પી.ટી.સી. કોલેજનો પૂર્વવત્ પ્રારંભ, ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ શિક્ષકની તાલીમ લઈ રહ્યા છે.

૨૫ ઓગસ્ટ ૨૦૨૫ । તિરુપતી

‘વિશ્વંભરમ્’ ભોજનાલય ઉદ્ઘાટન

૨૬ ઓગસ્ટ ૨૦૨૫ । બેંગ્લોર

ડ્રીમ સ્પેસ ઉદ્ઘાટન-3D VFX અને ડિજિટલ આર્ટ્સ લેબોરેટરીનો પ્રારંભ

૨૭ ઓગસ્ટ ૨૦૨૫ । ભરુચ

નૂતન સંતનિવાસ ઉદ્ઘાટન, ઠાકોરજીના થાળ, મહાપૂજા, ૪૦ સંતો તથા ભક્તોની ઉપસ્થિતિ.

સામાજિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રની વિશિષ્ટ બાબતો

૩ થી ૧૪ ઓક્ટોબર, ૨૦૨૪ । તરવડા ગુરુકુલ

૨૭૦ વિદ્યાર્થીઓએ ભક્તચિંતામણિના ૨૭૦ પાઠ કર્યા

૫ ઓક્ટોબર ૨૦૨૪ । હરિયાણા

હિમાલય ચારધામ યાત્રા પ્રસંગે માનનીય રાજ્યપાલ આચાર્ય શ્રી દેવવ્રતજી સંચાલિત હરિયાણા ગુરુકુલની મુલાકાતે ૫૦ જેટલા સંતો પાર્ષદો પધાર્યા.

૮ ઓક્ટોબર ૨૦૨૪ । તરવડા ગુરુકુલ

ફોરેસ્ટ અધિકારી દ્વારા વિદ્યાર્થીઓને વન્યજીવ રક્ષણ સેમીનાર

નવેમ્બર ૨૦૨૪ । હૈદરાબાદ ગુરુકુલ

ભૂ.વિ. પ્રવીણ સારસ્વતની એમેઝોન કંપનીમાં સોફ્ટવેર એન્જીનીયર તરીકે વાર્ષિક રૂપિયા ૪૫ લાખના પેકેજથી પસંદગી.

નવેમ્બર ૨૦૨૪ । સુરત ગુરુકુલ

ભૂ.વિ. વિશાલ સેંજરિયાએ વડતાલ દ્વિશતાબ્દીમાં હરિકૃષ્ણ મહારાજ અર્થે વીશ હજાર ચોખાના દાણામાં સ્પેશ્યલ ડ્રીલીંગ કરી બનાવેલ હારની ગ્લોબલ વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા બૂકમાં નોંધ.

૧૨ નવેમ્બર ૨૦૨૪ । વડતાલધામ

વડતાલ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે સંસ્થા દ્વારા જીવન ઉત્કર્ષ પ્રદર્શન તથા પૂજનોત્સવ વિભાગની સેવા તથા સંસ્થાના ૮ મુમુક્ષુ પાર્ષદોને વડતાલ કાર્તિકી સમૈયામાં પરમપૂજ્ય આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ દ્વારા ભાગવતી દીક્ષા.

૧૭ થી ૨૪ નવેમ્બર ૨૦૨૪ । વાશી ગુરુકુલ

ગુરુકુલ શાખાને ૨૦ વર્ષ થતા વિંશતિ મહોત્સવની ઉજવણી

૧૦ જાન્યુઆરી ૨૦૨૫ | રાજકોટ ગુરુકુલ

મકરસંક્રાંતિ પર્વે કામધેનુ ગૌસેવા આયોગના પૂર્વ અધ્યક્ષ ડો. શ્રી વલ્લભભાઈ કથીરીયાના નેતૃત્વમાં ગૌપૂજન મહિમા વિષયક રાષ્ટ્રીય વેબિનારમાં શાસ્ત્રી હરિપ્રિયદાસ સ્વામી દ્વારા વક્તવ્ય.

જાન્યુઆરી ૨૦૨૫ | યુગાન્ડા

આફ્રિકા વિચરણ પ્રસંગે યુગાન્ડાના પ્રેસિડેન્ટ **Yoweri Museveni** ના સુપુત્ર **David Muhoozi** એ પૂજ્ય ગુરુમહારાજ તથા સંતોના દર્શન સત્સંગ કરી આશીર્વાદ મેળવ્યા.

જાન્યુઆરી/ફેબ્રુઆરી ૨૦૨૫ | વાશી ગુરુકુલ

સત્સંગ સમારોહ : તા. ૫/૧ ચોક ગુરુકુલ, તા. ૧૨/૧બદલાપુર ફાર્મ હાઉસ, તા. ૧૦/૧ કાંદીવલી સ્વા. મંદિર, તા. ૧૬/૨ વાશી ગુરુકુલ, ૯/૨ ઘાટકોપર કેશવબાગ હોલ ખાતે.

માર્ચ ૨૦૨૫ | સુરત ગુરુકુલ

૨૮ વર્ષથી ગુરુકુલમાં ચાલતી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનને ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડ દ્વારા એવોર્ડ એનાયત.

જાન્યુઆરી ૨૦૨૫ | ઊના (આનંદગઢ)

છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન ૨૫ કરોડ મંત્રલેખન થયું. દર મહિના પહેલા શુક્રવારે અભ્યુદયસભાનું આયોજન. દર એકાદશીએ મહામંત્રયાગ. અમાસે પૂજનોત્સવ, ધાન્યાભિષેક, ચાખડી પૂજન -બીજમંત્રયાગ તથા સહજાનંદી સભા

૧૩ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ | સુરત ગુરુકુલ

શહેર પોલીસ કમિશ્નર શ્રી અનુપમસિંહ ગેહલોત તથા સુરત શહેર મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી અને સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, શ્રી જિજ્ઞેશભાઈ પાટીલ ગુરુકુલની મુલાકાતે પધાર્યા.

૧૭ ફેબ્રુઆરી તથા ૪ માર્ચ ૨૦૨૫ | સુરત ગુરુકુલ

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિદ ગુરુકુલની શુભેચ્છા મુલાકાતે પધાર્યા અને મહંતસ્વામી સાથે જ્ઞાનગોષ્ઠી કરી.

ફેબ્રુઆરી/માર્ચ ૨૦૨૫ | સમાવર્તન સંસ્કાર

ગુરુકુલ શાખાઓમાં ધોરણ ૧૦/૧૨ બોર્ડના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ પૂર્ણ થતા વડીલ સંતો, શિક્ષકોની ઉપસ્થિતિમાં ભાવભર્યા સમાવર્તન સંસ્કાર સમારોહની ઉજવણી

માર્ચ ૨૦૨૫ | યુગાન્ડા

ગુરુકુલના ભૂ.વિ.પરેશ રતિભાઈ મહેતા (૧૯૯૭ બેચ રાજકોટ) લોકજાગૃતિ - સમાજસેવાની સનાતન ધર્મ ગૌરવરૂપ પ્રવૃત્તિ બદલ યુગાન્ડાના ૬૨ મા સ્વાતંત્ર્યપર્વે રાષ્ટ્રપતિ યોવેટી ક્ગુટા મુસેવેલી દ્વારા ડાયમંડ જયુબેલી મેડલ એનાયત.

જુનીયર એશીયન કપ ૨૦૨૫ | તરવડા ગુરુકુલ

ભૂ.પૂ. વિ. ક્રિશભાઈ રાખોલિયાએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ જૂડો સ્પર્ધામાં ચાઈના ખાતે ગોલ્ડ અને કોરિયા ખાતે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત

૧૩ માર્ચ ૨૦૨૫ | મેલબોર્ન ગુરુકુલ

ધૂળેટી પ્રસંગે ૧૦૦૦ ભારતીયો ગુરુકુલ ઉત્સવમાં પધાર્યા.

૩૦ માર્ચ ૨૦૨૫ | સુરત ગુરુકુલ

ગુજરાત રાજ્ય ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી મુલાકાતે પધાર્યા.

૩૦ માર્ચ થી ૬ એપ્રિલ ૨૦૨૫ | સુરત ગુરુકુલ

ભજનભક્તિ, યજ્ઞ અનુષ્ઠાનના વિવિધ આયોજનો સાથે ૮૦ જેટલા સંતો અને ૩૦૦૦ ભક્તજનો દ્વારા બ્રહ્મમહોત્સવની ભવ્ય અને દિવ્ય ઉજવણી

૩ એપ્રિલ ૨૦૨૫ | સુરત ગુરુકુલ

મહામંડલેશ્વર શ્રી ક્ષીપ્રાગીરીજી મહારાજ મુલાકાતે પધાર્યા.

૬ એપ્રિલ ૨૦૨૫ | સુરત ગુરુકુલ

શ્રીહરિ પ્રાગટ્યોત્સવે સાધુ વિવેકસ્વરૂપદાસજી સ્વામી રચિત શ્રી સ્વામિનારાયણ મહાકાવ્ય પદ્યગ્રંથના ભાગ-૧નું વિમોચન.

૧૨ એપ્રિલ ૨૦૨૫ | રજાઈના ગુરુકુલ

હનુમાન જયંતીએ સુંદરકાંડના પાઠ ૮૦૦ ભાવિકોની ઉપસ્થિતિ

૨૮ મે થી ૧ જૂન ૨૦૨૫ | લંડન(યુ.કે.)

તા. ૨૮/૫ થી ૧/૬ સત્સંગઅભ્યુદય સત્ર, બાલ યુવા સત્સંગ મંડળની વિવિધ એક્ટીવીટી તથા પૂજ્ય મહંતસ્વામી અને શાસ્ત્રી ચૈતન્યસ્વરૂપદાસ સ્વામી આદિ સંતો દ્વારા સત્સંગ કથાવાર્તા તથા શિક્ષાપત્રીની તાત્ત્વિક તથા વ્યાવહારિક મહિમા સમજૂતી

૩૦ માર્ચ થી ૬ એપ્રિલ ૨૦૨૫ | જૂનાગઢ ગુરુકુલ

બ્રહ્મોત્સવ નિમિતે જ્ઞાનબાગ ગુરુકુલમાં ૮ દિવસ ૨ કલાક ધૂન, અભિષેક, મંત્રયાગ અને મહાપૂજા તથા ૨૦૦ ઘેર ઝૂલા ઉત્સવ.

૧૦ થી ૧૨ મે ૨૦૨૫ । વાશી ગુરુકુલ

સ્વા. ધ્યાન કેન્દ્ર પનવેલમાં ૨૩ મા પાટોત્સવની ઉજવણી

૧૫ મે ૨૦૨૫ । જૂનાગઢ ગુરુકુલ

પૂજ્ય જગતપ્રકાશદાસ સ્વામી તથા સંતો દ્વારા મોરવાડા સ્વામિનારાયણ મંદિરમાં ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ

૧૫ મે ૨૦૨૫ । તરવડા ગુરુકુલ

સ્વામિનારાયણ મંદિર ચલાલા, પીઠડીયા, કેરિયાચાડ અને સરંભડામાં પાટોત્સવ ઉજવણી.

૪ જૂન ૨૦૨૫ । રાજકોટ ગુરુકુલ

રાત્રી ફરતી ધૂનના ૧૩ મા વાર્ષિકદિનની ઉજવણી.

૧૭ જૂન થી ૨ જુલાઈ ૨૦૨૫ । રાજકોટ ગુરુકુલ

પૂજ્ય ગુરુમહારાજનું ગુજરાતની શાખાઓમાં સંતમંડળ સાથે વિચરણ તથા ૩૩૩૦ વિદ્યાર્થીઓને વર્તમાન ધારણ કરાવ્યા.

૧૮ જૂન થી ૧ જુલાઈ ૨૦૨૫ । રાજકોટ ગુરુકુલ

પૂજ્ય મહંતસ્વામીએ દક્ષિણ ભારતની શાખાઓમાં ૮૨૬૨ નવા વિદ્યાર્થીઓને વર્તમાન ધારણ કરાવ્યા, સાથે નૂતન સેવા પ્રકલ્પોના ઉદ્‌ઘાટન કર્યા અને સત્સંગસભાઓ યોજાઈ.

૨૨ જૂન ૨૦૨૫ । મેલબોર્ન ગુરુકુલ

પદ્મશ્રી ડો. જગદીશભાઈ ત્રિવેદી દ્વારા ગુરુકુલમાં કાર્યક્રમ પ્રસંગે નવનિર્મિત ભવનમાં બાલસંસ્કાર એક્ટીવીટી માટે ૨૫ હજાર ડોલરની સેવા તથા તેઓશ્રીએ પણ ૫૦૦ ડોલર અર્પણ કરેલ.

૨૫ થી ૩૦ જૂન ૨૦૨૫ । નર્મદા ગુરુકુલ

વેદાંતાચાર્ય શાસ્ત્રી શ્રી સ્વરૂપદાસજી સ્વામીએ સ્વામિનારાયણ સંપ્રદાયની તત્ત્વ મીમાંસા વિષય ઉપર ઇન્ટરનેશનલ સંસ્કૃત કોન્ફરન્સ કાઠમંડુ (નેપાલ) ખાતે જુદા જુદા દેશના ૮૫૦ સંસ્કૃત વિદ્વાન પંડિતોની ઉપસ્થિતિમાં પ્રવચન આપેલ.

૪ થી ૬ સપ્ટેમ્બર ૨૦૨૫ । વડતાલધામ

શિક્ષાપત્રી રાષ્ટ્રીય કોન્ફરન્સમાં શાસ્ત્રી સ્વરૂપદાસજી સ્વામી, શાસ્ત્રી શુકમુનિદાસજી સ્વામી અને સાધુ મુકુંદપ્રિયદાસજી સ્વામીએ વકતવ્ય આપેલ તથા પેપર પ્રેઝન્ટેશન રજૂ કરેલ.

૨ સપ્ટેમ્બર ૨૦૨૫ । સુરત ગુરુકુલ

ગુજરાત સંસ્કૃત બોર્ડ અધ્યક્ષ શ્રી હિમાંજયભાઈ પાલીવાલ ગુરુકુલની શુભેચ્છા મુલાકાતે પધાર્યા.

ઓગષ્ટ ૨૦૨૫ । જસદણ સ્વામિનારાયણ મંદિર

શ્રાવણમાસ દરમિયાન દરરોજ ૩૦ મિનિટ ધૂન તથા ચાતુર્માસ દરમિયાન મહિલા અને પુરુષ ભક્તજનો તેમજ આલ્ફા સ્કૂલના બાળકો દ્વારા ૨૫ કરોડ મંત્રજાપ અનુષ્ઠાન

૨૦૨૪/૨૫ । સુરત ગુરુકુલ

અત્રે ગુરુકુલ સત્સંગ મંડળ ઉપક્રમે... જુદા જુદા ઝોનમાં વર્ષ દરમિયાન થયેલ આયોજનોમાં સત્સંગસભા-૨૨૯, યુવા સભા-૫૯, બાલસભા-૧૭૭, હિંડોળા ઉત્સવ-૧૫ થયેલ છે.

આ ઉપરાંત પુરાણી અક્ષરપ્રિયદાસ સ્વામી સંચાલિત યુવક મંડળ દ્વારા યોજાએલ આયોજનોમાં સહજાનંદ પરિવારોત્સવ -૨ , યુવા કાર્યકર્તા સેમિનાર-૨, નીલકંઠધામ ખાતે ૨૧-૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ડોક્ટર પર્વ, તા. ૭/૩/૨૫, ડોક્ટર સ્નેહમિલન-૨, સહજાનંદી દરબાર-૨, સંકીર્તન સરિતા-૧૨, અન્ય સ્નેહ મિલન-૮, તા. ૧૪/૧ ઉત્તરાયણ પર્વ, તા. ૩૦/૩ તથા ૨૬/૬ કન્યા ગુરુકુલ યજમાન તથા મહાનુભાવો સ્વાગત સમારોહ યોજાએલ. શ્રાવણ માસમાં નીલકંઠ ભગવાનનું પ્રાર્થનામંત્ર સાથે પુષ્પપાંખડી દ્વારા દરરોજ પૂજન તથા તા. ૩૦/૯/૨૫ દાંડી જલઝીલણી ઉત્સવ યોજાએલ.

હિમાલય ચારધામ યાત્રા : તા. ૩ થી ૧૭/૧૦/૨૦૨૪ દરમિયાન ચારધામ સંતયાત્રા, સંસ્થાના ૫૦ સંત પાર્ષદો, ૧૦ સ્વયંસેવકો

સંતો દ્વારા ઉત્તર ભારત પુલહાશ્રમ યાત્રા :

સુરત : તારીખ ૧૮/૪ થી ૩/૫/૨૫ દરમિયાન ૩ સંતો ૧૫૦ ભાવિકો, ત્રણ બસ, સોળ દિવસ **મુંબઈ :** તારીખ ૧૦ થી ૨૪/૪૨૫ સંતો - ૪ અને ૬૫ હરિ ભક્તો બે બસ, ૧૫ દિવસ, **અમદાવાદ :** તારીખ ૧૯/૪ થી ૩/૫/૨૫ - ૩ સંતો ૮૭ ભાવિકો બે બસ, પંદર દિવસ, **રાજકોટ :** તારીખ ૧૦ થી ૨૪/૫/૨૫ - ૩ સંતો ૮૦ ભાવિકો બે બસ, ૧૪ દિવસ

ભગવાન સ્વામિનારાયણના લીલા ચરિત્રો અનંત અને અપાર રહ્યા છે તેમ તે ભગવાનના નામથી ચાલતી ગુરુકુલ સંસ્થાનાં સેવાકાર્યો પણ અપાર રહ્યા છે. અત્રેની વિગત માત્ર ચંદ્રશાખા ન્યાય તરીકે રજૂ થયેલ છે અર્થાત્ ઘણા બધા સેવાકાર્યોનો સમય, મર્યાદાને લીધે સમાવેશ થઈ શકેલ નથી.

વિદ્યાર્થીઓએ મેળવેલ શૈક્ષણિક સિદ્ધિઓ અને ગૌરવપ્રદ બાબતો

નવેમ્બર ૨૦૨૪ | સુરત ગુરુકુલ

ધો. ૯ ના વિદ્યાર્થી ઈશાન વશિષ્ઠભાઈ કલાકુંભ અંતર્ગત તબલા વાદન સ્પર્ધા ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમે.

ડિસેમ્બર ૨૦૨૪ | સુરત ગુરુકુલ

મિનિસ્ટ્રી ઓફ પાવર ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા વિષયક રાષ્ટ્રીય ચિત્રકલા પ્રતિયોગીતા-૨૦૨૪માં ક્રિષ્ના મકવાણાએ નેશનલ લેવલે ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કરી દિલ્હી ખાતે ઉપરાષ્ટ્રપતિ હસ્તે ટેબ્લેટ સાથે રૂપિયા એક લાખનું ઈનામ મેળવેલ.

નવેમ્બર ૨૦૨૪ | જૂનાગઢ ગુરુકુલ

વિદ્યાર્થી દેવાંશ કાપડિયા અને મિત ગોંડલિયાએ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ -૨૦૨૪ માં લેવાયેલ ક્વીઝમાં સ્ટેટ લેવલે ચતુર્થ રેન્ક તથા અમિત સિદ્ધપુરાએ અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર આયોજિત સંસ્કૃત જ્ઞાન પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવેલ.

ડિસેમ્બર ૨૦૨૪ | રાજકોટ ગુરુકુલ

આંતર શાળાકીય રમતોત્સવ તથા ખેલ મહાકુંભમાં વોલીબોલ રાજ્યકક્ષાએ ધો. ૧૧ કોમર્સના બે વિદ્યાર્થીની પસંદગી.

૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫ | તરવડા ગુરુકુલ

અમરેલી ખાતે સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં ગીતસંગીત, રાસમાં ગુરુકુલના ૫૨ સ્પર્ધકોમાંથી ૪૫ સ્પર્ધકોને વિજેતા ઈનામ

ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ | તરવડા ગુરુકુલ

સ્કૂલ ગેઈમ ફેડરેશન ઓફ ઈન્ડિયા અંતર્ગત રાજ્યકક્ષાની ક્વાટ ગેઈમમાં ઘાડિયા કુશ, વેકરિયા અંકિત, કુંજ પાનસુરિયા તથા જેહાન દેવાણીની રાજ્યકક્ષાએ પસંદગી.

૨૦૨૪-૨૫ | તરવડા ગુરુકુલ

ખેલ મહાકુંભ કરાટે સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ ગુરુકુલની ટીમ.

IIT : તરવડા ગુરુકુલના ભૂ.વિ. વેકરિયા પાર્થ IIT હૈદરાબાદ ખાતે કોમ્પ્યુટર સાયન્સ માટે Gate ૧૨૦૦ રેન્ક સાથે પાસ થતા પસંદગી પામેલ છે.

૨૨ ઓગષ્ટ ૨૦૨૫ કેમલીન ચિત્ર સ્પર્ધા | સુરત ગુરુકુલ વિદ્યાલય

ઉર્જા સંરક્ષણ, કેમલીન પાવર ગ્રીડ નેશનલ કક્ષાની કેમલીન ચિત્ર સ્પર્ધામાં ૪૦ લાખ ૮૫ હજાર વિદ્યાર્થીઓમાં ગુરુકુલના બે વિદ્યાર્થી નેશનલ કક્ષાએ અને રાજ્ય કક્ષાએ ૯ વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

નેશનલ કક્ષાના વિજેતા બે વિદ્યાર્થી : શાહ તિલક તુષારભાઈ તથા સોનાણી અક્ષર ઉમેશભાઈ,

રાજ્યકક્ષાએ વિજેતા નવ વિદ્યાર્થી : ઝાંઝમેરા હેતાર્થ બલરામભાઇ, વાઘાણી આરવ જનકભાઈ, પાલીવાલ રાજ જીતેન્દ્રભાઈ, કળથિયા પ્રીત બાબુભાઈ, ડુમાણિયા મીતાંગ, કાકલોતર યશ કિરીટભાઈ, પાનસુરિયા ફેનીલ હસમુખભાઈ, માયાણી આર્ય નીલેશભાઈ,વરિયા વંશ ભરતભાઈ,

૧૯ જુલાઈ ૨૦૨૫ ઈન્ટરનેશનલ પીસ પોસ્ટર | સુરત ગુરુકુલ

લાયન્સ કલબ દ્વારા આયોજિત આ સ્પર્ધામાં ગુરુકુલના સોમાલિયા મીતાંશુએ નેશનલ લેવલે પ્રથમ સ્થાન મેળવેલ.

સ્કેટિંગ સ્પર્ધા : નેશનલ કક્ષાની સ્કેટિંગ સ્પર્ધામાં બે વિદ્યાર્થીઓએ સમગ્ર ભારતમાં બીજો અને ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરેલ.

સ્પોર્ટ્સ રાજ્યકક્ષા : કબડ્ડી, ખોખો, એથ્લેટિક્સ, યોગાસન, સ્કેટિંગ, કરાટે, બોક્સિંગ, બેઝબોલ વગેરે જેવી સ્પર્ધામાં સુરત ગુરુકુલના ૨૫ વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાએ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

GK IQ : વિકાસ વર્તુળ ભાવનગર આયોજિત રાજ્ય કક્ષાની પરીક્ષામાં ગુરુકુલના એક વિદ્યાર્થી ટોપ ટેનમાં નંબર પ્રાપ્ત કરેલ છે.

બોર્ડ સિદ્ધિ : ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ માં માં ૯૬.૮૯% પરિણામ મેળવેલ જેમાં 01 વિદ્યાર્થીઆ A1 ગ્રેડ અને 03 વિદ્યાર્થીઆ A2 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે, જેમાં ડુંમર શિવમ્ વિપુલભાઈ PR-૯૯.૪૮ એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ તથા ૩ વિદ્યાર્થી IIT સ્થાન પ્રાપ્ત કરેલ છે.

[1] VITHANI KIRTAN [IIT-JODHPUR]
[2] VARIYA JASH [IIT-ROORKEE]
[3] SRIVASTAV AAYUSHRAJ [IIT-Qualified)

TSTપ્રખરતા શોધ કસોટી [TST] TOP -૧૦૦૦ વિદ્યાર્થીઓ માંથી ગુરુકુલના ૬ વિદ્યાર્થીઓએ સ્કોલરશીપ પ્રાપ્ત કરેલ.

PSE : પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા, જેમાં ૧ વિદ્યાર્થીએ અને

SSE: માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા SSE, જેમાં ગુરુકુલના ૬ વિદ્યાર્થીઓએ સ્કોલરશીપ પ્રાપ્ત કરેલ.

જિલ્લાકક્ષાનો ભાષા સેમીનાર : જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા સુરત ગુરુકુલમાં જિલ્લાકક્ષાનો ભાષા સેમીનાર યોજવામાં આવ્યો જેમાં સુરત જિલ્લાના ૧૦૦ શિક્ષકોએ ભાગ લીધો હતો.

I-FOLLOW : I-FOLLOW અને ટ્રાફિક સિગ્નલ લાઇટ્સના સિમ્બોલની વિશાળ માનવ આકૃતિ બનાવી ટ્રાફિકના નિયમો અને ટ્રાફિક સિગ્નલોને અનુસરવાનો અનોખો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ટ્રાફિક ડિપાર્ટમેન્ટમાંથી ડીસીપી અમિતા વાનાણી, સુરતના DEO ભગીરથસિંહ પરમારસર ઉપસ્થિત રહ્યા હતા.

ધો.૧૧ કોમર્સ PPT પ્રેઝન્ટેશન, વોકેશનલ ફોર્સ તાલીમ શિબિર પાંચ દિવસ

૨૦૨૪-૨૫, ખેલમહાકુંભ । રાજકોટ ગુરુકુલ

આંતર શાળાકીય ૮મો રમતોત્સવ વોલીબોલમાં અંડર-૧૭ રાજ્યકક્ષાએ-૧, ગોળાફેંક ઝોન કક્ષાએ તૃતીય સ્થાન, ૧૦૦ મીટર દોડ પ્રથમ, ચક્ર ફેંક દ્વિતીય, કબડ્ડી ટીમ દ્વિતીય, લાંબી કૂદ દ્વિતીય સ્થાન જે તે રમતના વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ છે.

TST : પ્રખરતા શોધ કસોટીમાં રાજ્ય કક્ષાએ બે વિદ્યાર્થીએ તથા

SSE : માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષામાં ૫ વિદ્યાર્થીઓએ મેરીટમાં સ્થાન પ્રાપ્ત કર્યું.

વર્ષ ૨૦૨૪-૨૫ સ્ટીમ ક્વિઝ (STEM-Science Techonology Engi-neering Maths) : રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધામાં ગુરુકુલ વિદ્યાલયના ૧૨ અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ૧૧ વિદ્યાર્થીઓની પસંદગી

ઓગષ્ટ ૨૦૨૫ । રાજકોટ ગુરુકુલ વિદ્યાલય

NCC CATC Camp માં બેસ્ટ કેડેટ તરીકે સાવલિયા જીલ તથા બેસ્ટ ફાયરિંગ કેડેટ માં મેમકિયા દિલીપ પ્રથમ સ્થાને

INSPIRE AWARD : ગુરુકુલ વિદ્યાલયના બે બાળ વૈજ્ઞાનિકોએ **Innovative ideas** રજૂ કરતા આ વર્ષનો ૨૦૨૪-૨૫નો ઈન્સપાયર એવોર્ડ મળેલ છે.

ફેબ્રુઆરી/માર્ચ ૨૦૨૫ । વાર્ષિક ઉત્સવ

ગુરુકુલ શાખાઓમાં શિયાળુ સત્રમાં ઢળતી સંધ્યાએ પવિત્ર વાતાવરણમાં વિદ્યાર્થીઓ અને વાલીગણને તનમનને શાતા આપતા કલા અને સંસ્કૃતિ સભર વિવિધ કાર્યક્રમો સાથે વાર્ષિકોત્સવની ઉજવણી કાર્યક્રમ અને શાકોત્સવ યોજાએલ.

જૂન/ઓગષ્ટ ૨૦૨૫ । ગુરુકુલ શાખાઓ

૫ જૂન વિશ્વપર્યાવરણ દિવસની વૃક્ષારોપણ દ્વારા ઉજવણી, ૧૪ જૂન વિશ્વરક્તદાતા દિવસની રક્તદાન કેમ્પ્સ દ્વારા ઉજવણી, ૨૧ જૂન વિશ્વયોગ દિવસની સમૂહ યોગાસનો દ્વારા ઉજવણી, ૨૯ ઓગષ્ટ નેશનલ સ્પોર્ટસ ડે વિવિધ રમતો દ્વારા ઉજવણી

૧૮ જુલાઈ ૨૦૨૫ । સુરત ગુરુકુલ

માનનીય મુખ્યમંત્રીશ્રીના જન્મદિને 'એક પેડ માં કે નામ' અંતર્ગત શહેર ભાજપ પ્રમુખશ્રીના હસ્તે વિદ્યાર્થિઓને મોટી સંખ્યામાં તુલસી છોડ વિતરણ તથા વિધવા મહિલાઓને વસ્ત્રદાન

ધાર્મિક તહેવાર : મેગા રાખડી સ્પર્ધા, દેશભક્તિ ગીત સ્પર્ધા, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી,

વિવિધ સેમિનાર : ક્રાઈમ એવરનેસ સેમિનાર, કેરિયર ગાઈડન્સ સેમિનાર, બોર્ડ વોરિયર્સ સેમિનાર,

૮ જુલાઈ ૨૦૨૫ । સુરત ગુરુકુલ

૧૩૦૦ વિદ્યાર્થીઓ દ્વારા ૬૩×૨૪ મી. માનવ આકૃતિની રાખડી

૨૨ જુલાઈ ૨૦૨૫ । સુરત ગુરુકુલ

ધોરણ ૧૦ માં એવન ગ્રેડ મેળવનારને ધર્મજીવન એવોર્ડ

૧૨-૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ । જ્ઞાનબાગ (જૂનાગઢ) ગુરુકુલ

ગુરુકુલના પ્રાચાર્ય શ્રી સુનીલ ડી. પાટીલ સાહેબને બેંગ્લોર એલાયન્સ યુનિ. ખાતે યોજાએલ ઈન્ટરનેશનલ સ્કૂલ લીડર્સ સમિટ ૨૦૨૫ શિક્ષણક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ આંતરરાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ.

૨૯ જાન્યુઆરી ૨૦૨૫ । જ્ઞાનબાગ (જૂનાગઢ) ગુરુકુલ

ખેલ મહાકુંભ અંતર્ગત ૪૦૦ મીટર દોડમાં ડોબરિયા આશિષ બીજા ક્રમે અને ૧૫૦૦ મીટરમાં રાદડિયા કેવીન બીજા ક્રમે તથા સ્કેટીંગમાં …….. ટાઈ કોન્ડુમાં ભોગસરા મેહુલ પ્રથમ ક્રમે.

૫ મી સપ્ટેમ્બર ૨૦૨૫ । દિલ્હી, વિજ્ઞાન ભવન

રાજકોટ ગુરુકુલ ધો. ૯/૧૦ ગ્રાન્ટેડ શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી હિતેષભાઈ ભૂંડિયા સાહેબને શિક્ષક જીવનની શ્રેષ્ઠ કારકીર્દી બદલ દિલ્હી ખાતે શિક્ષકદિને ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુજીના હસ્તે શ્રેષ્ઠ રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડની પ્રાપ્તિ તથા માનનીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબના હસ્તે મેડલ અને સન્માનપત્ર એનાયત થયેલ.

૧૧ જુલાઈ ૨૦૨૫ | જ્ઞાનબાગ (જૂનાગઢ)ગુરુકુલ

નીલકંઠ પારિતોષિક સમારોહમાં વિવિધક્ષેત્રે સિદ્ધિઓ મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રોત્સાહિત ઈનામ તેમજ વિદ્યાર્થી ઝેના રાજા ઓલમ્પિયાડ એક્ઝામીનેશનમાં રાજ્યમાં ટોપર

૨૧ એપ્રિલ ૨૦૨૫ | વડોદરા ગુરુકુલ

ખેલમહાકુંભ અંડર-૧૭ રસ્સાખેંચમાં જિલ્લાકક્ષાએ પ્રથમ તથા રાજ્ય કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવેલ છે.

૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | જામનગર ગુરુકુલ

ખેલમહાકુંભ ૧૦૦ મીટર વિઘ્નદોડમાં લુણાવિયા શુભમ્‌ની રાજ્યકક્ષાએ પંસદગી, લાંબીકૂદમાં બેરા ગોવિંદ બીજું સ્થાન

૨૮ થી ૩૦ ઓગષ્ટ ૨૦૨૫ | જ્ઞાનબાગ (જૂનાગઢ)ગુરુકુલ

ગુરુકુલ ખાતે જિલ્લા કક્ષાનો કલામહાકુંભ યોજાએલ, જેમાં ૧૫૦૦ સ્પર્ધક વિદ્યાર્થીઓએ ૩૭ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ.

ઓગષ્ટ ૨૦૨૫ | ગુલબર્ગા ગુરુકુલ

મેથ્સ જીનિયસ એકઝામમાં ધો. ૧૦ ના અશ્વથ એસ. પાટીલે ૧૨૦ કોયડાઓ ૩.૮ મિનિટમાં ૯૮.૭% પરિણામથી સોલ્વ કરી નેશનલ લેવલે બીજા ક્રમે આવી ૭૫ હજાર રૂ. પુરસ્કાર મેળવેલ.

ઓગષ્ટ ૨૦૨૫ | સુરેન્દ્રનગર ગુરુકુલ

School Games Federation Of India સ્કેટીંગ સ્પર્ધામાં વાઘેલા પાર્થ અને સાંકળિયા યશ રાજ્યકક્ષાએ પંસદગી પામેલ.

આ ઉપરાંત હૈદરાબાદ અને દક્ષિણભારતની ગુરુકુલ શાખાઓમાં નીચે મુજબ વિદ્યાર્થીઓએ સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે.

Date	Event	Medal	Level	Branch
29-Sep-2024	National Karate & Kung-fu Championship	Gold	National	Suryapet
8-Oct-2024	All India Child Art Competition 2024	Gold,silver	National	Hyderabad
15-Oct-2024	Youth Game Championship	Gold,Silver	National	Vidyanagar
4-Nov-2024	Karate Championship	Gold	National	Mysore
13-Nov-2024	World Karate Championship U-13	Gold	National	Suryapet
15-Nov-2024	state-level swimming competition	Silver	State	Mysore
21-Nov-2024	RANG 2024 – 3rd All India Art & Performance Competition	Gold,Silver,Bronze	National	Secunderabad
24-Nov-2024	National Karate Championship	Gold,Silver,Bronze	National	Jadcherla
2-Dec-2024	Indian National Talent Search Olympiad	Gold	National	Hyderabad
16-Dec-2024	National Art Competition	Gold	National	Vidyanagar
31-Dec-2024	National Football Tennis Championship U-14	Bronze	National	Solapur
19-Mar-2025	Best Principal Award	Gold	National	Navi-Mumbai
19-Apr-2025	International Art Competition	Gold	National	Vidyanagar
21-Jun-2025	2nd Asian Yogasana Championship for Trainer @gurukul	Gold	National	Suryapet
25-Jun-2025	Gurukul Students Shine and Won in ITO	Gold	State	Vidyanagar
4-Jul-2025	Gold Medal in Wrestling Tournament	Gold	State	Hyderabad
14-Jul-2025	Gold at State-Level Taekwondo Championship 2025	Gold	State	Secunderabad
20-Jul-2025	National Level Karate Championship	Gold	State	Mysore
23-Jul-2025	Winners In Yoga Competition	Gold	National	Bangalore
24-Jul-2025	Naksh Brings Glory at State-Level Karate Championship!	Gold	State	Secunderabad
30-Jul-2025	State-Level Yoga Competition Achievement	Gold	State	Bangalore
31-Jul-2025	State-Level Karate Championship	Gold,Silver,Bronze	State	NTPC-Lara
1-Aug-2025	5th Grappling- wrestling National Championship Chhattisgarh	Gold	National	Hyderabad
4-Aug-2025	National Level Open Karate Competitions	Gold	National	Mysore
5-Aug-2025	Boxing Championship-Tyson Cup 2025	Gold	State	Secunderabad
15-Aug-2025	Judo Competition	Silver	State	Gulbarga
18-Aug-2025	National Karate Championship & Skating Competition	Gold	National	Mysore
20-Aug-2025	All India Open Karate Championship 2025	Bronze	National	Tirupati
21-Aug-2025	National Level Open Kung-Fu & Karate Championship	Silver	National	Tirupati
1-Sep-2025	Karnataka State Sports Dance Championship	Gold	State	Mysore
9-Sep-2025	National Principal Award	Gold	National	Hyderabad
19-Sep-2025	National-level Telugu essay writing competition	Gold	National	Hyderabad

રાજ્ય તથા કેન્દ્રીય અભ્યાસક્રમમાં ગુજરાત તેમજ દક્ષિણભારત ગુરુકુલ શાખાઓમાં

વિદ્યાર્થીઓએ બોર્ડના પરીક્ષાઓમાં મેળવેલ ઝળહળતી સફળતા

એસ. એસ.સી. બોર્ડ ટોપટેન ૨૦૨૫

ધો. ૧૦ એસ. એસ. સી. બોર્ડ ૨૦૨૫ માર્ચમાં લેવાયેલ પરીક્ષામાં બોર્ડના ટોપટેન પરિણામમાં ગુરુકુલ શાખાના ૧૦ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવેલ છે.

એસ. એસ.સી. બોર્ડ ૨૦૨૫ માં ૧૦૦/૧૦૦

ગણિત, વિજ્ઞાન, સંસ્કૃત આદિ વિષયોમાં ૧૦૦/૧૦૦ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૧

એસ. એસ.સી. બોર્ડ ૨૦૨૫ માં એ-વન ગ્રેડ

૯૦% ઉપર પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓ ૩૧૨

એસ. એસ.સી. બોર્ડ ૨૦૨૫ માં એ-વન ગ્રેડ

૯૯% ઉપર પર્સન્ટાઈલ રેન્ક મેળવનાર વિદ્યાર્થીઓ ૯૪

એસ. એસ.સી. તથા એચ.એસ.સી. બોર્ડ ૨૦૨૫ પરિણામ

રાજકોટ, સુરત, તરવડા, નિકોલ, જ્ઞાનબાગ, વડોદરા, ભાવનગર, આદિ ગુરુકુલ શાખાઓમાં ધો. ૧૦ તથા ૧૨ સાયન્સ/કોમર્સ ફેકલ્ટીનું કુલ પરિણામ ૯૦ થી ૧૦૦%

સી.બી.એસ.ઈ. બોર્ડ ૨૦૨૫ પરિણામ

સમગ્ર ભારતમાં **CBSE** બોર્ડ ધો.૧૦માં એમ. હર્ષદીપ અને ઈશાંક બર્થવાલ એ બે વિદ્યાર્થીઓએ ૫૦૦માંથી ૪૯૪ માર્ક મેળવીને ઓલ ઈન્ડિયા રેન્ક ટોપ ફાઈવમાં સ્થાન મેળવેલ છે. આ ઉપરાંત સમગ્ર ભારતના ૨૩,૭૧,૯૩૯ વિદ્યાર્થીઓમાંથી ગુરુકુલના ૩૨ વિદ્યાર્થીઓએ ટોપ **25** રેન્ક મેળવેલ છે.

ભાયાણી પલ યોગેશભાઈ - 99.99 PR

એચ. એસ.સી. બોર્ડ ધોરણ ૧૨ સાયન્સ ૨૦૨૫

માર્ચ-૨૦૨૫માં લેવાયેલ પરીક્ષામાં રાદડિયા દશરથે ૯૯.૭૦ અને સંખારવા ધાર્મિક ૯૯.૧૧ પી.આર. સાથે એ-વન ગ્રેડ મેળવેલ. એ-વન ગ્રેડમાં ૨, એ-ટુ ગ્રેડમાં ૫૫, બી-વન ગ્રેડમાં ૧૦૨, બી-ટુ ગ્રેડમાં ૯૮ વિદ્યાર્થીઓ આવેલ.

ભાવનગર જ્ઞાનમંજરી એકેડમી સાથે ગુરુકુલ વિદ્યાલયના વિજ્ઞાન પ્રવાહનું જોડાણ થયેલું છે. એ મુજબ નીટ વગેરે પરીક્ષાઓની તૈયારી કરાય છે.

એચ. એસ.સી. બોર્ડ ધોરણ ૧૨ કોમર્સ ૨૦૨૫

માર્ચ-૨૦૨૫માં લેવાયેલ પરીક્ષામાં દેસાઈ કાવ્યે ૯૯.૮૭ પી.આર. સાથે પ્રથમ સ્થાન મેળવેલ. એવન ગ્રેડમાં ૨૫, એ-ટુ ગ્રેડમાં ૧૪૩, બી-વન ગ્રેડમાં ૨૬૧ અને બી-ટુ ગ્રેડમાં ૪૭ વિદ્યાર્થીઓ આવેલ છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ-શાખાઓના સરનામા અને ફોન નંબર

મુખ્ય ઓફિસ - રાજકોટ : ઢેબર રોડ, રાજકોટ - ૩૬૦૦૦૨ મો. નં. ૯૮૨૫૨ ૧૧૧૬૮

જૂનાગઢ : કોલેજ રોડ, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧ મો. નં. ૯૮૨૫૨ ૧૦૦૮૫

સુરત : નાની વેડ, સુરત - ૩૯૫ ૦૦૪, મો. નં. ૯૦૯૯૫ ૧૧૦૦૦/૨૧૦૦૦

તરવડા : તા. જિ. અમરેલી, પીન-૩૬૫ ૬૧૦ મો. નં. ૯૦૯૯૯ ૩૬૨૧૮

નર્મદા : નીલકંઠધામ, પો. પોઈચા, વાયા. રાજપીપળા, જિ. નર્મદા, પીન-૩૯૩૧૪૫ મો. ૯૦૯૯૬ ૨૧૦૦૦

વડોદરા : પો. વરણામા, તા. જિ. વડોદરા-૩૯૧૨૪૩ મો. ૯૦૯૯૮ ૨૧૦૦૦

જ્ઞાનબાગ : મુ. સાબલપુર, રાજકોટ હાઈવે, જૂનાગઢ-૩૬૨૦૩૭ મો. ૯૦૯૯૯ ૭૨૨૦૧

નવસારી : ગણદેવી હાઈ-વે, નવાગામ, નવસારી-૩૯૬૪૭૨ મો. નં. ૯૦૯૯૭ ૨૧૦૦૦

જસદણ : શ્રી સ્વા. મંદિર, કૈલાસનગર, મુ. પો. જસદણ પીન-૩૬૦ ૦૫૦ મો. ૯૯૨૫૦ ૨૬૦૦૬

મોરબી : મોરબી-માળિયા બાયપાસ, ધરમપુર, મોરબી - ૩૬૩ ૬૪૨ ફોન : મો. ૦૨૮૧ ૩૫ ૨૨ ૯૦૪

ભાયાવદર : પડવલા રોડ, તા. ઉપલેટા, જિ. રાજકોટ-૩૬૦૪૫૦, મો. નં. ૯૮૭૯૦ ૦૦૨૫૩

રતનપર : મોરબી હાઈવે, જિ. રાજકોટ પીન-૩૬૦ ૦૦૩ મો. નં. ૯૯૦૪૧ ૬૩૭૦૨

પાટડી : વર્ણીન્દ્રધામ, પાટડી-ફૂલકી રોડ, જિ. સુરેન્દ્રનગર, પીન-૩૮૨ ૭૬૫ મો. ૮૦૦૦૭ ૩૫૦૦૦

જામનગર : ઠેબા ચોકડી, રેલ્વે ઓવરબ્રીજની નજીક, પીન-૩૬૧૧૨૦ મો. ૦૨૮૧ ૩૫ ૨૨ ૯૦૩
કેશોદ : અક્ષયગઢ, જિ. જૂનાગઢ-૩૬૨૨૨૯, મો. ૯૭૧૪૧ ૨૫૪૩૭, ૮૯૮૦૦ ૦૦૧૫૭
નિકોલ : ગુરુકુલ સર્કલ, નિકોલગામ રોડ, અમદાવાદ પીન-૩૮૨૩૫૦ મો. નં. ૮૯૭૦૦ ૦૭૨૨૨/૭૨૨
શાંતિગ્રામ : શાંતિગ્રામ, એસ. જી. હાઇ વે, કેનાલ કાંઠે, અમદાવાદ પીન -૩૮૨૪૨૧, મો. નં. ૯૮૭૯૨ ૦૬૫૯૯
ભાવનગર : મુ. શામપરા(સિદસર), કણકોટ રોડ પીન-૩૬૪ ૦૬૦ મો. નં. ૭૫૭૫૮ ૦૪૪૭૫
ઊના : આનંદગઢ, ભાવનગર રોડ-૩૬૨૫૬૦ મો.નં. ૮૯૮૦૦ ૦૦૧૯૫
વિદ્યાનગર : બાકરોલ-વડતાલ રોડ, પાર્થ ટાઉનશીપ સામે, વિદ્યાનગર - ૩૮૮ ૩૧૫ મો. નં. ૭૮૭૮૭ ૮૭૫૫૪
ત્રંબા : આર.કે. યુનિવર્સીટીની બાજુમાં, ભાવનગર હાઈવે, તા. જિ. રાજકોટ-૩૬૦૦૨૦ મો. ૦૨૮૧ ૩૫ ૨૨ ૯૦૨
રામપર : જામનગર હાઇ વે, તા. પડધરી, જિ. રાજકોટ, મુ. મોટા રામપર, મો. ૯૮૨૫૨ ૧૦૦૯૫
સુરેન્દ્રનગર : માળોદ રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૨૦, મો. નં. ૮૧૪૧૦ ૪૧૦૬૪
હિંમતનગર : ઇડર હાઈ વે, હાંસલપુર, જિ. સાબરકાંઠા પીન-૩૮૩૦૧૦, મો. નં. ૮૨૩૮૨ ૮૨૧૦૮
ભરુચ : નેશનલ હાઈ વે નં. ૪૮, મુળદ ચોકડી, મુ. માંડવા, પીન-૩૯૩૦૦૧, મો. નં. ૯૦૦૦૩ ૦૦૪૮૦
ભચાઉ : રેલ્વે ઓવરબ્રિજ પાસે, ભચાઉ-ભુજ હાઈવે, મું. ભચાઉ, પીન-૩૭૦૧૪૦, મો. નં. ૮૧૪૧૦ ૪૧૦૫૬

Mumbai (Vashi) : Plot 60/A, Sector 29, New Mumbai-400 703 Mo. 80820 47733
Hyderabad : Chevella Road, R.R. Dist, Hyd - 500075, Telangana State Ph : +91 88866 67001/2,
Banglore : Mysore Road, Kengeri, PO. Kumbalgodu, (karnataka)-560074 Ph : +91 98451 95000,
Gulbarga : Airport Road, Dhanvantripuri Layout, Gulbarga - 585102 (KA) Ph : +91 8970008111/222
Raipur : Vill. Bansa, Ta. Berla, Dist. Bemetara 491332 (C.G.) Ph : + 91 8966999111/333
Bidar : Bidar-Zahirabad Rd. Nyalkal (M), Sangareddy (D) (Telangana). PIN - 502256 : Ph : 09010 668566,
Nagpur : Bhandara Road, Po. Wadoda, Ta. Kampthi, Nagpur - 441104 (MH.) Ph. 9595155166
Mumbai (Chowk) : NH-4, Kandroli Vill., Po. Chowk, Ta. Khalapur, Dist. Raigad, MH Ph. 77760 02277
Solapur : Sy No. 211/la, Harini Nagar, Akkalkot Road, Po.Kumbhari, 413006 (MH), Ph : + 91 808 700 6555
Jadcherla : Nagarkarnool Rd, Kistampally Vill, Jadcherla, Telangana - 509301, Ph : 90102 00016
Vijayawada : NH-9, Ibrahim Patnam (M), Krishna (D), (A.P.)-521456 , Ph : +91 9010200093/83
Mysore : KRS Road, Belagola Village, Ta. Srirangpatna, Dist. Mandya, KN-571606 Mo. no. 9845795000
Secunderabad : Cheriyal (V), Keesara(M), ECIL-Keesara Road, Secunderabad, Telangana - 501301
Suryapet : NH 65, Undrugonda Village, Chivvemla Mandal, Suryapet, Telangana, Ph. +91 88844 84421/26
Bhilai : Behind Surya Treasure Island Mall, Surya Vihar Chhattisgarh - 490020, Ph. +91 9039012591/2
NTPC Lara : NTPC Lara Township Mahaloi, Chhattisgarh - 496440, Ph. +91 9109131122
Tirupati : Near Tirupati Airport, Andhrapradesh Ph. +91 77997 72010
Dallas : 621 Park Vista Road, Plano, TX 75094 Ph: +1 (972) 423-1755
Paramus : 205 Spring Valley Road, Paramus, NJ 07652Ph: +1 (201) 882-5815
Chicago : 401 S. Evergreen Ave., Arlington Heights, IL 60005 Ph: +1 (847) 780-1123
Los Angeles : 1901 West Ontario Ave., Corona, CA 92882Ph. +1 (951) 496 - 3223
Phoenix : 1150 W. Superstition Blvd., Apache Junction, AZ 85120 Ph: +1 (602) 800-8003
Atlanta : 2320 Meadow Church Way, Duluth, GA 30097 Ph: +1 (770) 376-5643
San Antonio : 27320 US Highway 281 N, San Antonio, TX 78620 Ph. +1 (830) 201 - 0202
Springfield : 3150 Chatham Road, Springfield, IL 62704 Ph. +1 (217) 220 - 5242
UK (London) : 14 Ivanhoe Drive, Kenton-Harrow, HA3 8QP Ph: +44 20 8248 3620
Australia (Melbourne) : 1596 Boundary Road, Mount Cottrell , VIC - 3024 Ph. +61 407 150 535
Regina : 2625 31st Avenue, Regina, SK S4S 2R3, Canada, Ph. +1 (306)317-9343
Toronto : 154 Edmonton Dr, North York, ON M2J 3X1 Canada, Ph. +1 (519)550-3253
Dominican Republic : Santo Domingo, Distrito Nacional, Dominican Republic Phone: 809-237-5669
Colombia : Calle 26 Norle, Avenida 4-39, Barrio San Vicenle, Cali, Colombia. +57 317 8312673
Jinja (Africa) : Block No. 543, MMP Park, Buwampa Vil., Tongolo Parish, Buikwe Dis., Uganda +256 746 299999

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટની તા. ૧/૧૦/૨૦૨૪ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીના એક વર્ષ અને એકંદરની

વિવિધલક્ષી સેવાકીય પ્રવૃત્તિઓની સંક્ષિપ્ત ઝલક

શિક્ષણ-સંસ્કાર સેવાઃ * ૧,૯૦,૯૦૮ વિદ્યાર્થીઓને સંસ્કાર સાથે શિક્ષણ. * ૪૩,૬૦૭ વિદ્યાર્થીઓનું હાલ જીવન ઘડતર. * હાલ ૧૩,૮૨૪ વિદ્યાર્થીઓને છાત્રાલયમાં નજીવા લવાજમમાં આવાસ, ભોજન, પુસ્તકો અને પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ. * શિક્ષણ, ખેલકૂદ , સાંસ્કૃતિક વગેરે પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ કારકિર્દી.

રોગાતુર સેવા : રાજકોટ અને અમરેલી હોસ્પિટલ દ્વારા આયુ., એલો., હોમિયોપેથિક, આંખની અને દાંતની હોસ્પિટલ, પેથો.લેબ., રેડિયોલોજી, ફિઝીયોથેરાપી-રીહેબીલીટેશન વગેરે સેવા વિભાગ, મેડિકલ સ્ટોર, ચશ્માઘર. * સુવર્ણપ્રાશન * હોસ્પિ.ના કાયમી વિભાગો દ્વારા ચાલુ એક વર્ષમાં ૧,૩૪,૯૨૦ અને જે તે વિભાગના આરંભથી અત્યાર સુધીના ૪૩,૨૩,૯૦૪ દર્દીઓની રાહતદરે કે નિઃશુલ્ક સેવા.

નિદાન કેમ્પ્સ : * હાલમાં ચાલુ કેમ્પ્સ ૯૪ સર્વરોગ * ૫૧૩ નેત્રરોગ * ૧૪૩ દંતરોગ * નિઃશૂલ્ક મેડીકલ વાન દ્વારા- ૬,૩૬,૩૧૩ દર્દી

અગાઉના વર્ષોમાં થયેલ કેમ્પ્સ : ૪૩ ડાયાબીટીસ * ૫ પોલિયો * ૧૫ હૃદયરોગ * ૨૫ ચર્મરોગ * ૧૦ હરસમસા * ૭ નાક-કાન-ગળા * ૨૦ હાડકાં * ૧ થેલેસેમિયા * ૧ કેન્સર * ૧ કીડની * ૩ જનરલ સર્જરી * ૪૨ બાળરોગ * ૨ સ્ત્રી રોગ * ૩ પેટઆંતરડાં * ૨૪ ક્ષય રોગ * ૧૨ કમળા રસી * ૫ ન્યુરોલોજી * ૧૧ હોમિયોપેથી * ૩૭ આયુર્વેદિક * દરેક શાખાના જુદા જુદા ઉત્સવો અને વિશિષ્ટ પ્રસંગ નિમિત્તે ૪૨૪ **રક્તદાન કેમ્પ્સ** દ્વારા ૧,૬૪,૨૮,૦૨૩ સીસી રક્ત જીવતદાન માટે દર્દીઓને સમર્પિત. **વ્યસનમુક્તિ :** સત્સંગસભાઓ અને પધરામણી પ્રસંગે એક વર્ષના ૧૦,૦૦૦ અને કુલ ૯ લાખ ઉપરાંત વ્યસન મુક્ત * સંજીવની નિઃશુલ્ક કલીનીક દ્વારા ૫૩૫૮૬ દર્દીઓની નિદાન સારવાર

મૂક પશુસેવા : * **રાજકોટ ગુરુકુલ** દ્વારા અને **ઘનશ્યામ ગોપાલન ટ્રસ્ટ**, મુંબઈના સહયોગથી એકંદર ૫૨૧ પશુરોગ નિદાન સારવાર કેમ્પ્સ દ્વારા કુલ ૫,૨૫,૩૯૦ મૂક પશુઓની સેવા. * ઈ.સ. ૨૦૦૨થી આઠ વર્ષ સુધી ૩,૪૫૦ ગામોમાં ૩૪.૫૦ લાખ રૂ.નું ગૌસેવા-સંવર્ધન અર્થે વિતરણ. ગુરુકુલ શાખા દ્વારા ૧૧ **ગૌશાળા**માં ૬૧૩ ગાયોની સેવા થઈ રહી છે.

આપદ્ગ્રસ્ત અને અન્ય સેવા : ૪૯ કુદરતી આપદ્ સહાય, અન્ય જનસેવા ૪૩ * ૪૭૦ કૂવા રીચાર્જ * ૮૦૦ ચેકડેમોનું નિર્માણ * ભૂકંપગ્રસ્ત અને અન્ય વિસ્તારોમાં ૫૫ શાળા નિર્માણ અને પુનર્વસન * વ્યાપક પ્રમાણમાં વ્યસનમુક્તિ અભિયાન * વૃક્ષારોપણ અને વનીકરણ અભિયાન

અધ્યાત્મ ક્ષેત્ર : * ૮૬ મહોત્સવ * ૯ જપ યજ્ઞ * ૬૩ બ્રહ્મસત્ર * ૪૧ જ્ઞાનસત્ર * ૨૪ અભ્યુદયસત્ર * ૨૨ ભક્તિસત્ર * ૧૧ સ્પે.યાત્રા ટ્રેઈન * ૩૦૭ સંસ્કાર શિબિર * ૧૬ ઋષિકેશ અધ્યાત્મ શિબિર * ૨૦ ધર્મજીવન સંતશિબિર * ૮ નર્મદા અધ્યાત્મ શિબિર * ૨૩ ચતુર્વેદ પારાયણ * ૧૦૧૮ કથાપારાયણ * ૧૭૬૪ વ્યાખ્યાનમાળા * ૧૫૩ સત્સંગ વિદેશયાત્રા * ૧૨૪ હરિમંદિરનિર્માણ * ૬૫ હરિમંદિર જીર્ણોદ્ધાર * ૨૧ સાંસ્કૃતિક પ્રદર્શન * ૧૪૦૦ પુરુષોત્તમપ્રકાશ યાગ, ૨૪૭ શ્રીહરિયાગ, ૨૪૫ મહાવિષ્ણુયાગ, ૫૦૧ મંત્રયાગ, ૬૦ વચનામૃત યાગ, ૪૦૫ ભક્તચિંતામણિ યાગ, ૧૯૯૩ જલાભિષેક યાગ-વંદુપદગાન યાગ * બાળ યુવા મહિલા મંડળો * ૨૯૭ પુસ્તકોની ૪૨,૬૯,૬૯૬ પ્રતોનું પ્રકાશન * ૧૬૯ ભાગ સહિત ૫૭૦ ઓડિયો કેસેટ * ૧૮૧ સીડી ૫૯૫ ભાગ સહિત પ્રકાશન * આધ્યાત્મિક પઝલ-ગેઈમ * અબજોની સંખ્યામાં મંત્રલેખન * લાખો કલાક અખંડધૂન * સાંસ્કૃતિક કાર્યક્રમ * ૯૦૨ શાકોત્સવ * હજારો સત્સંગસભાઓ

આજીવન : * **રાજકોટ** ખાતે હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં મહાપૂજા તથા સંહિતાપાઠ * શ્રીવિષ્ણુયાગ * દર હરિજયંતીએ પયાભિષેક * દર એકાદશીએ શ્રીહરિની પ્રસાદીભૂત પાદુકાપૂજન તથા સવારે રાજોપચાર પૂજન અને મહાનિરાજન આરતી * મોબાઈલવાન તથા આરોગ્ય કેન્દ્ર દ્વારા રોગાર્ત સેવા * **સુરત** ૨૮ વર્ષથી અખંડધૂન, અખંડ મંત્રલેખન, દરરોજ શ્રીહરિયાગ, મહાપૂજા, દર હરિજયંતીએ પયોભિષેક, સદ્ગ્રંથોના સંહિતાપાઠ, પુરશ્ચરણ, ઠાકોરજીનું પૂજન * માસિક રક્તદાન કેમ્પ, સંકીર્તન સરિતા, સાંસ્કૃતિક કાર્યક્રમો * **મુંબઈ** ખાતે શ્રીવિષ્ણુયાગ, મહાપૂજા, દર પૂનમે હરિકૃષ્ણ મહારાજનો અભિષેક. * મોબાઈલ મેડિકલ વાન દ્વારા રોગાર્ત સેવા * **અમદાવાદ (નિકોલ)** દર હરિજયંતીએ ઘનશ્યામ મહારાજનો પદયાત્રિકો દ્વારા અભિષેક. * **નર્મદા** ખાતે અખંડધૂન, શ્રીવિષ્ણુયાગ, શ્રીરુદ્રયાગ, શ્રીમારુતિયાગ, નીલકંઠવર્ણીનો નર્મદાજળથી અભિષેક, પદયાત્રીઓ માટે સદાવ્રત, વસ્ત્રદાન અને ધાબળા વિતરણ. * મોબાઈલ મેડિકલ વાન દ્વારા રોગાર્ત સેવા, બટુક બ્રાહ્મણોને ધર્મજીવન સંસ્કૃત ગુરુકુલમાં નિઃશુલ્ક પ્રવેશ-૬૦ * **તરવડા** ખાતે દરરોજ ભક્તચિંતામણિ ગાન, મહાપૂજા, હરિજયંતી, પૂનમ, અમાસ, વ્રત ઉત્સવના દિવસે વિષ્ણુયાગ, દર પૂનમે પદયાત્રા, સત્સંગસભા, દરરોજ ૧૦૦૦ બાળકોને નિઃશુલ્ક ભોજન * **પાટડી** ગુરુકુલમાં અખંડ ધૂન-મોબાઈલ મેડીકલ વાન દ્વારા ૬૦ ગામોમાં દર્દીઓની સેવા.

માસિક(મેગેઝીન) : સદ્વિદ્યા(ગુજરાતી) : લવાજમ ૧૦ વર્ષ રૂ.૧૦૦૦, ૫ વર્ષ રૂ .૫૦૦, વિદેશમાં ૫ વર્ષ ૯૦ ડોલર. * **ડીવીનીટી** (DIVINITY) સ્વામિનારાયણ ગુરુકુલ યુ.એસ.એ. થી પ્રકાશિત થાય છે. * **રાજકોટ ગુરુકુલ** યુ ટયુબ ચેનલ અને વેબસાઈટ ઉપર નિયમિત રીતે કથાવાર્તાનું લાઈવ પ્રસારણ થાય છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ અને તેની શાખાઓના
સંસ્થા સમાચાર

રાજકોટ ગુરુકુલને આંગણે યોજાયેલ ૬૩મો બ્રહ્મસત્ર

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે, જે ભણવા જેવી તો એક બ્રહ્મવિદ્યા છે. તે અંગે ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યું છે જે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીરથી વિલક્ષણ એવો જે પોતાનો આત્મા તેને વિશે બ્રહ્મરૂપપણાની ભાવના કરીને ભગવાન શ્રીકૃષ્ણની નિરંતર ભક્તિ કરવી. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ભગવાન શ્રીહરિની આ આજ્ઞાના અમલીકરણ માટે સને ૧૯૬૨ માં બ્રહ્મસત્ર યોજવાનો પ્રારંભ કરેલ. શ્રાવણમાસમાં જન્માષ્ટમી ઉપર ગુરુકુલમાં વિદ્યાર્થીઓને વેકેશન હોય, રજાના દિવસોમાં સૌ કોઈ વર્ષોથી સહેજે તેનો લાભ લેતા રહે છે. સમગ્ર સત્સંગમાંથી મુમુક્ષુ ભક્તજનો હોંશે હોંશે બ્રહ્મભીના બ્રહ્મસત્રનો લાભ લઈ મનુષ્યજીવનની સાર્થકતા કરતા રહ્યા છે.

આ વર્ષે ૬૩મો બ્રહ્મસત્ર તા. ૧૪/૮ શ્રાવણ વદ-૬ થી તા. ૧૯/૮/૨૦૨૫ શ્રાવણ વદ-૧૧ દરમિયાન પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીની પાવન અને પ્રેરક ઉપસ્થિતિમાં શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ઉપક્રમે ‘હું પણ બનીશ આજ્ઞાપાલક ભક્ત’ એ મુખ્ય વિષય અંતર્ગત સંપન્ન થયેલ. આ બ્રહ્મસત્રમાં ૮૦૦ જેટલા બહારગામના ભક્તજનોએ ઉતારામાં રહીને, તો સ્થાનિક ૨૦૦૦ જેટલા પુરુષ મહિલા ભક્તજનોએ સ્વૈચ્છિક રીતે આવતા જતા રહીને લાભ લીધેલ.

મંગલ પ્રારંભ : બ્રહ્મસત્રનો મંગલ પ્રારંભ તા. ૧૪ના રોજ ૮:૩૦ વાગ્યે યજમાન ભક્તજનો અને વડીલ સંતો દ્વારા પોથી - પૂજન અને આરતીથી થયેલ. પાલખીમાં બિરાજીત ભગવાન શ્રીહરિ અને પોથીની આરતી ઉતારી સૌ કોઈ સંતો ભક્તજનો નંદસંતોરચિત કીર્તનપદોનાં સંકીર્તન ગાન અને ફરતીધૂનની રાસમંડળી સાથે વાજતે-ગાજતે વિદ્યાલયના સંકુલમાં રાસોત્સવ યોજીને સભાસ્થાને પરત આવેલ.

આરતી-પૂજન કથા પ્રારંભ : ઠાકોરજીની મંચ ઉપર પધરામણી તથા પોથી સ્થાપન કરીને પૂજ્ય સંતો અને ભક્તજનોએ સભામાં યથાયોગ્ય સ્થાન લીધેલ. ધૂન સંકીર્તન બાદ ઠાકોરજી, પોથીશ્રી અને વક્તાશ્રીનું પૂજન કરી યજમાન ભક્તજનોએ આરતી ઉતારેલ. પૂજ્ય ગુરુમહારાજ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ પ્રેરક મંગલ ઉદ્‌બોધનમાં બ્રહ્મસત્રનો ઉદ્દેશ જણાવેલ. સભાસંચાલક શાસ્ત્રી હરિપ્રિયદાસ સ્વામીએ બ્રહ્મસત્રની રૂપરેખા જણાવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડેલ.

આ બ્રહ્મસત્રમાં નીચે મુજબ દૈનિક કાર્યક્રમ તથા કથાવાર્તાનો ભક્તજનોએ દિવસભર લાભ લીધેલ.

સવારે પ્રાતઃકાળે...

૫:૩૦ - પ્રભાતિયાં કીર્તન પદગાન, સંતપૂજા દર્શન

૬:૧૫ - શ્રીઘનશ્યામ મહારાજનું ષોડશોપચાર પૂજન આરતી

૬:૪૫ - સ્વામિનારાયણ મહામંત્રની નિત્યધૂન

૭:૧૫ - પ્રાતઃકથા ભક્તચરિત્ર આખ્યાન, વક્તા સંતોઃ
શાસ્ત્રી હરિસ્મરણદાસ સ્વામી, પુ. હરિસ્વરૂપદાસ
સ્વામી, સાધુ પૂર્ણસ્વરૂપદાસ સ્વામી-
શાસ્ત્રી જયમુનીદાસ સ્વામી આદિ
૮:૧૫ - દૂધપાન, અલ્પાહાર
૯:૦૦ - ગવૈયા સંતો-પાર્ષદો દ્વારા સંકીર્તન ગાન - ધૂન
૯:૧૫ - શિક્ષાપત્રી કથાવિવેચન, વકતા સંતો :
શાસ્ત્રી મંગલસ્વરૂપદાસ સ્વામી તથા
શાસ્ત્રી નીલકંઠચરણદાસ સ્વામી
૧૦:૧૫ - સમૂહઅનુષ્ઠાનઃ પુરુષોત્તમપ્રકાશ-જનમંગલ આદિ
૧૦:૩૦ - વચનામૃત ઉપર કથાવાર્તા-અધ્યાત્મ વિવેચન
પૂજ્ય મહંત શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી(ઓનલાઈન)
પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી
શાસ્ત્રી શ્રી હરિપ્રિયદાસ સ્વામી
૧૧:૩૦ - વડીલ સંતોના આશીર્વાદ
પુરાણી પ્રભુચરણદાસજી સ્વામી, પુરાણી કૃષ્ણ-
સ્વરૂપદાસ સ્વામી, સાધુ જ્ઞાનજીવનદાસ સ્વામી
૧૨:૦૦ - પૂજ્ય સંતો દ્વારા વિસ્તાર વાઇઝ ગ્રુપસભાઓ
૧૨:૩૦ - માનસીપૂજા, ભોજનપ્રસાદ, વિશ્રાંતિ, બપોર પછી
૨:૩૦ - ગીતસંગીત વાજિંત્ર સાથે કીર્તનભક્તિ, રાસોત્સવ
૩:૪૫ - જળપાન, ઠાકોરજી ઉત્થાપન મેવો-પ્રસાદ
૪:૦૦ - ધૂન સંકીર્તન ગાન
૪:૧૫ - યુવાવિદ્વાન વક્તા સંતો દ્વારા વ્યાખ્યાનમાળા
શાસ્ત્રી ધર્મનંદનદાસ સ્વામી : વ્યવહાર શુદ્ધિ
શાસ્ત્રી અચલ જીવનદાસ સ્વામી : આહારશુદ્ધિ
શાસ્ત્રી નિર્ગુણજીવનદાસ સ્વામી : શિક્ષાપત્રી મહિમા
પૂજ્ય પુરાણી શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી (ઓનલાઈન)
૫:૩૦ થી ૬:૩૦ - વિષય : શાસ્ત્રીજી મહારાજ જીવનગાથા
વક્તા : પુરાણી શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી
૬:૪૦ - વડીલ સંતોના આશીર્વાદ તથા અમૃતવાણી
પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી
પૂજ્ય ઘનશ્યામજીવનદાસજી સ્વામી તથા
પૂજ્ય નારાયણપ્રસાદદાસજી સ્વામી
૬:૪૫ - ઓડિયો-વીડિયોના માધ્યમથી અમૃતવાણી
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી
પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી
પૂજ્ય જોગીસ્વામી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી
૭:૦૦ - યજમાનોને આશીર્વાદ - કથા પૂર્ણાહુતિ આરતી
૭:૧૫ - પ્રાર્થનામંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજના
રાજોપચાર પૂજન સાથે મહાનિરાજન આરતી
૭:૩૦ - સાયં ભોજનપ્રસાદ - ફલાહાર
૮:૩૦ - નિત્યનિયમ, સ્વાભાવિક ચેષ્ટા પદગાન
૯:૦૦ - જ્ઞાન અને રસસભર વિવિધ રાત્રિ કાર્યક્રમ યોજાએલ

જેમાં પ્રથમ દિવસે બાળકો દ્વારા કંઠસ્થ શિક્ષાપત્રી શ્લોકગાન, શિક્ષાપત્રી આધારિત ઓનલાઇન કહુટ ક્વિઝ તથા પાંચ ગ્રુપ દ્વારા શિક્ષાપત્રી આધારિત લાઈવ પ્રશ્નોત્તરી.

બીજા દિવસે આંતર ગુરુકુલ યુવક મંડળના છ ગ્રુપ દ્વારા વચનામૃત નામાભિધાન સાંકળી આધારિત ક્વિઝ.

તૃતીય દિવસે નૃત્ય, રૂપક, કથાપ્રવચનના કાર્યક્રમ સાથે શ્રીકૃષ્ણ પ્રાગટ્યોત્સવ ઉજવણી થયેલ. મંગલસ્વરૂપદાસ સ્વામીએ શ્રીકૃષ્ણપ્રાગ્ટ્યોત્સવની કથાનું શ્રવણ કરાવેલ.

ચતુર્થ દિવસે સુરા ખાચર અને દાદા ખાચર બે ગ્રુપ દ્વારા જૂના અને નવા સત્સંગીઓ.

બ્રહ્મસત્ર પૂર્ણાહુતિ : તા. ૧૯ ના રોજ સવારે નિત્ય કથા બાદ પુરાણી શ્રીકૃષ્ણપ્રિયદાસજી સ્વામીએ ગુરુદેવની જીવનગાથાના પ્રસંગોનું શ્રવણ કરાવેલ. પૂજ્ય ગુરુમહારાજ તથા વડીલ સંતોએ આશીર્વાદ પાઠવેલ. વક્તા સંતો અને યજમાન ભક્તજનોએ જનમંગલસ્તોત્ર નામાવલિ સાથે ઠાકોરજી તથા પોથીજી તથા શ્રીજીની મહાપ્રસાદીભૂત ચાખડીનું પૂજન અને બ્રહ્મસત્ર પૂર્ણાહુતિની આરતી કરેલ.

આ બ્રહ્મસત્ર અંતર્ગત કેટલાક આનુસંગિક કાર્યક્રમો પણ યોજાયેલા, જેમાં કથા અને રસોઈના યજમાન ભક્તજનોને સંતોએ સન્માનિત કરેલ. રાજકોટ ગુરુકુલમાં એક રૂપિયા લવાજમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સહાય અર્થે ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ દ્વારા ચાલતા ‘એક બુંદ’ અભિયાનમાં જોડાયેલા નવા ભક્તજનોનું પૂજ્ય સંતોએ અભિવાદન કરેલ.

શિક્ષાપત્રી આજ્ઞાપાલનની દૃઢતા અર્થે લેખિત અને મોબાઈલ સબમિશન આધારિત ક્વીઝ લેવાયેલ.

અમેરિકા(ડલાસ) ગુરુકુલમાં સાતમા પાટોત્સવ સાથે યોજાએલ સાતમો બ્રહ્મસત્ર

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે શરુ કરેલી બ્રહ્મસત્રની જ્ઞાનગંગા છેલ્લા ૭ વર્ષથી અમેરિકામાં પણ વહી રહી છે. દર વર્ષે પૂજ્યપાદ ગુરુમહારાજની આજ્ઞાથી અને પૂજ્યપાદ મહંત સ્વામીના સાનિધ્યમાં ડલાસ ગુરુકુલમાં યોજાઈ રહેલા આ બ્રહ્મસત્રનો લાભ અમેરિકા અને કેનેડાના હજારો હરિભક્તો પ્રાપ્ત કરે છે. આ વર્ષે તા. ૨૬ જુલાઈથી ૨ ઓગષ્ટ, ૨૦૨૫ દરમિયાન ત્રીસેક સંતો અને ૧૨૦૦ ઉપરાંત ભક્તજનોની ઉપસ્થિતિમાં સાતમો બ્રહ્મસત્ર સંપન્ન થયો. આ વર્ષે પૂજ્યપાદ મહંતસ્વામી સાથે પૂજ્યપાદ સદ્‌ગુરુ શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીએ પધારી ભક્તજનોને વિશેષ સત્સંગ કથાવાર્તા અને આશીર્વચનનો લાભ આપેલ.

સવારના સેશનમાં પ્રાતઃકાળે ૭ વાગ્યાથી શ્રીઘનશ્યામ મહારાજના ષોડશોપચાર પૂજનથી બ્રહ્મસત્રનો મંગલ પ્રારંભ થતો. યુવા વિદ્વાન સંતોએ ભક્તચરિત્રોનું રસપાન કરાવેલ. પૂજ્યપાદ મહંતસ્વામીએ 'નારદ ભક્તિસૂત્ર' ઉપર કથાવિવેચન કરેલ. શાસ્ત્રી કૃષ્ણચરણદાસ સ્વામીએ 'સત્પુરુષમાં આત્મબુદ્ધિ' અંતર્ગત ઇન્ટરેક્ટિવ સેશનના માધ્યમથી ભક્તજનોને સત્સંગનું બળ પ્રેરેલ. તેની સાથે અહીંના બાળકો યુવાનો માટે અંગ્રેજીમાં યોજાએલ યુથ-સેશનમાં સાધુ મંત્રસ્વરૂપદાસ સ્વામી, સાધુ વેદાંતસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતોએ તેમને મૂંઝવતા વિષયો પર છણાવટ કરી સત્સંગનો અમૂલ્ય લાભ આપતા.

બપોર પછી ૩ વાગ્યાથી 'સત્સંગનો રંગ' કાર્યક્રમમાં પહેલા મહિલામંચ અને ત્યારબાદ પુરુષ ભક્તજનો પોતાના વક્તવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરતા, જેમાં વચનામૃત, નિત્ય દર્શન સાંકળી, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું જીવન, પૂજ્ય ગુરુમહારાજનું જીવન, પૂજ્ય મહંત સ્વામીની નિત્ય-કથા વગેરે વિષયો ઉપર ક્વીઝ આદિ યોજાએલ.

સાંજના સેશનમાં ભક્તજનો વિશેષ ઉપસ્થિત રહેતા. તેમાં પ્રથમ શાસ્ત્રી ચૈતન્યસ્વરૂપદાસ સ્વામીએ આ બ્રહ્મસત્રના મધ્યવર્તી વિચાર 'શ્રીજી મહારાજના મિશન માટે મારે સ્વામીના વચને નીચોવાઈ જવું છે!' ઉપર સંતો ભક્તોના બળ પ્રેરક પ્રસંગોનું સંકીર્તનગાન સાથે શ્રવણ કરાવેલ. પૂજ્યપાદ જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીએ હૃદયસ્પર્શી મધુર શૈલીમાં ભક્તોના આખ્યાનોનું રસપાન કરાવેલ. પૂજ્યપાદ મહંત સ્વામીએ જુદા જુદા વચનામૃત ઉપર કથાવિવેચન કરેલ. સ્વામીના મુખેથી તે શ્રીજીમહારાજના હૃદગત અભિપ્રાયો જાણવા સમજવા માટે સ્વયંસેવક ભક્તજનો પણ આવી જતા. કથાને અંતે સુંદર પ્રશ્નોત્તરી પણ થતી. સાંજે ભગવાનનું રાજોપચાર પૂજન અને આરતી થતા. મહાપ્રસાદ બાદ સંતો ભક્તોની જુદા જુદા ગ્રુપમાં જ્ઞાનગોષ્ઠી થતી.

૧ ઓગષ્ટ, શુક્રવારે પૂજ્ય મહંતસ્વામીના સાનિધ્યમાં સ્વયંસેવક સેમિનાર થયેલ, જેમાં અમેરિકા અને કેનેડાના બધા જ વિસ્તારોમાંથી પધારેલા ૬૦૦ થી વધુ સ્વયંસેવકોએ આગામી વર્ષમાં સત્સંગના ઉત્કર્ષ માટેની ચર્ચાવિચારણા કરેલ.

આ પ્રસંગે હેલ્થફેર-નિદાન કેમ્પ અને રક્તદાન કેમ્પ પણ યોજાએલ.

તા. ૨ ઓગષ્ટ, શનિવારે સવારે ૮ વાગ્યાથી શ્રીઘનશ્યામ મહારાજ તથા શ્રીરાધાકૃષ્ણ દેવ, શ્રીસીતારામજી આદિ સર્વે દેવોનો પાટોત્સવ ખૂબ જ ભક્તિભાવપૂર્વક ઉજવાએલ. યજમાન ભક્તજનોએ સંતો સાથે ઠાકોરજીના મહાપૂજનનો લાભ લીધેલ. પૂજ્ય મહંત સ્વામી અને સંતોએ ન્યાસવિધિ કર્યા બાદ પંચામૃત, તીર્થજળ અને વિવિધ ઔષધિ દ્રવ્યોથી દેવોનો મહાભિષેક કર્યો હતો. અભિષેક પછી વિધવિધ વાનગીઓથી મહારાજને સુંદર અન્નકૂટ નિવેદિત કરાયો હતો. ૧૨૦૦ થી વધુ હરિભક્તોએ અન્નકૂટ દર્શનનો અને પાટોત્સવ સભાનો લાભ લીધો હતો. આ મહોત્સવમાં આર્થિક યોગદાન આપનાર દરેક યજમાનને પૂજ્યપાદ મહંતસ્વામી અને પૂજ્યપાદ જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીએ રૂડા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

હેમિલ્ટન(કેનેડા)માં સત્સંગિજીવન કથાપારાયણ સાથે શ્રીઘનશ્યામ મહારાજ તથા દેવોની મૂર્તિપ્રતિષ્ઠા

પૂજ્યપાદ મહંતસ્વામી અને સંતોના અમેરિકા સત્સંગ વિચરણ દરમિયાન અત્રે પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીની આજ્ઞા અને શુભાશીર્વાદ સાથે કેનેડાના હેમિલ્ટન-ટોરોન્ટો ખાતે તા. ૧૭ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન સત્સંગ કથાના આયોજનો સાથે ઠાકોરજીની પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયેલ. આ પ્રસંગે સ્થાનિક તેમજ આસપાસના શહેરોમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવમાં ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગમાં વૈદિક મંત્રોચ્ચારના દિવ્ય ઉદ્‌ઘોષથી સમગ્ર પરિસરનું વાતાવરણ પવિત્ર અને મંગલમય બની ગયેલ. વિશેષમાં શાસ્ત્રી શ્રી ચૈતન્યસ્વરૂપદાસ સ્વામીના વક્તાપદે પંચદિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ યોજાએલ. તેની સાથે શાસ્ત્રી શ્રી કૃષ્ણચરણદાસ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણનાં દિવ્ય લીલાચરિત્રો અને ઉપદેશવચનોનું રસપાન કરાવ્યું હતું.

૨૦ ઓગસ્ટ બુધવારે સવારે ૭:૩૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી પૂજ્યપાદ મહંતસ્વામી અને સંતોના વરદ હસ્તે અત્રે બિરાજીત શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીસીતારામજી, શ્રીગણપતિજી, શ્રીકષ્ટભંજન દેવ તથા શ્રી શિવપાર્વતીજીનાં નયનરમ્ય દિવ્ય સ્વરૂપોની શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રાણપ્રતિષ્ઠા યોજાએલ. આ મહોત્સવમાં બાલ, યુવા અને મહિલામંચ યોજાએલ. તેમાં બાળકોએ કંઠસ્થ સ્વામીની વાતો કથન, નૃત્યનાટિકા અને પ્રવચન સત્સંગ પ્રશ્નોત્તરી વગેરે દ્વારા પોતાના કલા કૌશલ્ય રજૂ કરીને સહુને પ્રસન્ન કરેલ.

તા. ૨૩ના રોજ બિરાજીત સર્વ દેવોને ૫૦૦થી વધુ વાનગીઓનો અન્નકૂટ નિવેદિત થયેલ, જેના દર્શન કરી સહુએ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે પૂજ્યપાદ મહંતસ્વામી તથા સંતોએ આ નૂતન મંદિરમાં તન, મન અને ધનથી સેવા કરનારા સહુ ભક્તોને સન્માનિત કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

આ મહોત્સવ અહીંના ભારતીય સમાજ માટે એકતા અને સંસ્કારના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ બની રહેલ.

ફીનિક્સ(અમેરિકા)માં દશમસ્કંધ કથાપારાયણ સાથે શ્રીઘનશ્યામ મહારાજ તથા દેવોની મૂર્તિપ્રતિષ્ઠા

અહીં એરિઝોના સ્ટેટના ફીનિક્સ ખાતે છેલ્લા આઠેક વર્ષથી ગુરુકુલ શાખા કાર્યરત છે. તેમાં નવનિર્મિત પ્રાર્થનામંદિરના કલાત્મક સિંહાસનમાં શ્રીઘનશ્યામ મહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણ આદિક દેવોની મૂર્તિપ્રતિષ્ઠા તા. ૨૮ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન પૂજ્યપાદ મહંતસ્વામી અને વડીલ સંતોના વરદ હસ્તે સંપન્ન થયેલ.

પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીના ઓનલાઈન આશીર્વચન સાથે આ મહોત્સવમાં પૂજ્યપાદ મહંત સ્વામીના વચનામૃત કથાવિવેચન તથા પૂજ્યપાદ સદ્‌ગુરુ શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીએ વર્ણવેલ ભક્તાખ્યાન ચરિત્રનો અલભ્ય લાભ સહુને મળેલ. શાસ્ત્રી ચૈતન્યસ્વરૂપદાસ સ્વામીએ સંગીતના સુમધુર સૂરો સાથે દશમ સ્કંધના ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય-માનુષી ચરિત્રોનું રસપાન કરાવ્યું હતું. શાસ્ત્રી કૃષ્ણચરણદાસ સ્વામીએ પ્રેરક કથાવાર્તાનો લાભ આપેલ.

આ મહોત્સવ દરમિયાન ફીનિક્સ ઉપરાંત અમેરિકાના વિવિધ શહેરોમાંથી પધારેલા ભક્તોએ કથા-પારાયણ સાથે શ્રીમહાવિષ્ણુયાગ, પ્રતિષ્ઠિત કરાયેલ ભગવદ્ સ્વરૂપોની સ્નપનવિધિ, મહિલામંચ, બાલમંચ, શોભાયાત્રા આદિનો અલભ્ય લાભ લીધો હતો.

૩૧ ઓગસ્ટ, રવિવારે સવારે ૮ વાગ્યાથી મૂર્તિપ્રતિષ્ઠાની વિધિનો શુભારંભ થયો. પવિત્ર ભૂદેવે પૂર્ણ વૈદિકવિધિ અનુસાર શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણ દેવ, શ્રીસીતારામજી, શ્રીવિઘ્નવિનાયક દેવ અને શ્રી કષ્ટભંજન દેવની દિવ્ય મૂર્તિઓની પૂજ્યપાદ મહંતસ્વામી અને સંતોના શુભ હસ્તે પ્રતિષ્ઠાવિધિ કરાવી હતી. ભક્તજનોએ જયનાદોથી વાતાવરણ ભરી દીધુ. મહિલાઓએ ભક્તિભાવથી તૈયાર કરેલ બસો ઉપરાંત વાનગીઓનો અન્નકૂટ ઠાકોરજીને નિવેદિત થયેલ.

આ સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન ડૉ. ચતુરભાઈ બાબરિયા, શ્રી જિજ્ઞેશભાઈ દોમડિયા અને નિષાદભાઈ પટેલ આદિ સર્વે ભક્તોને સંતોએ અંતરના આશીર્વાદ પાઠવેલ.

ન્યુજર્સી ગુરુકુલમાં શ્રીઘનશ્યામ મહારાજ તથા દેવોનો બારમો પાટોત્સવ

અત્રે અમેરિકા ન્યુજર્સી સ્ટેટના પરામસ શહેર સ્થિત શ્રીસ્વામિનારાયણ ગુરુકુલમાં બિરાજિત ચિત્રપ્રતિમા સ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણ દેવ તથા શ્રીલક્ષ્મીનારાયણ આદિ દેવોનો બારમો પાટોત્સવ તા. ૬ થી ૧૦ ઓગષ્ટ દરમિયાન અમેરિકામાં સત્સંગ વિચરણ દરમિયાન અત્રે પધારેલા પૂજ્યપાદ મહંતસ્વામી શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી તથા પૂજ્યપાદ સદ્‌ગુરુ પુરાણી શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી આદિ ૧૫ જેટલા સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલ.

૬ ઓગષ્ટે સાંજે પોથીયાત્રા સાથે પંચદિનાત્મક આ કથા જ્ઞાનયજ્ઞ-ઉત્સવનો પ્રારંભ થયેલ, જેમાં સદ્‌ગુરુ શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી તથા શાસ્ત્રી કૃષ્ણચરણદાસ સ્વામી અને શાસ્ત્રી ચૈતન્યસ્વરૂપદાસ સ્વામીએ પોતપોતાની આગવી મધુર વાણીમાં ભક્તચરિત્રામૃત કથા અને ઉપદેશ વચનોનું રસપાન કરાવેલ. પૂજ્યપાદ મહંતસ્વામી દરરોજ વચનામૃતના ગૂઢ રહસ્યોને પોતાની સરળ ભાષામાં સમજાવતા. કથાને અંતે ખૂબ જ રસદાયી પ્રશ્નોત્તરી પણ થતી.

કથાના અંતે દરરોજ ગુરુકુલ બાલ સંસ્કારમાં અભ્યાસ કરતા બાળકો ૨૦ મિનિટ મુખપાઠ શ્લોકગાન, નૃત્ય, રૂપક, સંવાદ આદિ કાર્યક્રમો દ્વારા સંતો-હરિભક્તોને પ્રસન્ન કરતા. એક દિવસ મહિલામંચ પણ યોજાએલ.

૧૦ ઓગસ્ટ રવિવારે પાટોત્સવના દિવસે પ્રાતઃકાળે વૈદિક શ્લોકગાન અને વાજિંતોના મધુર ધ્વનિ સાથે શ્રીઘનશ્યામ મહારાજ તથા સર્વ દેવોનું વિધિવત્ અંગન્યાસ ષોડશોપચાર મહાપૂજન સાથે પૂજ્ય સંતો દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત તથા વિવિધ ફળોના રસોથી મહાભિષેક થયેલ. યજમાન ભક્તજનો મહાપૂજા વિધિમાં જોડાયેલા. ચલ સ્વરૂપ આ હરિકૃષ્ણ મહારાજનો ઉપસ્થિત બધા ભક્તજનોએ પણ અભિષેક કરેલ, ભક્તિભાવ સાથે અન્નકૂટ નિવેદિત થયેલ. અંતમાં પૂજ્ય સંતોએ સૌ યજમાનો અને સ્વયંસેવકોને બિરદાવતા મંગલ આશીર્વચન પાઠવેલ.

એટલાન્ટા ગુરુકુલમાં શ્રીઘનશ્યામ મહારાજ તથા દેવોનો સપ્તમ પાટોત્સવ

અમેરિકાના જ્યોર્જિયા સ્ટેટના એટલાન્ટા શહેર સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણ દેવ તથા શ્રીસીતારામજી આદિ દેવોનો સપ્તમ વાર્ષિક પાટોત્સવ તા.૧૩ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન પૂજ્યપાદ મહંતસ્વામી તથા પૂજ્યપાદ સદ્‌ગુરુ શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી આદિ સંતમંડળની ઉપસ્થિતિમાં ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો. ૧૨ ઓગસ્ટના રોજ ઠાકોરજી સાથે પૂજ્ય સંતો પધારતા સૌએ પુષ્પહાર તથા જયનાદોથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

અત્રે પણ પૂજ્ય સંતોની પાવન ઉપસ્થિતિમાં ન્યુજર્સી ગુરુકુલ શાખાની જેમ પંચદિનાત્મક મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાએલ. વિશેષમાં પૂજ્ય જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી તથા શાસ્ત્રી ચૈતન્યસ્વરૂપદાસ સ્વામીએ દશમસ્કંધ અંતર્ગત ભગવાન શ્રીકૃષ્ણના લીલાચરિત્રોનું રસપાન કરાવ્યું હતું. પૂજ્ય મહંત સ્વામી તથા શાસ્ત્રી શ્રી કૃષ્ણચરણદાસ સ્વામી વચનામૃતનાં ગૂઢ રહસ્યો પર વિવેચન કરી, ભક્તોના પ્રશ્નોનું આધુનિક દૃષ્ટાંતો સાથે શાસ્ત્રીય સમાધાન કરી આપતા.

૧૭ ઓગસ્ટ, રવિવારના રોજ સવારે ૮ વાગ્યે પાટોત્સવ વિધિનો પ્રારંભ થતાં જ સમગ્ર વાતાવરણ દિવ્યતાથી ગૂંજી ઊઠ્યું હતું. વૈદિક મંત્રોચ્ચાર સાથે ભગવાનનું ષોડશોપચાર પૂજન અને મહાભિષેક થયેલ. મહંતસ્વામી તથા સૌ સંતોએ પંચામૃત, વિવિધ ફળોના રસ અને પવિત્ર ઔષધિઓથી અને ત્યારબાદ પુષ્પપાંખડીઓથી શ્રીઘનશ્યામ મહારાજનો ભક્તિભાવપૂર્વક મહાભિષેક કરેલ.

મહાભિષેક બાદ, સંતો અને ભક્તો દ્વારા હૃદયના ભક્તિભાવથી તૈયાર કરાયેલી વિવિધ વાનગીઓનો મહા અન્નકૂટ ઠાકોરજીને નિવેદિત કરવામાં આવ્યો. અંતમાં, પૂજ્ય મહંતસ્વામી અને પૂજ્ય જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીએ આ પાટોત્સવના સર્વે યજમાનો તથા તન, મન અને ધનથી સેવા કરનાર સૌ સ્વયંસેવકોને સન્માનિત કરી, આશીર્વચન પાઠવી, તેમના નિઃસ્વાર્થ ભક્તિભાવને બિરદાવ્યો હતો.

લોસ એન્જેલસ ગુરુકુલમાં શ્રીઘનશ્યામ મહારાજ તથા દેવોનો દ્વિતીય પાટોત્સવ

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં આવેલા કોરોના શહેર સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણ દેવ તથા શ્રીલક્ષ્મીનારાયણ આદિ દેવોનો દ્વિતીય વાર્ષિક પાટોત્સવ, તારીખ ૧ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન અત્યંત ભક્તિભાવ અને ધામધૂમપૂર્વક સંપન્ન થયો.

મહોત્સવના પ્રથમ દિવસે પોથીપૂજન તથા પોથીયાત્રા યોજીને જ્ઞાનયજ્ઞનો મંગલ પ્રારંભ થયો. દરરોજ શાસ્ત્રી શ્રી ચૈતન્યસ્વરૂપદાસજી સ્વામી પોતાની રસાળ શૈલીમાં ભક્તોના પ્રેરણાદાયી ચરિત્રોનું શ્રવણ કરાવી ભક્તજનોને રાજી કરતા. પૂજ્યપાદ મહંતસ્વામી દરરોજ વચનામૃતનાં ગૂઢ રહસ્યો પર વિવેચન કરી, ભક્તોના આધ્યાત્મિક પ્રશ્નોનું શાસ્ત્રીય સમાધાન કરતા. પૂજ્યપાદ સદ્‌ગુરુ શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી તેમની વિશિષ્ટ શૈલીમાં ભક્તોના જીવનમાં પારિવારિક સદ્‌ભાવના સુદ્રઢ થાય તેવા વિષયો ઉપર કથા-વાર્તા કરી શ્રોતાજનોને રસતરબોળ કરતા. પાટોત્સવ દરમિયાન ત્રિદિવસીય સપ્તકુંડી શ્રીહરિયાગનું આયોજન થયું હતું.

૩ સપ્ટેમ્બર, બુધવારના જલઝીલણી એકાદશીના દિવસે ઠાકોરજીને નૌકામાં બિરાજમાન કરી સંતો-હરિભક્તોએ જલઝીલણી ઉત્સવ પણ ઉજવ્યો હતો.

૬ સપ્ટેમ્બર, શનિવારના રોજ, સવારે ૮ વાગ્યે પૂજ્ય મહંતસ્વામી તથા શ્રી મનુભાઈ પટોળિયા, શ્રી મનુભાઈ શાહ વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'ગુરુકુલ યોગ અને વેલનેસ સેન્ટર'નું ઉદ્‌ઘાટન કરવામાં આવેલું. ત્યારબાદ, ગુરુકુલમાં અવિરત સેવા આપનાર સ્વયંસેવકો માટે ખાસ સેમિનાર યોજાયો હતો, જેમાં આગામી વર્ષનું આયોજન કરવામાં આવેલ. અત્રે ગુરુકુલમાં નિત્ય સેવા કરનાર ભક્તોને સન્માનિત કરી પૂજ્ય મહંત સ્વામીએ રૂડા આશીર્વાદ આપેલા.

બપોરે મહિલામંચમાં મહિલા ભક્તોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા અને સાંજે કથા પછી બાળકોએ વિવિધ નૃત્ય, નાટક અને મુખપાઠ રજૂ કરી સંતો-ભક્તોને રાજી કર્યા હતા.

૭ સપ્ટેમ્બર, રવિવારના રોજ, મહોત્સવના મુખ્ય દિવસે વૈદિક મંત્રોચ્ચાર સાથે ભગવાનનું ષોડશોપચાર પૂજન અને મહાભિષેક કરવામાં આવ્યો. પૂજ્ય મહંતસ્વામી તથા સૌ સંતો દ્વારા પંચામૃત, વિવિધ રસ અને પુષ્પોથી શ્રીઘનશ્યામ મહારાજનો મહાભિષેક કરવામાં આવ્યો. આ દિવ્ય દર્શનનો લ્હાવો લઈ ભક્તો ભાવવિભોર થયા.

મહાભિષેક બાદ, સંતો અને ભક્તો દ્વારા હૃદયના ભક્તિભાવથી તૈયાર કરાયેલી ૨૫૦ ઉપરાંત વિવિધ વાનગીઓનો મહાઅન્નકૂટ ઠાકોરજીને નિવેદિત કરવામાં આવ્યો. સંતોના વરદ હસ્તે ઉત્સવના યજમાન ભક્તજનોને ઠાકોરજીને નિત્ય ઘરમંદિરમાં થાળ ધરાવવા માટે ઉપયોગી સરસ થાળ(પાત્ર) અર્પણ કરી સત્કાર કરવામાં આવ્યો.

અમેરિકા(ડલાસ) ગુરુકુલમાં યોજાએલ સાતમા બ્રહ્મસત્ર પ્રસંગે પૂજ્ય સંતોના સાંનિધ્યમાં કાર્યકર્તા ભક્તજનો

નિકોલ (અમદાવાદ) ગુરુકુલને આંગણે ઉજવાએલ ચતુર્થ જ્ઞાનપર્વ

અત્રે ગુરુકુલ શાખામાં શ્રાવણ માસમાં યોજાતો જ્ઞાનપર્વ આ વર્ષે તા. ૮ થી ૧૧/૮ દરમિયાન ચાર દિવસ સુધી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ઉપક્રમે યોજાએલ. આ ચતુર્થ જ્ઞાનપર્વમાં વિશેષ શાસ્ત્રી મંગલસ્વરૂપદાસ સ્વામી તથા શાસ્ત્રી નીલકંઠચરણદાસ સ્વામી શિક્ષાપત્રી ગ્રંથમહિમા વિશે કથાપારાયણનું સંકીર્તન શ્રવણ કરાવેલ. આ ઉપરાંત પૂજ્ય શાસ્ત્રી હરિપ્રિયદાસ સ્વામી, શાસ્ત્રી શ્રુતિપ્રકાશદાસ સ્વામી, શાસ્ત્રી અચલજીવનદાસ સ્વામી, શાસ્ત્રી ધર્મનંદનદાસ સ્વામી તથા પુરાણી હરિસ્વરૂપદાસ સ્વામીએ આધ્યાત્મિક વ્યાખ્યાનમાળાનો લાભ આપેલ. આ ઉત્સવ પ્રસંગે ગુરુકુલ શાખાઓમાંથી પૂજ્ય નારાયણપ્રસાદદાસજી સ્વામી, પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય ભક્તિવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય રામાનુજદાસજી સ્વામી, પુરાણી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી, પુરાણી કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી તથા ભંડારી ગોવિંદસ્વરૂપદાસજી સ્વામી આદિ સંતોએ પધારી ભક્તજનોને દર્શન-આશીર્વચન પાઠવેલ. પ્રથમ દિવસે પોથીયાત્રા ઉપરાંત સવાર-સાંજ ષોડશોપચાર, રાજોપચાર પૂજન - આરતી દર્શન, શિક્ષાપત્રી સેમિનાર, પૂજ્ય ગુરુમહારાજ મહંતસ્વામીના ઓનલાઈન આશીર્વાદ, રક્તદાન કેમ્પ આદિ આયોજનો સાથે સંચાલક શાસ્ત્રી યોગેશ્વરદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ સાધુ વેદાંતદર્શનદાસ સ્વામી તથા સ્વંયસેવક ભક્તજનોના સેવા સહકારથી આ જ્ઞાનપર્વ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયેલ.

મુંબઈ (કાંદીવલી) : વચનામૃત કથા પારાયણ

અત્રે સ્વામિનારાયણ મંદિર ઉપક્રમે વાશી ગુરુકુલથી પૂજ્ય કૃષ્ણવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ તા. ૨ થી ૬/૮/૨૫ દરમિયાન સાંજે ૫ થી ૭ દરમિયાન વચનામૃત કથા પુરાણી કીર્તનપ્રિયદાસ સ્વામીના વક્તાપદે સંપન્ન થયેલ. આ કથાના યજમાનપદે જીરાગઢના શ્રી પ્રભુદાસભાઈ ગોકળભાઈ મનાણીએ તેમના માતા-પિતાની સ્મૃતિમાં લાભ લીધો હતો.

આ કથા પ્રસંગે વડતાલ ટેમ્પલ બોર્ડના ચેરમેન પૂજ્યપાદ શાસ્ત્રી શ્રી સંતવલ્લભદાસજી સ્વામી તથા પૂજ્ય કોઠારી શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી તથા ગુરુકુલથી સંતો પધારેલ. કથા-પારાયણનો ૨૫૦ જેટલા ભક્તજનોએ લાભ લીધેલ.

કોપરખૈરણે (મુંબઈ) : સત્સંગ વ્યાખ્યાનમાળા

અત્રે વાશી ગુરુકુલના ઉપક્રમે પૂજ્ય કૃષ્ણવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ કોપરખૈરણે તથા ઘનસોલી સત્સંગ મંડળના યજમાનપદે કોપરખૈરણ ખાતે 'જીવનનાં આભૂષણ' વિષય ઉપર તા. ૮ થી ૧૦/૯/૨૫ દરમિયાન ત્રિદિનાત્મક વ્યાખ્યાનમાળા યોજાયેલ. શાસ્ત્રી શ્રી વિરક્તજીવનદાસ સ્વામીએ સંગીતની સુમધુર સુરાવલી સાથે કથાનું રસપાન કરાવ્યું હતું. પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી આદિ સંતોએ આશીર્વચનનો લાભ આપ્યો હતો. આ કથાનો મુંબઈના ભક્તજનો ઉપરાંત વરિષ્ઠ અધિકારીશ્રીઓ તથા જુદી જુદી સંસ્થાઓના કાર્યકર્તાઓએ પધારી લાભ લીધેલ.

રાજકોટ ગુરુકુલ વિદ્યાલયના શ્રી હિતેશભાઈ ભૂંડિયા સાહેબને રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડ-૨૦૨૫

દિલ્હી રાજભવન : દર વર્ષે ૫ સપ્ટેમ્બર શિક્ષકદિને ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાંથી વિદ્યાર્થીઓના જીવનઘડતર અને કારકિર્દી માટે પ્રેરણાદાયી બનેલા શિક્ષકોને પોતાના ઉચ્ચ જીવનમૂલ્યો સાથે દેશના ઉજ્જવળ ભાવિ ઘડતર કરવામાં યોગદાન આપવા બદલ રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે દેશભરમાંથી પસંદગી પામેલ ૪૫ શિક્ષકોને આ એવોર્ડથી સન્માનિત કરાયેલ. તેમાં રાજકોટ ગુરુકુલ ગ્રાન્ટેડ વિદ્યાલયના ધોરણ ૯/૧૦ ના વિજ્ઞાનશિક્ષક શ્રી હિતેશભાઈ ભૂંડિયા સાહેબની પ્રથમ હરોળમાં પસંદગી થયેલ. આ સન્માન સમારોહ વિજ્ઞાન ભવન, દિલ્હી ખાતે ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ યોજાયેલ. ભારતના રાષ્ટ્રપતિ માનનીય શ્રી દ્રોપદી મુર્મુજીના વરદ હસ્તે આ એવોર્ડ શિક્ષકજનોને એનાયત થયેલ.

આ સમારોહ પ્રસંગે ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે પણ ખાસ ઉપસ્થિત રહી શિક્ષકજનોનું બહુમાન કરી જ્ઞાનગોષ્ઠી કરેલ. ભૂંડિયા સાહેબે જ્યારે પોતાની વિજ્ઞાન વિષયક કારકિર્દી વ્યક્ત કરી ત્યારે રાજકોટ ગુરુકુલ સંસ્થાના સેવાકાર્યોથી પરિચિત અને પ્રભાવિત મોદી સાહેબે તેમને પ્રથમથી જ ‘જય સ્વામિનારાયણ’ કહી ગુજરાતના એક પ્રતિનિધિ તરીકે અંતરથી પ્રસન્નતા વ્યક્ત કરેલ.

માનવતાવાદી વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવતા શ્રી ભૂંડિયા સાહેબ રાજકોટ ગુરુકુલ વિદ્યાલયમાં છેલ્લાં ૨૨ વર્ષથી વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવે છે. આ શૈક્ષણિક યાત્રા દરમિયાન તેઓશ્રીએ વિશેષ સમય ફાળવીને વિદ્યાર્થીઓને વિજ્ઞાનક્ષેત્રે રસ લેતા કર્યા છે. વિદ્યાલયમાં અટલ ટીંકરીંગ રોબોટીક લેબ પણ કેન્દ્ર સરકારની સહાયથી વિકસાવેલ, જેમાં વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડીને અનેક બાળ વૈજ્ઞાનિકો તૈયાર કર્યા છે. આ વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરના વિજ્ઞાન મેળાઓમાં પાંચ વખત ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે, રાષ્ટ્રીય સ્તરના વિજ્ઞાન મેળાઓમાં બાર વખત ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું છે, રાજ્ય અને જિલ્લા સ્તરના વિજ્ઞાન મેળાઓમાં અનેક વખત ગુરુકુલ વિદ્યાલય અને રાજકોટનું પ્રતિનિધિત્વ કર્યું છે.

દર વર્ષે આ વિદ્યાર્થીઓએ સાહેબના નેતૃત્વ હેઠળ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નવા નવા સફળ પ્રોજેક્ટ રજૂ કરીને ગુરુકુલ વિદ્યાલયનું નામ રોશન કરેલ, જેમાં ATAL MARATHONE-2020, World Biggest Robotic Olympiad - 2022, INDIAN FUTURE TYCOON-2023, WORLD STEM ROBOTIC OLYMPIAD-2024 પ્રોજેક્ટને તો પેટન્ટ પણ મળી છે.

શ્રી હિતેષભાઈ ભૂંડિયા સાહેબની આવી સર્વોત્તમ કામગીરી નિહાળીને શાળાના આચાર્ય શ્રી કિશોરભાઈ દવે સાહેબે તેમને પોતાની ફાઈલ રજૂ કરવા પ્રોત્સાહિત કરેલ.

પોતાને આ રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડ મળવા બદલ તેનો સમગ્ર યશ શ્રી ભૂંડિયા સાહેબ ભગવાન શ્રીસ્વામિનારાયણની કૃપા અને પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ આપેલ આશીર્વાદનું ફળ સમજે છે. સૌથી વધારે આભાર ગુરુકુલ શાળા પરિવાર અને ગુરુકુલના વિદ્યાર્થીઓનો માને છે કે જેમના સાથસહકારથી સાહેબ પોતાનું લક્ષ્યાંક પાર પાડી શક્યા. આ બધામાં શાળાના સંચાલક શ્રી જનમંગલદાસજી સ્વામીએ સાહેબને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડેલ.

શ્રી ભૂંડિયા સાહેબને સૌપ્રથમ એવોર્ડ સને ૨૦૨૨માં નેશન બિલ્ડર એવોર્ડ સાથે સંસ્થાના અમૃત મહોત્સવ પ્રસંગે ગુરુકુલ સંસ્થાન શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર, ૨૦૨૩માં રાજકોટ જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર, ૨૦૨૪માં રાજ્યપાલશ્રીના હસ્તે ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર અને ૨૦૨૫માં ભારતના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડનું બહુમાન પ્રાપ્ત થયેલ છે.

મૂળ દ્વારકાના શ્રી ભૂંડિયા સાહેબને ગુરુકુલ સંસ્થાના એક શિક્ષક તરીકે આવું શ્રેષ્ઠ સન્માન મેળવવા બદલ પૂજ્ય ગુરુ મહારાજ અને પૂજ્ય મહંતસ્વામીએ હાર્દિક અભિનંદન પાઠવેલ. વિશેષ પ્રાસંગિક સભાઓમાં શ્રી ભૂંડિયા સાહેબને શાળા પરિવાર અને જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીએ શુભેચ્છા સંદેશ પાઠવી અંતરથી નવાજેલ છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ જ્ઞાનબાગ(જૂનાગઢ)ના પ્રાચાર્ય શ્રી સુનીલ ડી. પાટીલ સાહેબને

આંતરરાષ્ટ્રીય એવોર્ડ-૨૦૨૫

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ઈન્ટરનેશનલ સ્કૂલ, જૂનાગઢના પ્રાચાર્ય શ્રી સુનીલ ડી. પાટીલજીને તાજેતરમાં બેંગ્લોર સ્થિત એલાયન્સ યુનિવર્સિટીમાં યોજાયેલ ઈન્ટરનેશનલ સ્કૂલ લીડર્સ સમિટ ૨૦૨૫ માં શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ આંતરરાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ. આવા શ્રેષ્ઠ સન્માન બદલ પાટીલ સાહેબને પૂજ્ય જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી, સંચાલક સંતો તેમજ સમગ્ર ગુરુકુલ પરિવારે હાર્દિક અભિનંદન પાઠવેલ.

Bharatiya Gaurav Samman Award
Proud Moment for Gurukul

We are delighted to share that Shree Swaminarayan Gurukul International School, Hyderabad Principal Mr. A. Kalyan Kumar has received the Bharatiya Gaurav Samman Award on 26th August 2025.

This recognition stands as a testament to his visionary leadership, dedication and commitment towards shaping the future of education and inspiring countless students.

Heartiest Congratulations to our respected Principal Sir! by Pujya Krushnacharandasji Swami and all Saints.

ઝીંઝા (યુગાન્ડા) : આફ્રિકા ખાતે વિક્ટોરિયા સરોવરથી બે કિ.મી.ના અંતરે સાકારિત થઈ રહેલ ગુરુકુલ શાખામાં પૂજ્ય ગુરુ મહારાજની આજ્ઞા અને આશીર્વાદ સાથે પૂજ્ય મહંતસ્વામીની પ્રેરણાથી તા. ૧૫/૧૨/૨૪ થી અત્રે પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામી, પુરાણી નંદકિશોરદાસ સ્વામી, સાધુ ગુણવત્સલદાસ સ્વામી આદિ સંતો સેવા બજાવી રહ્યા છે. આગામી મે-જૂન-૨૦૨૬થી અત્રે આધુનિક સુવિધાસંપન્ન સ્કૂલ-છાત્રાલય ભવનમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે થતા સદ્વિદ્યા પ્રવર્તનના આ સેવાકાર્યમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા ભક્તજનોનો સેવા સહયોગ સાંપડતો રહ્યો છે.

મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) : અત્રે નિર્માણાધીન ગુરુકુલ શાખામાં આવતા વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૬માં નૂતન પ્રાર્થનામંદિર ઉદ્ઘાટન સાથે ઠાકોરજીની પધરામણી થશે. અહીં સંચાલક પુરાણી મધુસૂદનદાસજી સ્વામી તથા પુરાણી વિશ્વજીવનદાસજી સ્વામી વિકેન્ડ સત્સંગ સભામાં કથાવાર્તા સાથે રથયાત્રા તેમજ આ ચાતુર્માસ દરમિયાન ગુરુપૂર્ણિમા, રક્ષાબંધન, જન્માષ્ટમી, શ્રાદ્ધોત્સવ, નવરાત્રિ, શરદપૂર્ણિમા આદિ ઉત્સવો ઉજવીને ભક્તજનોના સત્સંગનું પોષણ કરી રહ્યા છે, બાળકો અને યુવાનોમાં સેમિનાર વગેરેથી હિન્દુ ભારતીય સંસ્કારોનું સિંચન કરી રહ્યા છે. અન્ય ભારતીયો પણ તેનો લાભ લે છે.

રાજકોટ ગુરુકુલના ગવૈયા
સાધુ ધર્મકિશોરદાસજી સ્વામીનો અક્ષરવાસ

રાજકોટ ગુરુકુલમાં પરમ પૂજ્ય ગુરુવર્યશ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીના કૃપાપાત્ર શિષ્ય અને છેલ્લા ૩૩ વર્ષથી સંસ્થાની નિષ્કામભાવે સેવા બજાવતા સાધુ ધર્મકિશોરદાસજી સ્વામી (ઉંમર વર્ષ ૫૮) તા. ૩/૮/૨૫ શ્રાવણ સુદ-૯(હરિજયંતી) રવિવારના દિને હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે.

ભગવાન શ્રીરામની ગોદમાં રહીને જટાયુએ જેમ પોતાના પ્રાણ છોડેલ એ મંગળમૃત્યુની ઘટના અક્ષરનિવાસી પૂજ્ય ધર્મકિશોરદાસજી સ્વામીના જીવનમાં પણ સાર્થક થતી જોવા મળેલ. છેલ્લા એકાદ અઠવાડિયાથી તેઓએ ઘૂંટણમાં થયેલી રસોળી(ગાંઠ)નું ઓપરેશન કરાવેલ. તેનો પગે પાટો હોવાથી તેઓ માંદારૂમમાં પાટ ઉપર સૂતા અને વ્હીલચેરમાં હરતા ફરતા.

મંગળ મૃત્યુ : શ્રીહરિ જયંતીના દિને બપોરે ફળાહાર લીધા બાદ સાડા બાર વાગ્યે રૂમમાં હતા ત્યારે ગુરુકુલમાં તેમની સાથે અભ્યાસ કરનાર નવસારીથી પધારેલ પૂજ્ય જગતપાવનદાસ સ્વામી આદિ સંતો સાથે જૂના સંસ્મરણો વાગોળતા હતા ને અચાનક છાતીમાં નજીવો દુઃખાવો થયો, તેથી સંતોએ તેમને બેઠા કર્યા ને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... બોલતા થકા જ શાસ્ત્રી હરિપ્રિયદાસજી સ્વામીના ખંભે તેમનું માથું ટેકાઈ ગયું અને પળવારમાં આંખ મીંચાઈ ગઈ ! બીજી કોઈ શારીરિક પીડા કે બીમારી નહિ અને સાજા નરવા તેમના અંતરની ઈચ્છા મુજબ ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમને પોતાના ધામમાં તેડી ગયા. મેડીકલ ચેકઅપ અર્થે નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા. ડોકટરે કાર્ડિયોગ્રામ વગેરે તપાસ કરી; પરંતુ સ્વામીજી સાચે જ ધામમાં સીધાવી ગયેલ.

શોક સમાચાર : બપોરે સવા-દોઢ વાગ્યે હોસ્પિટલથી પરત આવતા તેમના પાર્થિવ શરીરને સ્નાન કરાવી સ્કૂલના વર્ગખંડમાં બરફની પાટો વચ્ચે દર્શન અર્થે પધરાવેલ. પૂજ્ય હરિપ્રિયદાસજી સ્વામી, સાધુ પૂર્ણપ્રકાશદાસજી સ્વામી આદિ સંતો દ્વારા ગુરુકુલ શાખાઓમાં, મંદિરોમાં તથા ભક્તજનોને તેમજ તેમના પૂર્વાશ્રમના સંબંધીઓને આ જાણ કરાઈ. બીજા દિવસે સવારે નવ વાગ્યે આજી તટે આવેલ રામનાથ મહાદેવના સાંનિધ્યમાં અગ્નિસંસ્કારની જાહેરાત કરાયેલ.

ધૂનભજન-આગમન : બપોરના બે વાગ્યાથી બીજા દિવસે સવારના આઠ વાગ્યા સુધી સંતો, ભકતજનો અને રવિવાર હોવાથી વિદ્યાર્થીઓ પણ ક્રમશઃ સ્વામિનારાયણ મહામંત્રની વિરહ સ્વરે ૧૮ કલાક સુધી અખંડધૂન કરતા રહ્યા. સ્વામીજીના અક્ષરવાસની જેમ જેમ જાણ થતી ગઈ અને સંદેશા મળતા ગયા તેમ ઠેરઠેરથી પૂજ્ય સંતો અને ભક્તજનો તથા તેમના પૂર્વાશ્રમના ગામ ફાટસર અને સુરતથી તેમના પરિવારજનો મોડી રાત્રિ અને વહેલી સવાર સુધીમાં ગુરુકુલમાં આવી પહોંચ્યા. સુરતથી પૂજ્ય પુરાણી ધર્મવલ્લભદાસજી સ્વામી અને આઠેક સંતો સાંજે ચાર્ટર્ડ પ્લેનમાં જ પધારી ગયેલ. દક્ષિણભારતની યાત્રા પૂર્ણ કરી પૂજ્ય ગુરુમહારાજ તથા સંતમંડળ પણ અમદાવાદ નિકોલનો કાર્યક્રમ ટૂંકાવીને એજ દિવસે સાંજ સુધીમાં રાજકોટ પધારી ગયેલ.

અંતિમ સ્નાન-દર્શન-આરતી : સવારે ૬:૩૦ વાગ્યે પૂજ્ય ત્યાગવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય પ્રભુચરણદાસજી સ્વામી આદિ વીસેક સંતોએ પૂજ્ય સ્વામીજીના પાર્થિવ શરીરને અંતિમ સ્નાન કરાવી, ભગવા વસ્ત્રો ધારણ કરાવી, નવી જનોઈ-કંઠી પહેરાવી ભાલમાં તિલકચાંદલો કરીને પાલખીમાં પધરાવ્યા. અંતિમ સ્નાન સમયે પૂજ્ય સ્વામીજીના મુખાકૃતિની કાંતિ તથા હીરના ફેલની જેમ વળતા શરીરના હાથપગ આદિ અંગો એ તેમને પ્રભુ તેડવા આવ્યાની એંધાણી છે એમ સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ કલ્યાણનિર્ણય ગ્રંથમાં પણ કહ્યું છે. તેના સાક્ષાત્ પુરાવારૂપ પૂજ્ય સ્વામીજીનો તે વીડીયો પણ સંસ્થાની યુ-ટયુબ ચેનલ ઉપર મૂકાયેલ. તે અંતિમવિધિના હજારો મનુષ્યો દર્શન કરી ધન્યભાગી બનેલ.

પૂજ્ય સ્વામીજીની પાલખી તૈયાર થતા ધૂન-સ્મરણ સાથે વિદ્યાલયના ખુલ્લા મંચ ઉપર દર્શન અર્થે સંતોએ પધરાવેલ. જ્યાં સવારે ૮ થી ૯ વાગ્યા સુધી પ્રાસંગિક સભા યોજાયેલ. અંતિમવિધિ અને દર્શન માટે પધારેલ સંતો-ભક્તજનોએ પુષ્પહાર અને પુષ્પપાંખડી પૂજ્ય સ્વામીના ચરણોમાં અર્પણ કરી, અંતરથી વેદનાભરી વિદાય આપી.

આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી, પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, પુરાણી શ્રી કૃષ્ણપ્રિય-દાસજી સ્વામી, રાજકોટ મંદિરના કોઠારી શ્રી રાધારમણદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી હરિપ્રિયદાસજી સ્વામી આદિ સંતોએ પોતાના અંતરના ઉદ્‌ગારો વ્યકત કરી પુષ્પાંજલિ અર્પણ કરી.

પૂજ્ય ગુરુમહારાજે આ પ્રસંગે જણાવેલ કે, પૂજ્ય ધર્મકિશોર દાસજી સ્વામી સેવા, ભજન, સત્સંગ, સાધના અને કીર્તનગાન કરીને મનુષ્યજીવનનો જંગ જીતીને ભગવાનના ધામમાં પહોંચી ગયા છે. તેમનું જીવન ડોળ વિનાનું સીધું, સાદું, સરળ હતું. તેમનો કંઠ મધુરો હતો. કીર્તન બોલે ત્યારે વાજિંત્રોની જરૂર નહીં એવું તેમનું જીવન સહુ માટે પ્રેરણાદાયી હતું.

ત્યારબાદ સંતો-ભકતજનોએ ક્રમશઃ લાઈનમાં આવી અંતિમ પૂજન, વંદન દર્શન કર્યા. પૂજ્ય ગુરુમહારાજ, વડીલ સંતો અને તેમના પૂર્વાશ્રમના પિતાશ્રી નારણભાઈ પોકિયા, બંધુ શરદભાઈ, વિજયભાઈ આદિ પરિવારજનોએ પ્રભુના એક પ્રતિનિધિ સ્વરૂપે પૂજ્ય સ્વામીજીની પ્રથમ અને અંતિમ 'જય સદ્‌ગુરુ સ્વામી' આરતી ઉતારી. ભક્તજનોએ શોકાતુર નયણે દર્શન કર્યા. મહિલાઓએ દૂરથી દર્શન કરેલ.

વરસાદના અમી છાંટણા : સ્કૂલના મંચ ઉપર અંતિમ દર્શન વખતે મેઘરાજાએ આરતી ટાણે ઝીણા ઝરમર વરસાદના અમી છાંટણા કરી સાક્ષી પૂરીને પૂજ્ય સ્વામીજીના વધામણા કરેલ. અચાનક આ ઘટના જોઈને સહુને ભારે આશ્ચર્ય અને ભગવાન શ્રીહરિના પ્રગટ પુરુષોત્તમપણાની પ્રતીતિ થયેલ.

અંતિમ વિદાય : પૂજ્ય સ્વામીજીની પાલખીને સહુ સંતોએ કાંધ આપીને સંતો અને સ્વયંસેવકોએ ફૂલહાર વગેરેથી સજાવેલ અંતિમયાત્રા માટેના રથમાં પધરાવેલ. વિરહભર્યા ધૂન-સ્મરણ કરતા મંગળધ્વનિના નાદ સાથે કેટલાક ઝડપથી ચાલતા, દોડતા, તો કોઈ ટુવ્હીલર, ફોરવ્હીલર વાહનોમાં સંતો ભક્તજનો એકાદ કલાકમાં આજી તટે રામનાથપરા સ્મશાને પહોંચી ગયા. ત્યાં પૂજ્ય ભક્તિવલ્લભદાસજી સ્વામી આદિ સંતો તથા યુવા ભક્તજનોએ કાષ્ઠચિતા, માર્ગ વગેરે ફૂલહારથી સજાવીને તૈયાર કરેલ. ભૂદેવ આદિત્ય મહારાજે વેદમંત્રોથી અંતિમવિધિ કરાવી. પૂજ્ય ગુરુમહારાજ આદિ સંતો તથા નારાયણભાઇ પોંકિયા આદિ પરિવારજનોએ ઘી, છાણાં, જવતલ, ચંદન વગેરેથી અગ્નિદાહ આપ્યો. ચારે બાજુ અગરબત્તીની સુવાસ સાથે પૂજ્ય સ્વામીજીના સદ્‌ગુણોની સુવાસ પ્રસરી ગઈ.

અંતમાં સહુએ ગુરુકુલ આવી વસ્ત્રે સહિત સ્નાનવિધિ કરી ભોજનપ્રસાદ બનાવેલ તારાસૂતકની વિધિ પાળી રાત્રે તારા દર્શન થતા ફરી સ્નાન કરી સંતોએ જનોઈ બદલાવી પ્રભુપ્રતિમાનો સ્પર્શ કરેલ. બપોરે મોટી સંખ્યામાં ભક્તજનોએ ભોજન પ્રસાદ લીધેલ. અંતિમ સંસ્કારવિધિનો ખર્ચ પ.ભ. શ્રી યોગેશભાઈ ધીરુભાઈ વઘાસિયા આદિ ભક્તજનોએ ઉપાડેલ.

શ્રદ્ધાંજલિ સભા : અ.નિ. ધર્મકિશોરદાસજી સ્વામીની શ્રદ્ધાંજલિ સભા બ્રહ્મસત્રના આગલા દિવસે તા. ૧૩/૮/૨૫ ના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન ગુરુકુલ ખાતે યોજાએલ. પાર્ષદ નીલકંઠભગતે ફ્લેક્ષ બેનરોમાં સ્વામીજીની સ્મૃતિ તસ્વીરોથી મંચ સજાવેલ. સફેદ બિછાન ઉપર સ્થાપિત સ્વામીજીની ચિત્રપ્રતિમાને તેમની આ ગુણાનુવાદ સભામાં પધારતા સહુ કોઈએ પુષ્પહાર અને પુષ્પપાંખડીથી પોતાના શ્રદ્ધાસુમન અર્પણ કરેલ. ગુરુકુલ શાખાઓમાંથી અને રાજકોટ ભૂપેન્દ્ર રોડ મંદિર, જૂનાગઢ ટેમ્પલ બોર્ડ, ધોરાજી, વડતાલ, વંથલી, સરધાર, આટકોટ, છારોડી-રીબડા એસજીવીપી ગુરુકુલ, ગોંડલ આદિ સંપ્રદાયના મંદિરો અને તીર્થસ્થાનોમાંથી પૂજ્ય સંતો, સ્થાનિક તેમજ અનેક ગામડા અને શહેરોમાંથી ભક્તજનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ.

ઠાકોરજીના ધૂનસંકીર્તન બાદ આ સભામાં પરમપૂજ્ય ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા વડીલ સંતો પૂજ્ય ઘનશ્યામજીવનદાસજી સ્વામી અને ધોરાજીથી પધારેલ પૂજ્ય મોહનપ્રસાદદાસજી સ્વામી, પૂજ્ય નારાયણપ્રસાદદાસજી સ્વામી, પૂજ્ય પ્રભુચરણદાસજી સ્વામી, પુરાણી શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી, રાજકોટ મંદિરના કોઠારી શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી, છારોડી ગુરુકુલથી કોઠારી શાસ્ત્રી ધર્મનંદનદાસજી સ્વામી તેમજ સરધાર મંદિરથી પધારેલ સંતોએ અંતરના ઉદ્‌ગારો વ્યકત કરી પોતાની વાણીરૂપી પુષ્પોથી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ. પ.ભ. શ્રી મગનભાઈ ભોરણિયા તથા શ્રી ડાહ્યાભાઈ વૈષ્ણવે પણ પોતાના અંતરની ભાવના વ્યકત કરેલ. આ શ્રદ્ધાંજલિ સભા પ્રસંગે ઠાકોરજીના થાળ, સંતો ભક્તજનોને રસોઈ તથા મોટા દેવમંદિરોમાં સ્વામીજીની સ્મૃતિમાં થયેલ થાળ તેમજ ભેટ પુસ્તકો 'પ્રાર્થનામંજરી' અને 'ભજનમાળા'ના યજમાન ભક્તજનોને તથા વિશેષ ઉપસ્થિત રહેલ પૂજ્ય સ્વામીજીના પૂર્વાશ્રમના પરિવારજનોની ભાવનાને બિરદાવીને સભાસંચાલક શાસ્ત્રી હરિપ્રિયદાસજી સ્વામીએ વડીલ સંતોના હસ્તે સન્માનિત કરેલ. અંતમાં સહુ ભોજનપ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

ગઢપુર(જસદણ)ના શાસ્ત્રી સ્વામી શ્રી ભક્તિજીવનદાસજી સ્વામીનો અક્ષરવાસ

ભગવાન શ્રીસ્વામિનારાયણની પદરજથી પાવન થયેલ અક્ષરધામ તુલ્ય ગઢપુર શ્રીગોપીનાથજી મહારાજની નિશ્રામાં રહીને વરસો સુધી જસદણ-કૈલાસનગર શ્રી સ્વામિનારાયણ મંદિરની સેવા કરનાર અને છેલ્લા છએક વર્ષથી ગુંદાળા(જામ) રહેતા શાસ્ત્રીશ્રી ભક્તિજીવનદાસજી સ્વામી (ગુરુ : ગઢપુર મંદિરના જૂના કોઠારી શ્રી હરિજીવનદાસજી સ્વામી) ૯૩ વર્ષની વયે અગાઉથી શ્રીજી સંકેત જણાવીને તા. ૧૩/૯/૨૫ ના રોજ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે.

તેમના પૂર્વાશ્રમનું વતન આટકોટ, નામ ગોવર્ધનભાઈ, પિતા લાલજીભાઈ, માતા ઉજીબા અને અટક ખોખરિયા હતી. માતાપિતાના ૧૧ સંતાનોમાં તેઓ ત્રીજા ક્રમે હતા. પૂર્વના કોઈ મુમુક્ષુ હોય તેઓએ ૧૬ વર્ષની ઉંમરે ગૃહકુટુંબનો ત્યાગ કરી ગઢપુર મંદિરે ગુરુ હરિજીવનદાસજી સ્વામી પાસે આવી ગયા હતા. વડતાલમાં પરમ પૂજ્ય આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજ પાસેથી ભાગવતી સંતદીક્ષા લીધેલ. તેમણે ગુરુની આજ્ઞાથી નાસિકમાં ગોદાવરીને કાંઠે સ્વામિનારાયણ તપોવન આશ્રમમાં રહીને સંસ્કૃતનો વિદ્યાભ્યાસ કરી શાસ્ત્રીની પદવી મેળવી હતી. કેટલોક સમય ગઢપુરમાં રહી સત્સંગસેવા સાથે ગુરુને કથાશ્રવણ કરાવી રાજી કરેલ. સત્સંગ અર્થે કંઈક કરી છૂટવાની ભાવનાવાળા તેઓશ્રીએ સૌ પ્રથમ આટકોટ મંદિરના જીર્ણોદ્ધારની સેવા બજાવેલ.

સંતો-ભક્તજનો અને સત્સંગ સમાજનો સહકાર પ્રાપ્ત થતા ગુરુઆજ્ઞાથી તેઓએ જસદણમાં સૌ પ્રથમ કૈલાસનગરમાં સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કરાવી ૪૦ વર્ષ સુધી અત્રેના સત્સંગ સમાજનું પોષણ કર્યું. એ અરસામાં તેમણે જસદણ-આટકોટ વચ્ચે ગુરુકુલનું નિર્માણ કરેલ. સત્સંગમંડળની પ્રવૃત્તિ દ્વારા તેઓ બાળકો, યુવાનો અને વડીલો માટે આદર્શરૂપ બન્યા હતા, સૌને નિર્વ્યસની અને સદાચારમય જીવનની પ્રેરણા પૂરી પાડતા. સને ૧૯૭૮માં જ્યારે તેઓશ્રી દ્વારા જસદણમાં મંદિરનું નિર્માણ થયું તે વખતે પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે રાજકોટ ગુરુકુલથી ગુરુતુલ્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીને ખાસ આમંત્રણ પાઠવેલ અને પૂજ્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પુરાણી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીના વક્તાપદે ભાગવત પારાયણની કથા કરાવેલ.

સંતજીવનની મર્યાદા અનુસાર તેઓએ કન્યા કેળવણી અર્થે બહુમુલ્ય જમીન અર્પણ કરેલ અને આર્થિક યોગદાન સેવા પણ કરાવેલ. પોતે વયોવૃદ્ધ થતા તેમણે સને ૨૦૧૭માં ભગવદ્ પ્રેરણાથી જસદણ મંદિરની સેવા અને અત્રેના સત્સંગ પોષણની જવાબદારી રાજકોટ ગુરુકુલના સંતોને સોંપી. રાજકોટ ગુરુકુલના માધ્યમથી ગુરુદેવે એક રૂપિયા લવાજમમાં ગામડાંના હજારો ગરીબ બાળકોને અભ્યાસ કરાવી, સંસ્કારી બનાવી સમાજ અને સત્સંગસેવામાં જોડયા, ગુરુદેવની આ સેવાથી તેઓશ્રી ખૂબ જ પ્રભાવિત થયેલા.

પૂજ્ય ભક્તિજીવનદાસ સ્વામીએ પોતાની તે વાત પૂજ્ય જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીને કહેલ. પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી સૌ પ્રથમ અહીં ધર્મનંદનદાસ સ્વામી તથા પુરાણી કીર્તનપ્રિયદાસ સ્વામી આદિ સંતો વ્યાખ્યાનમાળા અર્થે પધારેલ. યુવાન સંતોની વિદ્વતા અને સાધુતા જોઈને ભક્તિજીવનદાસજી સ્વામીને ભારે ગુણ આવેલ. પૂજ્ય ભક્તિજીવનદાસ સ્વામીએ સંતોને અહીં જ રહેવા વિનતી કરી. કૃતજ્ઞતાપૂર્વકનો તેમનો ભાવ તથા લાગણી અને માગણી સ્વીકારીને ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીની આજ્ઞા તથા પુરાણી ધર્મવલ્લભદાસજી સ્વામીની પ્રેરણાથી શાસ્ત્રી ધર્મનંદનદાસજી સ્વામી અને સાધુ કૃપાવત્સલદાસ સ્વામી આદિ સંતો અહીં કાયમી સેવામાં જોડાયા. ગુરુકુલની એક શાખા તરીકે અહીં મંદિરનું નવનિર્માણ થયું અને તા. ૭/૫/૨૦૧૯ ના રોજ વડતાલથી પધારેલ પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે શ્રીઘનશ્યામ મહારાજ અને દેવોની પ્રતિષ્ઠા થયેલ.

પોતાની હયાતીમાં જીવનના સંધ્યાકાળે ગુરુકુલ સંસ્થા દ્વારા સત્સંગ વિકાસ અને ઉમદા સેવાકાર્ય થતું જોઈને પોતે ખૂબ જ પ્રસન્ન થયા અને એમ કહેતા કે મારું સેવાકાર્ય બધું લેખે લાગ્યું. જીવનના ઉત્તરાર્ધકાળમાં તેઓશ્રી જસદણથી સાતેક કિ.મી. અંતરે આવેલ ગુંદાળા ગામે આવીને રહેલા. દર પંદર દિવસે ગઢપુર શ્રીગોપીનાથજી મહારાજના દર્શને પધારતા રહેતા.

પ.ભ. શ્રી મનુભાઈ ખોખરિયા તથા પૂજ્ય સ્વામીના ગુરુભાઈ ભક્તિપ્રિયદાસજી સ્વામીના(ગઢપુર ઘેલા કાંઠે) મંડળના સંતો તેમજ જસદણ મંદિરના શાસ્ત્રી ધર્મનંદનદાસ સ્વામી આદિ સંતો હરહંમેશ તેમની સેવા સરભરા કરતા રહેતા.

તેમના જીવનના અંતિમ દિવસોમાં તેઓ ભગવાન શ્રીહરિ અને મોટા સંતોનું સ્મરણ કરતા રહેતા. ગુંદાળામાં સદ્. ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજીની પ્રતિષ્ઠા કરેલ છે તે મહાપ્રતાપી હનુમાનજી મહારાજના સાંનિધ્યમાં ૧૩/૯ ના રોજ શનિવારે તેઓશ્રીએ આપેલ સંકેત મુજબ શ્રીહરિ તેઓને ધામમાં તેડી ગયેલ. એ પૂર્વે ગુરુકુલથી પૂજ્ય ગુરુમહારાજ, પૂજ્ય મહંતસ્વામી તથા પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી આદિ વડીલ સંતોએ વીડિયોકોલથી ઘણીવાર સુધી પરસ્પર સત્સંગના સંસ્મરણો સાથે દર્શન-આશીર્વચન પાઠવેલ.

તા. ૧૨ના રોજ પૂજ્ય જ્ઞાનજીવનદાસજી સ્વામી, શાસ્ત્રી હરિપ્રિયદાસજી સ્વામી તથા સાધુ પૂર્ણપ્રકાશદાસજી સ્વામી આદિ સંતો દર્શને પધાર્યા ત્યારે પ્રસન્ન મને જૂની સ્મૃતિ વાગોળેલ. બીજા દિવસે બપોરે પોતે ધામમાં પધારેલ. તેના સમાચાર મળતા વિદેશયાત્રાએથી પધારેલ પૂજ્ય જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીએ પણ તુરત જ તે જ દિવસે સાંજે અમદાવાદથી ગુંદાળા આવી પૂજ્ય સ્વામીજીના અંતિમ દર્શન કરેલ. છેલ્લાં ૬ વર્ષ સુધી પૂજ્ય ભક્તિજીવનદાસ સ્વામીની રુચિ મુજબ અનુવૃત્તિમાં રહીને અદની સેવા કરનાર પ.ભ. શ્રી મનુભાઈ ખોખરિયા તથા અન્ય ભકતજનો અને ગ્રામજનોની ઈચ્છા મુજબ તેમનો અગ્નિસંસ્કાર પણ ગુંદાળા ગામે ઓટો બનાવીને કરવામાં આવેલ. તેમના અંતિમવિધિમાં ગઢપુર મંદિરથી કોઠારી શ્રી હરિજીવનદાસજી સ્વામી તથા ગુરુભાઈ સંતો, સારંગપુર, વડતાલ, જૂનાગઢ આદિ સ્થાનોમાંથી સંતો ઉપસ્થિત રહેલા. તા. ૨૬/૯ના રોજ ગઢપુર ખાતે સ્વામીજીની ત્રયોદશા તિથિએ વિશેષ ગુણાનુવાદ સભામાં ગુરુકુલથી પુરાણી શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી અને શાસ્ત્રી શ્રી ધર્મનંદનદાસ સ્વામી આદિ સંતોએ પધારી શ્રદ્ધાંજલિ પાઠવેલ.

તા. ૧૮/૯ ના રોજ જસદણ સ્વામિનારાયણ મંદિરમાં તેમની વિશેષ શ્રદ્ધાંજલિ સભા યોજાયેલ અને તા. ૨૦/૯ના રોજ સંતો દ્વારા ગુંદાળા ગામે વિશેષ ધૂન કીર્તન થયેલ. પૂજ્ય સ્વામીજીના સદ્ગુણોની છાપ જસદણ, આટકોટ, ગુંદાળા તથા આસપાસ ગામોના સત્સંગ સમાજ પર પડી હતી. તેથી સહુ ભકતજનો અને ભાવિકોમાં સ્વામીજીનું સ્થાન આદરણીય હતું.

-જય સ્વામિનારાયણ

રાજકોટ ગુરુકુલ : જળઝીલણી મહોત્સવ

તા. ૩/૯/૨૫ના રોજ ગુરુકુલમાં સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ સુધી સાધુઆશ્રમ સભામંડપમાં વિશાળ ચોકીમાં ઠાકોરજીને હોડીમાં પધરાવી ધો. ૯-૧૦ના વિદ્યાર્થીઓના રાસસંકીર્તન સાથે ઉત્સવની ઉજવણી થયેલ. સંચાલક જીવનમુક્તદાસ સ્વામી તથા ગવૈયા પૂજારી દિવ્યચરણદાસ સ્વામીએ સર્વ આયોજન અને વ્યવસ્થા સંભાળેલ. બપોર પછી કાલાવડ રોડ, ખીરસરા ગામે પેલેસની પાછળ ચેકડેમ ઉપર નદીકાંઠે પૂજ્ય જ્ઞાનજીવનદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ શાસ્ત્રી હરિપ્રિયદાસજી સ્વામી આદિ ૧૫ સંતો અને ૫૦૦ ઉપરાંત ભક્તજનોની ઉપસ્થિતિમાં આ ઉત્સવ ઉજવાયેલ.

ગુરુકુલ શાખાઓમાં ગ્રહણ નિમિત્તે થયેલ ભજન-ભક્તિ

ભાદરવા સુદ પૂનમ, ચંદ્રગ્રહણ તા. ૭/૯/૨૫ના રોજ રાત્રે ૯:૫૭ થી ૧:૩૦ એમ સાડા ત્રણ કલાકના આ ગ્રહણ દરમિયાન સમગ્ર હિન્દુ વૈષ્ણવજનો તથા સંપ્રદાયના સંતો-ભક્તજનોએ શાસ્ત્રવિધિ મુજબ વિશેષ ભજન અનુષ્ઠાન કરેલ.

રાજકોટ ગુરુકુલ અને શાખાઓમાં પૂજ્ય સંતો-ભક્તજનો અને વિદ્યાર્થીઓએ પણ સ્વામિનારાયણ મહામંત્રની વિશેષ ધૂન, રાસ સંકીર્તન ગાન અને શ્રીજી લીલાચરિત્રોના શ્રવણ સાથે ભગવાન શ્રીહરિની આજ્ઞા મુજબ ભજન-ભક્તિનો અલભ્ય લાભ લીધેલ. ગ્રહણ અંગેની પ્રાસંગિક કથાઓ કહેવાયેલ. અંતે વસ્ત્ર સહિત સ્નાનવિધિ કરી પૂજ્ય સંતો અને વિદ્યાર્થીઓએ પૂજાપાઠ કરેલ.

સાજિયાવદર (જિ. અમરેલી) : અત્રે સ્વા. મંદિરમાં ઠાકોરજીની પ્રતિમા જર્જરિત થતા તરવડા ગુરુકુલથી પૂજ્ય સંતો દ્વારા તા.૧૩/૮ના રોજ નૂતન ચિત્રપ્રતિમાની પ્રતિષ્ઠાવિધિ થયેલ. આ પ્રસંગે પૂજ્ય વિશ્વપ્રકાશદાસજી સ્વામી, શાસ્ત્રી યોગેશ્વરદાસજી સ્વામી તથા શાસ્ત્રી વ્રજજીવનદાસજી સ્વામી આદિ સંતોએ પધારી પ્રાસંગિક કથાવાર્તાનો લાભ આપેલ. પુરાણી કૃષ્ણપ્રિયદાસજી સ્વામીએ માર્ગદર્શન પુરું પાડેલ.

પ.ભ. શ્રી ભીખાભાઈ સુતરિયા પરિવાર દ્વારા ભગવાન શ્રીહરિના જન્મસ્થાન
તીર્થધામ છપૈયામાં યોજાયેલ શ્રીઘનશ્યામ બાલચરિત્ર કથા



પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રાગટ્ય ભૂમિ ઉત્તરપ્રદેશ અયોધ્યા પાસેનું છપૈયા ગામ આજે હજારો સંતો અને લાખો હરિભક્તો તથા ભાવિકોના સતત વિચરણથી જાણે છપૈયાધામ બની ગયું છે. અમદાવાદ શ્રી નરનારાયણ દેશ ગાદી દ્વારા અહીં એક વૈશ્વિક તીર્થધામ તરીકે મંદિર અને પરિસરનું નિર્માણ અને વિકાસ થઈ રહ્યો છે. ભગવાન શ્રીસ્વામિનારાયણના ઉપાસકો માટે તો તે એક મુખ્ય તીર્થધામ છે. અહીં ધર્મદેવ અને ભક્તિમાતાને ત્યાં પાંડે કુળમાં પ્રગટીને ભગવાન શ્રીહરિએ બાળઘનશ્યામ રૂપે અનેક બાળલીલાઓ વિસ્તારી છે. છપૈયા નારાયણ સરોવર આસપાસના તથા નજીકના ગામોમાં તે પ્રભુ પ્રસાદીના લીલાસ્થાનો જે તે ઠેકાણે છત્રીઓ-દેરીઓનું નિર્માણ કરીને મંદિર દ્વારા સ્મૃતિરૂપે સાક્ષાત્ સચવાયેલી છે. તે લીલાસ્થાનોના દર્શન અને સ્મૃતિ થવી એ જ અહીંની યાત્રાનો મોટો લ્હાવો છે.

પ્રગટ પ્રભુની આ પ્રાગટ્યભૂમિમાં શ્રીઘનશ્યામ મહાપ્રભુના દર્શન તથા લીલાઓની સ્મૃતિનો સહુને લાભ મળે તેવા ઉમદા ઉદેશથી શાસ્ત્રીજી મહારાજ તથા ગુરુમહારાજ અને પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામી આદિ વડીલ સંતોના કૃપાપાત્ર ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા સંનિષ્ઠ સેવક સુરત ખાતે ગુરુકુલની નજીકમાં રહેતા પ.ભ. ભીખાભાઈ નાગજીભાઈ સુતરિયાએ પોતાના માતા-પિતાની પાવન સ્મૃતિમાં પરિવારના સાથ સહકારથી મુખ્ય યજમાન પદે રહી આ કથાનું આયોજન કરેલ.

અત્રે છપૈયાધામમાં નવનિર્મિત વિશાળ એ.સી. હોલમાં તા. ૧૧ થી ૧૫/૯/૨૫ દરમિયાન યોજાયેલ આ પંચદિનાત્મક કથાપારાયણમાં શાસ્ત્રી મંગલસ્વરૂપદાસજી સ્વામી અને શાસ્ત્રી નીલકંઠચરણદાસ સ્વામીએ સંગીતજ્ઞ ગવૈયામંડળના સંકીર્તન ગાન સાથે સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી કૃત ચરિત્રગ્રંથના આધારે બાળઘનશ્યામ પ્રભુનાં ચરિત્રપ્રસંગોનું મહિમાથી શ્રવણ કરાવતા. સહુના અંતરમાં પ્રભુનાં ચરિત્રો તાદૃશ્ય થઈ જતા. સ્થળ અને કાળનું ભાન ભૂલીને સહુના ચિત્ત પ્રભુની સ્મૃતિમાં પરોવાઈ જતા. સવારે અને બપોર પછી એમ બે સેશનમાં આ કથાપારાયણ થયેલ.

આ કથાપ્રસંગે યજમાન પરિવારનું ભાવઆમંત્રણ સ્વીકારી પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી, પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય નારાયણપ્રસાદદાસજી સ્વામી, પૂજ્ય પ્રભુચરણદાસજી સ્વામી, પૂજ્ય શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, પુરાણી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી આદિ ૭૦ જેટલા સંતો અને ૬૦૦ જેટલા ભક્તજનો તેમજ પ્રેમવતી મંદિરના ૪૦ જેટલા સાંખ્યયોગી બહેનોએ આ કથાનો લાભ લીધેલ.

પ્રથમ દિવસે ટ્રેન તથા પ્લેનના માધ્યમે બધા જ હરિભક્તો છપૈયા પહોંચ્યા. અયોધ્યા શ્રીરામલલ્લાના દર્શન કરી તા. ૧૧/૯ ના રોજ કથાનો મંગલ પ્રારંભ થયેલ. નારાયણ સરોવરથી છપૈયા મંદિરમાં સભામંડપ સુધી વાજતે ગાજતે ધૂન સંકીર્તન કરતા સંતો-ભક્તજનોએ પોથીયાત્રા યોજેલ.

પૂજ્ય સદ્‌ગુરુ શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન અનુસાર અભિષેક આદિ ભક્તિમય આયોજનો ઉજવાયા, જેથી આ કથા એ કેવળ કથા જ ન રહેતા છપૈયાધામ મહોત્સવ બની ગયેલ, જેમાં નારાયણ સરોવર પૂજન ઉત્સવ, નારાયણ સરોવરના કિનારે સમૂહ મહાપૂજા, સમૂહ આરતી થયેલ.

આ ઉપરાંત શ્રીઘનશ્યામ મહારાજ પૂજનોત્સવ, બીજમંત્ર યાગ, જલાભિષેક, હોમાત્મક યાગ, ઠાકરથાળી રાસોત્સવ, છપૈયા સમૂહ તીર્થ દર્શન, સંકીર્તનસરિતા વગેરે ભક્તિમય અનુષ્ઠાનો થયા. આ છપૈયા મંદિરમાં સેવારત સદ્‌ગુરુ શ્રી જગતપ્રકાશદાસજી સ્વામી, મહંત દેવપ્રસાદદાસજી સ્વામી, કોઠારી વિષ્ણુપ્રકાશદાસ સ્વામી તથા પૂજારી હરિદર્શનદાસ સ્વામી આદિકે સંતમંડળે ઉપસ્થિત રહી મંગલ આશીર્વચન પાઠવેલ તથા સર્વ વ્યવસ્થા કરી આપેલ. સાંખ્યયોગી માતાઓના સાનિધ્યમાં મહિલામંચનું આયોજન પણ થયેલ.

ઊના નાઘેરપંથક - બાબરિયાવાડમાં
ઊના(આનંદગઢ) ગુરુકુલ દ્વારા ટીંબી રૂપેણ નદી તટે ઉજવાએલ જળઝીલણી મહોત્સવ

ઊના પાસેના ટીંબી ગામે દર વર્ષની માફક આ વર્ષે પણ ઊના ગુરુકુલથી સંચાલક સાધુ હરિવદનદાસ સ્વામી તથા કોઠારી સર્વજ્ઞદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ શીતળામાતા તથા પંચમુખી હનુમાનજી મહારાજના સાનિધ્યમાં રૂપેણ નદીને કિનારે જળઝીલણી મહોત્સવ ઉજવાએલ, જેમાં આજુબાજુના ૪૫ ગામોમાંથી ૧૫ જેટલા સંતોએ વિચરણ કરીને પાઠવેલા આમંત્રણથી ૧૫૦૦ ઉપરાંત પુરુષ-મહિલા ભક્તજનો વિવિધ વાહનોમાં ધૂન સંકીર્તન કરતા પધારેલા. આ પ્રસંગે પૂજ્ય નારાયણપ્રસાદદાસજી સ્વામી, પૂજ્ય કેશવપ્રિયદાસજી સ્વામી આદિ સંતો, મંદિરના મહંત બાપુ તથા યજમાન ભક્તજનો અને અધિકારીશ્રીઓએ રૂપેણ નદીના જળના શ્રીફળ આદિથી પૂજન કરી વધામણાં કરેલ. તરવડા ગુરુકુલના વિદ્યાર્થીઓએ સ્વાગત નૃત્ય, રૂપક તેમજ સંકીર્તન ગાન સાથે રાસ રજૂ કરેલ. પૂજ્ય પ્રભુચરણદાસજી સ્વામી, શાસ્ત્રી હરિસ્મરણદાસ સ્વામી આદિ સંતોએ કથાપ્રસંગો વર્ણવેલ. વિશેષમાં આ વિસ્તારના મંદિરના પૂજારી ભક્તજનોનું પૂજ્ય સંતોએ શાલ ઓઢાડી બહુમાન કરેલ.

આ ઉત્સવ પ્રસંગે ગુરુકુલ શાખાઓમાંથી પૂજ્ય વિશ્વપ્રકાશદાસજી સ્વામી, શાસ્ત્રી હરિબળદાસજી સ્વામી, સાધુ કૃષ્ણસેવાદાસ સ્વામી, કોઠારી વિજ્ઞાનદાસ સ્વામી, સાધુ સત્યપ્રકાશદાસ સ્વામી, સાધુ ગુણવલ્લભદાસ સ્વામી, સાધુ અભયચરણદાસ સ્વામી, સાધુ અખિલેશ્વરદાસ સ્વામી, સાધુ જનકલ્યાણદાસ સ્વામી, સાધુ કૃષ્ણવત્સલદાસ સ્વામી આદિ સંતો અત્રે ઉપસ્થિત રહેલ.

દેશવિદેશ સ્થિત ગુરુકુલ શાખાઓમાં આ ઉત્સવ ખૂબ ભક્તિભાવપૂર્વક ઉજવાયેલ. તરવડા ગુરુકુલથી રૂગનાથપુર ખોડી તથા સમઢીયાળા ગામે જળઝીલણી ઉત્સવમાં સંતો પધારેલ. સુરત-નવસારીથી દાંડી દરિયાકાંઠે આ ઉત્સવ ઉજવાયો. આફ્રિકા ઝીંઝા ખાતે નિર્માણધીન ગુરુકુલ શાખાથી પૂજ્ય સંતોએ વિક્ટોરિયા સરોવરમાં ઠાકોરજીને જળ ઝીલાવેલ.

પૂના (સાંગવી) : શ્રીમદ્ ભાગવત કથાપારાયણ

અત્રે પૂના (મહારાષ્ટ્ર) શહેરના સાંગવી સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરના ઉપક્રમે તા. ૧૦ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન મૂળ વંથલીના પ.ભ. શ્રી જગદીશભાઈ અને રાજુભાઈ રાઠોડ પરિવારના યજમાનપદે શ્રીમદ્ ભાગવતકથા પારાયણ સંપન્ન થયેલ, જેમાં અહીંના બાલાજી લોન્સ બેન્કવેટ હોલ ખાતે સુરત ગુરુકુલથી પધારેલ સંતો પુરાણી શ્રી કીર્તનપ્રિયદાસ સ્વામી અને શાસ્ત્રી પ્રેમનંદનદાસ સ્વામીએ સંગીતની સુરાવલી સાથે કથાનું રસપાન કરાવ્યું હતું.

આ કથા અંતર્ગત શ્રીકૃષ્ણ પ્રાગટ્યોત્સવ, ગોવર્ધનલીલા, ઠાકરથાળી, રાસોત્સવ, નરસિંહ મહેતાના પિતાનું કારજ વગેરે પ્રસંગો વક્તા સંતો દ્વારા ઉજવાયેલ. આ પ્રસંગે વાશી ગુરુકુલથી પૂજ્ય કૃષ્ણવલ્લભદાસ સ્વામી, વિરક્તજીવનદાસ સ્વામી તથા સુરતથી સદ્ગુરુ પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી

સ્વામી, પૂજ્ય પ્રભુચરણદાસજી સ્વામી, સાધુ અખિલેશ્વરદાસ સ્વામી આદિ સંતોએ કથામાં પધારી યજમાન ભક્તોને આશીર્વાદ પાઠવેલા. આ આયોજનમાં યજમાન પરિવાર અને સત્સંગ યુવકમંડળના પુરુષ મહિલા ભક્તજનોએ ઉત્સાહથી સેવા બજાવેલ. પવિત્ર સંતોના મુખેથી આ કથાશ્રવણથી સહુના જીવનમાં સત્સંગનું અનેરું બળ પ્રાપ્ત થયું હતું.

અક્ષરવાસ નોંધ

રાજકોટ ગુરુકુલ વિદ્યાલયના નિવૃત્ત શિક્ષક ઈશ્વરભાઈ પટેલ

મૂળ કલ્યાણપુરા(ખાખરિયા)ના વતની અને ગુરુકુલમાં વર્ષો સુધી આઈ.બી.પટેલ સાહેબ તરીકે ઓળખાતા ગણિત-વિજ્ઞાનના નિવૃત્ત શિક્ષક પ. ભ. શ્રી ઈશ્વરભાઈ ભગવાનદાસભાઈ પટેલ (ઉં.વ.૮૧) તા. ૨૬/૮/૨૫ ના રોજ હરિસ્મરણ કરતા અમદાવાદ ખાતે અક્ષરવાસી થયા છે. સને ૨૦૦૩માં નિવૃત્ત થયા બાદ તેઓશ્રી સત્સંગ ભજન-ભક્તિ આદિ પ્રવૃત્તિમાં જીવન વ્યતીત કરતા રહેતા.

તેઓશ્રી કુટુંબ પરિવારમાં જળકમળવત્ રહી ભગવદ્ધામમાં સીધાવ્યા. તેઓશ્રીએ શિક્ષક તરીકેની કારકિર્દી સાથે ગુરુકુલમાં ઉત્સવ સમૈયા પ્રસંગે ઉતારા-ઓફિસ વગેરેની ઉત્સાહથી સમર્પિતભાવે સેવા બજાવેલ. નિવૃત્તિ બાદ સંસ્થા દ્વારા થયેલ ચેકડેમ, કૂવારિચાર્જ જળસંચય અભિયાનમાં સેવા કરેલ. તેઓશ્રી રણછોડભાઈ અકબરી વગેરે શિક્ષકોના તથા સહુ સંતોના આત્મીય હતા. ઈષ્ટદેવ શ્રીહરિ તેમના આત્માને નિજચરણ સેવાનું સુખ અર્પે અને સુપુત્રો મહેન્દ્રભાઈ તથા રાજેશભાઈ આદિ પરિવારજનોને ધીરજ અર્પે..

રાજકોટ વિદ્યાલયના નિવૃત્ત હિન્દી શિક્ષક ભરતભાઈ ટાંક

ગુરુકુલ વિદ્યાલયમાં ૩૫ વર્ષ સુધી એક અદના શિક્ષક તરીકે સફળ સેવા બજાવીને સને ૨૦૦૧માં નિવૃત્ત થયેલા અને છેલ્લા કેટલાક વર્ષોથી અમદાવાદ ખાતે સુપુત્ર પંકજભાઈ સાથે રહેતા શ્રી ભરતભાઈ પુરુષોત્તમભાઈ ટાંક (ઉં.વ.૮૩) તા. ૨૯/૮/૨૫ ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેઓશ્રીએ શિક્ષક તરીકે સેવાની સાથે વરસો સુધી 'સદ્‌વિદ્યા' માસિકમાં ચિત્રવાર્તાના ચિત્રો દોરવાની સેવા કરેલ. તેઓએ પોતાની તે કલાથી શાસ્ત્રીજી મહારાજ અને પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા પૂજ્ય ગુરુમહારાજ આદિ સંતોની પ્રસન્નતા પ્રાપ્ત કરેલ. તેઓ અવારનવાર ગુરુકુલ દર્શને આવતા રહેતા અને ફોનથી સંપર્કમાં રહેતા. રૂપારેલિયા સાહેબના આત્મીય મિત્ર હતા. તેઓશ્રી મૂળ ગોંડલના વતની હતા અને તેમનો ઉછેર અને કોલેજ સુધીનો અભ્યાસ રતલામ (એમપી)માં થયેલ. ભગવાન તેમના આત્માને વિશેષ સુખશાંતિ અર્પે અને સુપુત્ર પંકજભાઈ આદિ પરિવારજનોને ધીરજ અર્પે....

કેલિફોર્નિયા (અમેરિકા) : ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ.ભ.શ્રી મનુભાઈ હરિભાઈ પટોળિયાના ધર્મપત્ની અ.સૌ. નિર્મળાબેન મનુભાઈ પટોળિયા (ઉં.વ.૭૯) તા. ૧/૮/૨૦૨૫ ના રોજ અમેરિકા ખાતે હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. મનુભાઈના યોગે તેઓશ્રી પણ સત્સંગના રંગે રંગાયેલાં હતાં. અત્રે લોસએન્જલસ ગુરુકુલ શાખાના નિર્માણ અને વિકાસમાં તેઓશ્રી મનુભાઈને ઉત્સાહ અને પ્રેરકબળ પૂરું પાડતા.

તેમના યોગે અત્રે મહિલાઓના સત્સંગનું સારું પોષણ થયેલું. તેઓ પૂર્વના કોઈ મુમુક્ષુ દૈવી આત્મા હતા. તેમનો જન્મ કરાંચીમાં થયેલો અને ઉછેર તથા અભ્યાસ મુંબઈમાં થયેલો. તેઓશ્રી મૂળ સૌરાષ્ટ્રમાં ગુજરાતી પરિવારના હોવાથી વિદેશમાં પણ ભારતીય હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે બાળકોનો ઉછેર અને સંસ્કારોનું સિંચન કરેલ. ભગવાન શ્રીહરિ તેમના આત્માને નિજચરણ સેવાનું વિશેષ સુખ અર્પે તેમજ સર્વે પટોળિયા પરિવારજનોને તથા બન્ને જમાઈઓ શ્રી ઘનશ્યામભાઈ વઘાસિયા અને કલ્પેશભાઈ બોદર આદિને ધીરજ અને સત્સંગનું બળ અર્પે એવી પ્રાર્થના.

ફાટસર : અત્રે પ.ભ. શ્રી ઝીણાભાઈ જેરામભાઈ વાડદોરિયા (ઉં.વ.૯૩) તા. ૧૧/૮ ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેઓશ્રી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને પૂજ્ય ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી આદિ સહુ સંતો સાથે અનન્ય આત્મીયતા અને હેત ધરાવતા હતા. તેઓએ વર્ષો સુધી ફાટસર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં કોઠારી તરીકે સેવા બજાવેલ. તેઓ વચનામૃતના અભ્યાસુ હતા અને તેમણે ૧૦૦ પાઠ પૂર્ણ કરેલ. ઉત્સવ સમૈયા તથા બ્રહ્મસત્ર પ્રસંગે ગુરુકુલમાં અવશ્ય પધારતા અને કથાવાર્તાનો લાભ લેતા હતા.

ફાટસર મંદિર નિર્માણ વખતે પણ ગુરુદેવના વચને હનુમાનજી અને ગણપતિજીની મૂર્તિની સેવા કરેલ. ગુરુદેવના આશીર્વાદથી તેઓને ભરતભાઈ અને ગણેશભાઈ એમ બે પુત્રોની પ્રાપ્તિ થયેલ. તેમાં ભરતભાઈએ રાજકોટ ગુરુકુલમાં અભ્યાસ બાદ સંતદીક્ષા લઈ ભગવાનદાસ સ્વામી નામ ધારણ કરેલ. હાલ તેઓ નર્મદા નીલકંઠધામ ખાતે સેવા બજાવે છે. ભગવાન શ્રીહરિ સદ્‌ગત આત્માને વિશેષ નિજચરણ સેવાનું સુખ અર્પે.

રાજકોટ : ગુરુકુલમાં સમર્પિતભાવે જોડાયેલ તથા રાત્રિ ફરતી ધૂનમંડળના ગવૈયા શ્રી બળદેવભાઈ ખેરના પિતાશ્રી પ.ભ. મોહનભાઈ દેવજીભાઈ ખેર (ઉં.વ.૮૩) તા. ૧૩/૯ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેમની અંતિમ ઈચ્છા મુજબ ઠાકોરજી સાથે પૂજ્ય સંતો દર્શન દેવા પધારેલ. સુપુત્રો શ્રી બળદેવભાઈ તથા અજીતભાઈ આદિ પરિવારજનો...

રાજકોટ : મૂળ પાળ ગામના ગુરુકુલ નિત્ય દર્શન તથા પ્રાતઃ સત્સંગ કથાવાર્તાનો વર્ષો સુધી લાભ લેનાર પ.ભ. ગોરધનભાઈ લાધાભાઈ ટીલાળા (ઉં.વ. ૭૮) તા. ૨૭/૮ ના રોજ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. તેમના બંધુ શ્રી ગોબરભાઈ ટીલાળા હાલ ગુરુકુલમાં નિત્ય સત્સંગ-સેવાનો લાભ લેતા રહે છે. સુપુત્ર હિતેષભાઈ તથા ભઈલાભાઈ આદિ પરિવારજનો...

રાજકોટ : મૂળ મેટોડાના અ.સૌ. રળિયાતબેન દામજીભાઈ ગઢિયા ઉં. વ. ૮૫, તા. ૨૪/૯/૨૫ ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેઓ મૂળ હરિપર(તરવડા) પ.ભ. શ્રી ડાહ્યાભાઈ વૈષ્ણવના મોટા બહેન હતા. સુપુત્રો ભૂ.વિ. મહેશભાઈ તથા ભૂ.વિ. ગોપાલભાઈ આદિ પરિવારજનો...

રાજકોટ : ગં.સ્વ. સવિતાબેન ઠાકરશીભાઈ મકવાણા ઉં.વ. ૭૮ તા. ૨૬/૯ ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેઓશ્રી ગુરુકુલના સમર્પિત ભક્તજનો શ્રી જીવરાજભાઈ, અ.નિ. વલ્લભભાઈ તથા જયંતીભાઈ ચાંગેલાના બહેન હતા. તેમના યોગે ભજનસ્મરણ કરતા રહેતા. સુપુત્રો પ્રફુલભાઈ તથા ભરતભાઈ આદિ

રાજકોટ : અ.સૌ. જીવતીબેન કનુભાઈ પરસાણા ઉં. વ. ૭૫ તા. ૨૯/૯ ના રોજ અક્ષરવાસી થયા છે. તેઓશ્રી હરહંમેશ પ.ભ. કનુભાઈના યોગે ગુરુકુલ ઠાકોરજીના દર્શન અને સત્સંગ કથાવાર્તાનો લાભ લેતા. સુપુત્રો દિવ્યેશભાઈ તથા હસુભાઈ...

રાજકોટ : ભૂ.વિ. બેચરભાઈ કરશનભાઈ સાંગાણી (ઉં.વ. ૭૯) મૂળ ગામ ખોરાણા, તા. ૧૪/૯ના રોજ અક્ષરવાસી થયા છે. સુપુત્રો ગિરીશભાઈ, અનિલભાઈ આદિ...

રાજકોટ : પ.ભ. મનીષભાઈ દામજીભાઈ ટાંક (ઉં.વ.૫૫) તા. ૩૧/૭/૨૫ ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયેલ છે. તેઓ નિત્ય ગુરુકુલ દર્શને આવતા. સુપુત્ર અભિષેક આદિ

ઉપરોક્ત સર્વે અક્ષરવાસી આત્માઓને ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ નિજચરણ સેવાનું અખંડ સુખ આપે તેમજ પરિવારજનોને ધીરજ અને સત્સંગનું બળ અર્પે એવી પ્રાર્થના.

રાજકોટ ગુરુકુલમાં રસોઈ

પ.ભ. શ્રી શરદભાઈ નારણભાઈ પોંકિયા-ફાટસર	સુરત
હ. વિજયભાઈ નારણભાઈ પોંકિયા	
અ.નિ. ધર્મકિશોરદાસ સ્વામીની પવિત્ર સ્મૃતિમાં	
ભૂ.વિ. અનિલભાઈ ગગજીભાઈ રાણપરિયા	ગુંદાસરા
અ.નિ. પ.ભ. હંસરાજભાઈ ધામી	રાજકોટ
હ. સુપુત્ર હિતેષભાઈ તથા ઋષિરાજભાઈ	

રાજકોટ ગુરુકુલ પરિવાર
શ્રી પ્રેમવતી મહિલા સંસ્કાર કેન્દ્રની સેવા પ્રવૃત્તિ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન ઉપક્રમે પ્રેમવતી મહિલા સંસ્કાર કેન્દ્રો સુરત, મુંબઈ, નર્મદા, કેશોદ, પાટડી, ઊના, રાજકોટ, જસદણ વગેરે સ્થળોએ કાર્યરત છે. આ મંડળોના સાંખ્યયોગી બહેનો દ્વારા ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં કથાવાર્તાના આયોજન સાથે થયેલ સત્સંગસેવા પ્રવૃત્તિની વિગત નીચે મુજબ છે.

* મહિલાસભા-૧૧૦ * યુવતીસભા-૧૩ * કિશોરીસભા-૧૫ * બાલિકાસભા-૨૯૬ * એકાદશીસભા-૬૦ * મહાપૂજા-૨૯૩૯ * પધરામણી-૫૬૦ * વર્તમાનધારણ-૧૬૧ * પૂજાપેટી-૪ * કીર્તનભક્તિ-૩ આ ઉપરાંત જુદા જુદા કેન્દ્રોમાં..

પ્રેમવતી કેન્દ્ર : ઝૂમ સભા-૧, વિદેશ સભા-૯, કિશોરી પાઠશાળા-૩, હિંડોળા ઉત્સવ-૨, ત્રિદિનાત્મક વ્યાખ્યાનમાળા-૪, વિદેશ મહિલા ભક્તો દ્વારા ઓનલાઈન મહાપૂજા, યાત્રા પ્રવાસ-૧, મુક્તમિલન સભા-૧, **અક્ષરધામ કેન્દ્ર :** ત્રિદિનાત્મક વ્યાખ્યાનમાળા-૬, પુરુષોત્તમપ્રકાશ અનુષ્ઠાન-૪૦, કિશોરી ફ્રેન્ડશીપ ડે સેલિબ્રેશન, ભક્તચિંતામણિ યજ્ઞ-૧, સવારની નિત્ય કથા (ગઢપુરલીલા), હિંડોળા ઉત્સવ-૯ **મોટા વરાછા :** હિંડોળા ઉત્સવ-૧૯, યુવતી પાઠશાળા-૪, ત્રિદિનાત્મક વ્યાખ્યાનમાળા-૧૧, નિત્ય પ્રાતઃકથા- દશમ સ્કંધ, નિત્ય સાયં હરિલીલામૃત કથા, શ્રીહરિજયંતી સભા-૨, આદિનારાયણ કથા-૨

મુંબઈ (વાશી) : પૂનમે ૨૦ મહિલાઓ દ્વારા ઘનસોલીથી વાશી પદયાત્રા, ત્રિદિનાત્મક વ્યાખ્યાનમાળા-૩, હિંડોળા ઉત્સવ-૩૦, રક્ષાબંધન ઉત્સવ **નીલકંઠધામ** : હિંડોળા ઉત્સવ-૧૩ **ઊના :** હિંડોળા ઉત્સવ-૯ (ઊના, પીપરિયા, નાના સમઢિયાળા, વડવીયાળા, અમોદરા, પાતાપર, એભલવડ), ત્રિદિનાત્મક વ્યાખ્યાનમાળા-૨(ગીર ગઢડા, ફાટસર), ડબરા ઉત્સવ, દર એકાદશીએ મોટા મંદિરે પદયાત્રા, શ્રાવણ મહિનામાં દરરોજ સવારે મહાપૂજા, સાંજે ઘનશ્યામ લીલામૃતસાગર કથા, સામૂહિક સભા-૨, **જસદણ :** હિંડોળા ઉત્સવ-૨૨, ત્રિદિનાત્મક વ્યાખ્યાનમાળા-૨, રક્ષાબંધન ઉત્સવ, સાસુ વંદના ઉત્સવ **વર્ણીન્દ્રધામ :** હિંડોળા ઉત્સવ-૧૮ **રાજકોટ :** ત્રિદિનાત્મક વ્યાખ્યાનમાળા-૭, હરિજયંતી સત્સંગ સભા નિકોલ ગુરુકુલ અમદાવાદ, આદિનારાયણ કથા, મહામંત્ર યજ્ઞ, ગઢપુર યાત્રા પ્રવાસ, ડબરા ઉત્સવ, હિંડોળા ઉત્સવ-૨૫ અને ૩૬૦ સમૂહ મહાપૂજા, તરવડા ગુરુકુલ રજતજયંતી મહોત્સવ નિમિત્તે ભક્તચિંતામણિ પાઠ-૫૦૦, શિક્ષાપત્રી પોથીપૂજન, પધરામણી-૯૮, શિક્ષાપત્રી પાઠ-૧૫૦૦, કચ્છ-ભુજ પંચતીર્થી, મહિલા મંચ-૧ તથા જન્માષ્ટમી, ગણેશચતુર્થી, જલઝીલણી ઉત્સવ.●

સંસ્થાના આગામી આયોજન

૪૫મી પારિવારિક ઓનલાઈન સત્સંગસભા : તા. ૧૭/૧૦/૨૫ એકાદશી, રાત્રે ૯ કલાકે, રાજકોટ, સુરત ગુરુકુલ યુટ્યુબ ચેનલ

ચોપડા પૂજન - હનુમાનજી પૂજન : તા. ૨૦/૧૦/૨૫ સોમવાર

નૂતનવર્ષ સ્નેહમિલન - અન્નકૂટ : તા. ૨૨/૧૦/૨૫ બુધવાર, ગુરુકુલ શાખાઓમાં પ્રાતઃ સત્સંગ સભા તથા સ્નેહમિલન

શ્રીહરિજયંતી અભિષેક : તા. ૩૧/૧૦/૨૫ શુક્રવાર રાજકોટ તથા સુરત ગુરુકુલમાં પદયાત્રા સાથે સ્વહસ્તે દૂધથી અભિષેક

વડતાલ શિક્ષાપત્રી દ્વિશતાબ્દી : તા. ૩૦/૧૦ થી ૫/૧૧/૨૫, કાર્તિકી સમૈયા સાથે શિક્ષાપત્રી, આચાર્ય સ્થાપના દ્વિશતાબ્દી

પૂજ્યપાદ ભંડારી હરિપ્રસાદ સ્વામીની ૧૮મી પુણ્યતિથિ : તા. ૧૧/૧૧/૨૦૨૫, વિશેષ ગુણાનુવાદ સભા, સ્મૃતિમાં ધૂન

૪૬મી પારિવારિક ઓનલાઈન સત્સંગસભા : તા. ૧૫/૧૧/૨૫ એકાદશી, રાત્રે ૯ કલાકે, રાજકોટ, સુરત ગુરુકુલ યુટ્યુબ ચેનલ

૨૦૬ વચનામૃત જયંતી : તા. ૨૪/૧૧/૨૫ માગશર સુદ-૪, વિશેષ સત્સંગ સભા, ગ્રંથ અનુષ્ઠાન, પૂજન તથા આરતી

શ્રીહરિ જયંતી અભિષેક : તા. ૨૯/૧૧/૨૫ શનિવાર રાજકોટ તથા સુરત ગુરુકુલમાં પદયાત્રા સાથે સ્વહસ્તે દૂધથી અભિષેક

વ્રત-ઉત્સવો : સં.૨૦૮૧/૮૨ આસો/કારતક : ઓક્ટો./નવે.૨૫

તા.	વાર	તિથિ	વિગત
૧૭	શુક્ર	૧૧	રમા એકાદશી ઉપવાસ, વાઘબારસ
૧૮	શનિ	૧૨	ધનતેરશ, ધન્વંતરી પૂજન
૧૯	રવિ	૧૩	કાળી ચૌદશ
૨૦	સોમ	૧૪	લક્ષ્મી પૂજન, હનુમાનજીનું પૂજન
૨૧	મંગળ	૩૦	દિવાળી, અમાસ
૨૨	બુધ	૦૧	નૂતન વર્ષ, સંવત્ ૨૦૮૨ પ્રારંભ
૨૩	ગુરુ	૦૨	ભાઈબીજ
૨૬	રવિ	૦૫	લાભપાંચમ
૩૧	શુક્ર	૦૯	હરિજયંતી, સરદાર પટેલ જયંતી
૦૨	રવિ	૧૧/૧૨	પ્રબોધિની એકાદશી ઉપવાસ
૦૫	બુધ	૧૫	પૂનમ, દેવદિવાળી, ગુરુનાનક જયંતી
૧૫	શનિ	૧૧	ઉત્પત્તિ એકાદશી, ઉપવાસ
૨૦	ગુરુ	૩૦	અમાવાસ્યા
૨૯	શનિ	૦૯	શ્રીહરિજયંતી, ઉપવાસ
૦૧	મંગળ	૧૧	મોક્ષદા એકાદશી, ડીસે. માસ પ્રારંભ
૦૪	ગુરુ	૧૫	મુકુટોત્સવ પૂનમ

સંપૂર્ણ મફત*

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન

સ્વાસ્થ્યનો વિશ્વસનીય સહારો

24/7 ઇમરજન્સી

ધર્મજીવન હોસ્પિટલ

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः

સમગ્ર અમરેલી જિલ્લામાં, અત્યાધુનિક અને અદ્યતન

સરકારશ્રીની PMJAY - આયુષ્માન યોજના અંતર્ગત

મેડિસિન એન્ડ ક્રિટીકલ કેર વિભાગ

ડેન્ગ્યુ, ઝેરી મેલેરિયા, ન્યુમોનિયા, કમળો, શ્વાસ-કફ, ઝેરી ઝાડા, ઉલટી, પક્ષઘાત (લકવો) તથા ઝેરી દવા પીધેલ, એક્સીડન્ટ, મગજની ઈજા, આંચકી, હૃદય-કીડનીની ગંભીર બીમારી, મેનિન્જાઈટિસ (મગજનો તાવ) તથા અન્ય ગંભીર બીમારી

સર્જરી વિભાગ - લેપ્રોસ્કોપી (દૂરબીન) દ્વારા એપેન્ડિક્સ, સારણગાંઠ, પિતાશય, હરસ-મસા, ફિશર વગેરેના ઓપરેશનો

ઓર્થોપેડિક વિભાગ - ફ્રેક્ચર, સાંધો-ગોળો-થાપો બદલવો, હાડકામાં પ્લેટ-સ્ક્રુ નાખવા, એક્સીડન્ટને કારણે હાડકાને ઈજા તથા અન્ય હાડકાના ઓપરેશનો

નવજાત શિશુ માટે NICU અને બાળકો માટે PICU વિભાગ - તાજા જન્મેલ, અપૂરતા મહિને જન્મેલ, ઓછા વજનવાળા બાળકો માટે પેટી NICU, તાવ કમળો તથા અન્ય રોગો

સ્ત્રીરોગ અને પ્રસૂતિ વિભાગ - નોર્મલ ડિલિવરી, સિઝેરિયન તથા આયુષ્યમાન કાર્ડ અંતર્ગત ગાયનેક ઓપરેશનો

મેડિક્લેમ:- કેશલેસ & રિએમ્બર્સ, વાહન અકસ્માત સહાય યોજના

* સરકાર શ્રી ના નિયમો અનુસાર | *શરતો લાગુ

875 875 4112/3310 શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી, ગુજરાત - 365601

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની જન્મભૂમિ **તરવડા ગુરુકુલના આંગણે ઉજવાશે**

- ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની 125મી જન્મજયંતિ
- ગુરુદેવની જન્મભૂમિ તરવડા ગુરુકુલના 25 વર્ષ
- શ્રીહરિ લિખિત શિક્ષાપત્રીના 200 વર્ષ

આ ત્રિવેણી સંગમરૂપ મહોત્સવમાં પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

QR સ્કેન કરી, ઉતારા માટે રજીસ્ટ્રેશન કરો.

રજત જયંતી મહોત્સવ 25

24 થી 28 ડિસેમ્બર 2025

નોંધ : મહોત્સવ સંપર્ક મો. ૯૮૭૯૨ ૦૬૫૯૯
ઉતારા સંપર્ક મો. ૯૦૯૯૦ ૫૦૨૫૧

:: ધાર્મિક અને સામાજિક આયોજન ::

- સત્સંગ કથા–વાર્તા
- ૧૦૮ સંતોના દિવ્ય દર્શન
- માસિક અખંડ ધૂન
- અભિષેક દર્શન
- અન્નકૂટ દર્શન
- રક્તદાન કેમ્પ
- ૫૧ કુંડી યજ્ઞ
- ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન
- ભક્તચિંતામણી અનુષ્ઠાન
- નૂતન મંદિર પુનઃ પ્રતિષ્ઠા
- ગૌ–પૂજન
- સર્વરોગ નિદાન કેમ્પ
- સંતો ભક્તો દ્વારા ૫ હજાર ભક્તચિંતામણિના પાઠ



૧

૨

૩

૪

૫

૧-૨. ડલાસ(અમેરિકા) : સાતમા પાટોત્સવ પ્રસંગે યોજાએલ સાતમા બ્રહ્મસત્ર પ્રસંગે નિવેદિત થયેલ અન્નકૂટ વેળાએ શ્રીઘનશ્યામ મહારાજ તથા દેવોના સાનિધ્યમાં અત્રે વિચરણમાં પધારેલ પૂજ્ય મહંતસ્વામી તથા સંતો અને સ્થાનિક સંતો, શ્રીઘનશ્યામ મહારાજની અંગન્યાસ વિધિ કરતા પૂજ્ય મહંત સ્વામી **૩-૪-૫. છપૈયા(અયોધ્યા) :** ભગવાન શ્રીસ્વામિનારાયણની જન્મભૂમિ તીર્થધામ છપૈયામાં યોજાએલ શ્રીઘનશ્યામ બાળલીલા ચરિત્રકથા પ્રસંગે જન્મસ્થાન મંદિરે બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજની આરતી ઉતારતા પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા મહાપ્રસાદીભૂત શ્રી નારાયણ સરોવર તટે ઠાકોરજીનો અભિષેક કરતા પૂજ્ય સ્વામીજી અને સંતો તેમજ કથાના યજમાન ભૂ. વિ. પ.ભ. શ્રી ભીખાભાઈ સુતરિયા પરિવારનું બહુમાન કરતા પૂજ્ય ગુરુમહારાજ, મંદિરના વયોવૃદ્ધ સંત પૂજ્ય જગતપ્રકાશદાસજી સ્વામી તથા છપૈયા મંદિરના મહંત પૂજ્ય શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી, પૂજ્ય નારાયણપ્રસાદદાસજી સ્વામી તથા પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી અને વક્તા શાસ્ત્રી શ્રી મંગલસ્વરૂપદાસજી સ્વામી આદિ

RNI No. 11170/57 GUJGUJ/05053 Permitted to Post at Rajkot RMS on 2nd date of every month under RNP No. Rajkot-096/2024-26 Licensed to post without pre-payment NO. G-PMG-RJT/009/2025 Valid up to 31-12-2025

૧

૨

૩

૪

૫

૬

૧-૨-૩. રાજકોટ - બાલાજી હનુમાન મંદિર : સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને સદ્. શ્રી બાલમુકુંદદાસજી સ્વામીએ આરતી ઉતારેલ શ્રી બાલાજી મંદિરની જગ્યામાં ઘણા વર્ષો બાદ કોઠારી શ્રી વિવેકસ્વરૂપદાસજી સ્વામી તથા શા. શ્રી રાધારમણદાસજી સ્વામી દ્વારા નવનિર્મિત નૂતન મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે આશીર્વચન પાઠવતા પૂજ્ય ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી, લાલ વાઘામાં બિરાજીત બાલાજી હનુમાનદાદા તથા નવનિર્મિત ભવ્ય મંદિર **૪. હૈદરાબાદ :** ગુરુકુલની મુલાકાતે પધારેલા પૂર્વ રાષ્ટ્રપતિને શિલ્ડ આપી સન્માનિત કરતા શાસ્ત્રી કૃષ્ણચરણદાસ સ્વામી તથા શાસ્ત્રી શુકવલ્લભદાસ સ્વામી **૫-૬. અયોધ્યા :** શ્રીરામજન્મભૂમિ નૂતન મંદિરે શ્રીરામલલ્લાના દર્શને પધારેલા પૂજ્ય સ્વામીજીને ખેસ ઓઢાડી સન્માનિત કરતા મંદિરના પૂજારીશ્રી

નોંધ : નવા જૂના ગ્રાહકોને જણાવવાનું જે ગ્રાહક નં. સાથે આવતી * * * નિશાની આપનું લવાજમ પૂરું થયાનું સૂચવે છે.

સદ્‌વિદ્યા
SADVIDYA(MONTHLY)
Editor, Publisher, Printer :
Sadhu Rasikvallabhdas Swami
Owner : **Shree Swaminarayan Gurukul**
Place of Publication : **Swaminarayan Gurukul, Dhebar Road, Rajkot-360002, Gujarat**

Please provide your valuable feedback

Printed At : U-Line Multi Print, Plot No. 14, Maruti Ind. Area, Charbhuja Marble Street, B/H Ashok Generator, Gondal Road, Rajkot-360004 Gujarat

નોંધ : નિયમિત ગ્રાહકોએ પોસ્ટઓફિસે તપાસ કરીને પછી જ ફોન કરવો. **વોટ્સએપ સંપર્ક** મો. નં. ૯૯૨૫૫ ૦૦૨૫૩, ૯૯૭૯૮ ૫૯૮૭૧